ગુણવિનયકૃત

# નલદવદંતી પ્રબંધ

સંપાદક

ડૉ. રમણલાલ ચી. શાહ

: મુખ્ય વિક્રેતા :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

કુવારા સામે, ગાંધીમાર્ગ,

અમદાવાદ-૧

ગુણવિનયકૃત

# નલદવદંતી પ્રબંધ

સંપાદક

ડૉ. રમણલાલ ચી. શાહ

અધ્યક્ષ

ગુજરાતી વિભાગ,

મુંબઈ યુનિવર્સિટી,

મુંબઈ

: મુખ્ય વિક્રેતા :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ફુવારા સામે, ગાંધીમાર્ગ,

અમદાવાદ-૧

NALA-DAVADANTĪ PRABANDH — BY GUṆAVINAY
Edited with notes and introduction by Dr. Ramanlal C. Shah
Price Rs. 15=00

પ્રકાશક :
ડૉ. રમણલાલ ચી. શાહ
૨૧, દેવપ્રકાશ, ૪ થે માળે,
૩૫, ચોપાટી સી ફેઈસ,
મુંબઈ–૪૦૦ ૦૦૭

© અમિતાભ રમણલાલ શાહ

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૧૯૮૦

કિંમત : રૂા. ૧૫–૦૦

મુદ્રક :
સ્વાતિ પ્રિન્ટિંગ પ્રેસ
રાજાજીની પોળ, શાહપુર ચકલા,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

જૈન સાહિત્યના સંશોધન, સંપાદન અને
અધ્યયનના ક્ષેત્રે જેમનું બહુમૂલ્ય યોગદાન
સતત રહ્યું છે તે પ્રકાંડ જૈન વિદ્વાન

**પૂજ્ય શ્રી અગરચંદજી નાહટાને**

સાદર અર્પણ

# ડૉ. રમણલાલ ચી. શાહનાં પુસ્તકો

**એકાંકીસંગ્રહ**

શ્યામ રંગ સમીપે

**જીવનચરિત્ર**

ગુલામોનો મુક્તિદાતા * હેમચન્દ્રાચાર્ય

**પ્રવાસ-શોધસફર**

એવરેસ્ટનું આરોહણ * ઉત્તર ધ્રુવની શોધસફર (હવે પછી)

**સાહિત્ય-વિવેચન**

ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન (અન્ય સાથે) * ૧૯૬૨નું ગ્રંથસ્થ વાઙ્મય * નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય * પડિલેહા * આપણાં ફાગુકાવ્યો * સમયસુંદર * નળદમયંતીની કથાનો વિકાસ

**સંશોધન-સંપાદન**

નલદવદંતી રાસ (સમયસુંદરકૃત) * જંબૂસ્વામી રાસ (યશોવિજયકૃત) કુવલયમાળા (ઉદ્દ્યોતનસૂરિકૃત) * મૃગાવતી ચરિત્ર ચોપાઈ (સમયસુંદરકૃત) * નલદવદંતી પ્રબંધ (ગુણવિનયકૃત)

**સંક્ષેપ**

સરસ્વતીચન્દ્ર – ભાગ ૧ (પાઠ્યસંક્ષેપ)

**ધર્મ-તત્ત્વજ્ઞાન**

જૈન ધર્મ (છઠ્ઠી આવૃત્તિ) * જૈન ધર્મ (હિંદી આવૃત્તિ) * જૈન ધર્મ (મરાઠી આવૃત્તિ) * બૌદ્ધ ધર્મ * Sharaman Bhagavan Mahavir and Jainism * Buddhism – An Introduction * નિહ્નવવાદ

**સંપાદનો** (અન્ય સાથે)

મનીષા * શ્રેષ્ઠ નિબંધિકાઓ * શબ્દલોક * ચિંતનયાત્રા * નીરાજના * અક્ષરા * અવગાહન * જીવનદર્પણ વગેરે

**પ્રકીર્ણ**

એન. સી. સી.

# નિવેદન

નલદવદંતીની કથા વિશે મધ્યકાલમાં સંખ્યાબંધ રાસકૃતિઓ લખાઈ છે. એ વિષય ઉપર કેટલાંક વર્ષ પહેલાં સંશોધનકાર્યનો મેં આરંભ કર્યો ત્યારે ઉપાધ્યાય કવિ શ્રી ગુણવિનયની નલદવદંતીની કથા વિશેની રાસકૃતિની કશી માહિતી મળતી નહોતી. પરંતુ ત્યાર પછી બીકાનેરનિવાસી શ્રી અગરચંદજી નાહટા સાથે પત્રવ્યવહાર કરતાં આ રાસકૃતિની ભાળ મળી. એની હસ્તપ્રત પણ એમના અભય જૈન-ગ્રંથાલયમાંથી મળી. પરંતુ એ હસ્તપ્રતમાં આરંભનાં બે પાનાં નથી. દરમિયાન તપાસ કરતાં જાણવા મળ્યું કે એની બીજી એક હસ્તપ્રત લંડનમાં ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરીમાં છે. ત્યાંથી એની ફોટોકોપી મેળવીને રાસકૃતિનું સંપાદન મેં તૈયાર કર્યું. પરંતુ એ પ્રગટ કરવાનો અવસર તરત પ્રાપ્ત થયો નહિ. આજે એ પ્રગટ થાય છે તેથી હર્ષ અનુભવું છું.

આ સંપાદનમાં મેં ઉપર નિર્દેશેલી બંને હસ્તપ્રતોનો ઉપયોગ કર્યો છે. બંને હસ્તપ્રતોમાં લખ્યાસાલ આપી નથી, પરંતુ તે અઢારમા શતકની છે. બંને હસ્તપ્રતો લગભગ સરખી જ છે. કોઈક સ્થળે પાઠાંતરો છે, પરંતુ તેવાં પાઠાંતરોમાં એનો એ જ શબ્દ સહેજ ફેર સાથે લખાયો હોય એવું વિશેષ છે. ભિન્ન શબ્દ હોય અને અર્થની દૃષ્ટિએ ફેર પડતો હોય તેવાં પાઠાંતરો ખાસ કોઈ નથી; જે છે તે ટિપ્પણમાં નોંધેલાં છે.

આ સંપાદનમાં શુદ્ધિ અને સગવડ ખાતર હસ્તપ્રતોના પાઠમાં નીચેના કેટલાક નજીવા ફેરફારો કર્યા છે :

(૧) હસ્તપ્રતોમાં ઢાલનો સંખ્યાંક આપવામાં આવ્યો નથી તે આ સંપાદનમાં પ્રત્યેક ઢાલને મથાળે આપવામાં આવ્યો છે.

(૨) હસ્તપ્રતોમાં કેટલેક સ્થળે 'ઢાલ' શબ્દ છે અને કેટલેક સ્થળે 'ઢાલો' શબ્દ છે. સંપાદનમાં બધે 'ઢાલ' શબ્દ રાખ્યો છે.

(૩) હસ્તપ્રતોમાં ૧૦૦ મી, ૨૦૦ મી અને ૩૦૦ મી કડી પછી કડીનો સંખ્યાંક ફરીથી એકથી આપવામાં આવ્યો છે. સંપાદનમાં કડીઓનો સંખ્યાંક સળંગ આપવામાં આવ્યો છે.

(૪) હસ્તપ્રતોમાં કડીનો સંખ્યાંક જ્યાં સરતચૂકથી ખોટો અપાયો છે તે સંપાદનમાં સુધારી લેવામાં આવ્યો છે.

(૫) કોઈ શબ્દ બેવડાવવાનો હોય તો તે માટે હસ્તપ્રતોમાં તે શબ્દ પછી '૨' નો સંખ્યાંક મૂકીને તે સૂચવ્યો છે. સંપાદનમાં તે દરેક શબ્દ બે વાર આપ્યો છે.

(૬) હસ્તપ્રતોમાં જ્યાં સરતચૂકથી 'રે', 'એ' વગેરે પાદપૂરકો કે ઢાલની આંકણીના શબ્દો રહી ગયા હોય ત્યાં તે સંપાદનમાં ઉમેરી લેવામાં આવ્યા છે.

આ સંપાદન માટે હસ્તપ્રતો સુલભ કરી આપવા માટે શ્રી અગરચંદજી નાહટાનો તથા લંડનની ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરીનો હું આભારી છું.

આ પુસ્તકનું કાળજીપૂર્વક મુદ્રણકાર્ય કરી આપવા માટે સ્વાતિ પ્રિન્ટિંગ પ્રેસના ડૉ. શિવલાલ જેસલપુરાનો તથા વેચાણની જવાબદારી સ્વીકારવા માટે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શ્રી ઠાકોરભાઈ તથા શ્રી મનુભાઈનો હું આભારી છું.

મુંબઈ : તા. ૧૮–૨–૧૯૮૦ **રમણલાલ ચી. શાહ**

# ઉપાધ્યાય કવિશ્રી ગુણવિનય

કેટલાક સમય પહેલાં લંડનમાં હતો ત્યારે ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરીમાં કેટલીક પ્રાચીન ભારતીય હસ્તપ્રતો જોઈ આનંદ થયો. એ હસ્તપ્રતોમાં એક હસ્તપ્રત જોઈ જૂની ગુજરાતી ભાષાની. સત્તરમા શતકના કવિ ઉપાધ્યાય ગુણવિનયે સંવત ૧૬૬૫ માં રચેલ 'નલદવદંતી-પ્રબંધ'ની એ હસ્તપ્રત હતી. મધ્યકાલીન જૈન સાધુ-કવિની રચેલ કૃતિની હસ્તપ્રત છેક લંડન સુધી પહોંચેલી જોઈ સાનંદાશ્ચર્ય અનુભવ્યું.

ગુણવિનયનું સ્મરણ થતાં જ એક પ્રાચીન ચિત્રકૃતિનું સ્મરણ થયું. મોગલ સમ્રાટ અકબરને મહાન જૈનાચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ મળે છે એ પ્રસંગનું એ ચિત્ર છે. શ્રી જિનચંદ્રસૂરિ સાથે બીજા બે જૈન સાધુઓ છે. તેમાં એક છે સમયસુંદર અને બીજા છે ગુણવિનય. ખરેખર તેજસ્વી ન હોય તો તેવા સાધુને મળવાની ઇચ્છા સમ્રાટ અકબર દર્શાવે નહિ. અને ખરેખર તેજસ્વી ન હોય તેવા પોતાના શિષ્યને જિનચંદ્રસૂરિ સમ્રાટ અકબરના દરબારમાં લઈ જાય નહિ. ધર્મ, તત્ત્વજ્ઞાન, કવિતા અને પાંડિત્યપૂર્ણ રચનાઓમાં સમ્રાટ અકબરને ખૂબ રસ હતો, અને જિનચંદ્રસૂરિ અને એમના શિષ્યો, સમયસુંદર તથા ગુણવિનય, તે વિષયમાં પ્રવીણ હતા.

ઉપાધ્યાય ગુણવિનય ૧૭મા સૈકાના એક સમર્થ કવિ તથા ટીકાકાર છે. પોતાના સમકાલીન વિદ્વાન કવિવર સમયસુંદરની જેમ તેમણે પણ સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતીમાં વિવિધ અને વિપુલ સાહિત્યકૃતિઓની રચના કરી છે.

ઉપાધ્યાય ગુણવિનયના જીવન વિશે વિશેષ માહિતી મળતી નથી. તેઓનો જન્મ ક્યાં થયો, તેમનાં માતાપિતાનાં નામ શું હતાં, તેમણે ક્યારે દીક્ષા લીધી વગેરે એમના ગૃહસ્થ જીવનની વિગતો મળતી નથી. પરંતુ અન્ય સંદર્ભો પરથી જણાય છે કે તેઓ રાજસ્થાનના વતની હશે. સંવત ૧૬૪૧ માં 'ખંડપ્રશસ્તિ' નામના એક કઠિન કાવ્ય ઉપર તેમણે ટીકા લખેલી છે. ટીકા અને અન્ય પ્રકારની એમણે લખેલી કૃતિઓમાં ઘણીખરીમાં તેની રચનાસાલ આપેલી છે. એ રચનાસાલ પરથી જણાય છે કે તેમની સૌથી પહેલી કૃતિ તો 'ખંડપ્રશસ્તિ' પરની ટીકા છે. આ ટીકા લખવા માટેની યોગ્યતા વહેલામાં વહેલી પચીસેક વર્ષની ગણીએ તો સંવત ૧૬૧૫ની આસપાસ એમનો જન્મ થયો હોવો જોઈએ એમ માની શકાય.

ગુણવિનયના ગુરુનું નામ ઉપાધ્યાય જયસોમ છે. ગુરુપરંપરાનાં જે વંશવૃક્ષો મળે છે તેમાં ગુણવિનય અને એમના ગુરુ જયસોમનો ઉલ્લેખ દાદા શ્રી જિનકુશલ-

સૂરિની પરંપરામાં જોવા મળે છે. ઉપાધ્યાય જયસોમ પણ રાજસ્થાનના હતા અને પ્રસિદ્ધ વિદ્વાન હતા. એટલે સંભવ છે કે ઉપાધ્યાય ગુણવિનયે દીક્ષા પછી વિદ્યાભ્યાસ પોતાના ગુરુ જયસોમ પાસે કર્યો હશે. શ્રી જિનસિંહસૂરિ (મહિમરાજ)ની દીક્ષા સંવત ૧૬૨૩ માં થઈ હતી, અને અન્ય સંદર્ભો જોતાં ગુણવિનયની દીક્ષા જિનસિંહસૂરિની દીક્ષાની પૂર્વે થયેલી હોવી જોઈએ. જો તે પ્રમાણે હોય તો સંવત ૧૬૨૧ કે ૧૬૨૨ની આસપાસ ગુણવિનયને દીક્ષા આપવામાં આવી હોય એમ માની શકાય. એટલે ગુણવિનયે આઠ–નવ વર્ષની બાલવયે દીક્ષા લીધી હોવી જોઈએ એવું અનુમાન થાય છે. જો એ પ્રમાણે હોય તો જ આટલી નાની વયમાં વિદ્યાભ્યાસ કરીને યૌવનવયે તેઓ 'ખંડપ્રશસ્તિ' જેવા કઠિન કાવ્ય ઉપર ટીકા લખી શકયા હોય.

ઉપાધ્યાય જયસોમે 'કર્મચંદ્રવશ પ્રબંધ' નામની એક કૃતિની રચના કરી છે. એમની એ કૃતિ ઉપર ગુણવિનયે 'કર્મચંદ્રવંશ પ્રબંધ વૃત્તિ' નામની ટીકા લખી છે. આ ઉપરાંત ગુણવિનયે 'કર્મચંદ્રવંશાવલિ રાસ' નામની એક રાસકૃતિ પણ લખી છે. આ ત્રણ ગ્રંથોના સંદર્ભને આધારે, એમાં નિર્દેશ થયો છે તે પ્રમાણે, સંવત ૧૬૪૮માં યુગપ્રધાન જિનચંદ્રસૂરિજી સમ્રાટ અકબરના નિમંત્રણથી લાહોર પધાર્યા હતા. એ સમયે એમની સાથે એમનો શિષ્ય–પ્રશિષ્યનો જે સમુદાય હતો, તેમાં કવિવર સમયસુંદર હતા, વાચક મહિમરાજ હતા, ઉપાધ્યાય જયસોમ હતા અને જયસોમના શિષ્ય ગુણવિનય પણ હતા. આવા પ્રકાંડ પંડિત સાધુઓ સાથે જિનચંદ્રસૂરિ લાહોર પધાર્યા હતા. સમ્રાટ અકબરને મળવાનો પ્રસંગ મોટા મહોત્સવપૂર્વક યોજાયો હોવો જોઈએ. ચાતુર્માસ પછી સંવત ૧૬૪૯ના ફાગણ સુદ બીજને દિવસે પદવીપ્રદાનનો પણ મોટો ઉત્સવ યોજાયો હતો. એ પ્રસંગે આચાર્ય જિનચંદ્રસૂરિજીએ પોતાના શિષ્યો–પ્રશિષ્યોમાંથી વાચક મહિમરાજને આચાર્યની પદવી આપી અને તેમને 'આચાર્ય જિનસિંહસૂરિ' એવું નવું નામ આપ્યું. વાચક જયસોમને 'ઉપાધ્યાય'ની પદવી આપી. કવિવર મુનિ સમયસુંદરને તથા મુનિ ગુણવિનયને 'વાચનાચાર્ય'ની પદવી આપી. આમ સંવત ૧૬૪૯માં મુનિ ગુણવિનય 'વાચક ગુણવિનય' બને છે.

સંવત ૧૬૨૨ માં રચેલા 'અંજનાસુંદરી પ્રબંધ'માં કવિ ગુણવિનય લખે છે:

* 'વાચક પદ સુંદર સુખકારી, તાસુ શિષ્ય વિજયી શ્રુતધારી,
શ્રી જયસોમ સુગુરુ ઉવઝાય, વચનરસઇ રંજિય નરરાય.

---

* 'જૈન ગુર્જર કવિઓ' – ભાગ ૧, પૃ. ૩૨૯

અકબ્બર શાહિ સભામઇ જાસુ, દસદિસિ હૂઅઉ વિજયવિકાસુ,
તાસુ શિષ્ય અછઇ વિનીત, ગુણવિનય નિ જયતિલક સુવિદિત.
તિહા વાચક ગુણવિનયઇ દીઠઓ, પૂર્વ પ્રબંધ જિસ્યઉ મધુમીઠો,
સોલહસઇ બાસઠ્ઠા વરસઇ, ચૈત્ર સુદઇ તેરિસનઇ દિવસઇ.'

વાચક ગુણવિનયે વિવિધ ગ્રંથોની રચના કરી હતી. એમની વિદ્વદ્પ્રતિભા પણ ઘણી તેજસ્વી હતી. સમ્રાટ અકબર સાથે તેમનો સંપર્ક થયો ત્યારે સંભવ છે કે કુમાર જહાંગીર ત્યાં હાજર હોય. જહાંગીર જ્યારે રાજગાદી પર આવે છે અને સમ્રાટ બને છે ત્યારે પિતાને પગલે પગલે તે પણ જૈન સાધુઓના સતત સંપર્કમાં રહે છે. જહાંગીરને પણ જૈન ધર્મના સિદ્ધાંતોની સાથે સાથે નવી નવી પાંડિત્યપૂર્ણ રચનાઓ તથા નવાં નવાં કાવ્યો સાંભળવાનો શોખ હતો. કવિઓની કે પંડિતોની એવી રચનાઓથી પ્રસન્ન થઈ તે રાજસભામાં તેમનું બહુમાન કરતો અને પોતાના તરફથી તેઓને જુદાં જુદાં પદ અર્પણ કરતો. ગુણવિનયના એક વિદ્વાન શિષ્ય મતિકીર્તિએ 'નિયુક્તિ સ્થાપન' નામનો ગ્રંથ પ્રશ્નોત્તરરૂપે લખ્યો છે. એ ગ્રંથની પ્રશસ્તિમાં એમણે પોતાના ગુરુ ઉપાધ્યાય ગુણવિનયનો ઉલ્લેખ કરતાં જે શ્લોક લખ્યો છે તે પરથી એમ સ્પષ્ટ જણાય છે કે સમ્રાટ જહાંગીરે ઉપાધ્યાય ગુણવિનયની નવી નવી કાવ્યરચનાઓ સાંભળીને એમને 'કવિરાજ'નું પદ અર્પણ કર્યું હતું. એ શ્લોક આ પ્રમાણે છે:

चम्पू रघु मुख्यानां, ग्रन्थानां विवरणातया जहांगीरात् ।
नव नव कवित्वकथने स्यादाप्तं कविराजपदं ॥

ઉપાધ્યાય ગુણવિનયના સાધુજીવન વિશે વધારે વિગતો આપણને મળતી નથી. પરંતુ એમણે પોતાની કૃતિઓમાં રચનાસાલનો નિર્દેશ કરવા ઉપરાંત રચનાસ્થળનો પણ જે નિર્દેશ કર્યો છે તે પરથી ગુજરાત, રાજસ્થાન, પંજાબ અને ઉત્તર-પ્રદેશમાં તેમણે ક્યાં ક્યાં વિહાર કર્યો હશે તેનો કેટલોક ખ્યાલ મળી રહે છે. આગ્રા, રાજનગર, બાહડમેર, વિશાલા, નવાનગર, મહિમપુર, સધરનગર, બીકાનેર, જેસલમેર, ફલોદી, પાલી, લોદ્રવા, અમરસર, સાંગાનેર, ખંભાત, લાહોર, શત્રુંજય વગેરે સ્થળે એમણે વિહાર કર્યો હતો. જૈન સાધુઓ ચાતુર્માસમાં ચાર માસની એક સ્થળે સ્થિરતા કર્યા પછી સતત વિહાર કરતા રહેતા હોય છે. ગુણવિનય રાજસ્થાનના હતા. તેમના ગુરુ અને તેમની ગુરુપરંપરા રાજસ્થાની હતી. એટલે સ્વાભાવિક છે કે તેમનાં ઘણાંખરાં સ્થળો રાજસ્થાનનાં જોધપુર, બીકાનેરની આસપાસનાં હોય.

ગુણવિનયે શત્રુંજય મહાતીર્થ વિશે જે સ્તવનોની રચના કરી છે અને એમાં પોતાની યાત્રાનું જે વર્ણન કર્યું છે તે પરથી સ્પષ્ટ જણાય છે કે સંવત ૧૬૪૪ માં બીકાનેરના સંઘપતિ શ્રી સોમજીએ શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ કાઢયો હતો. એમાં જે સાધુઓ જોડાયા હતા તેમાં ગુણવિનય પણ હતા. ગુણવિનયે સંવત ૧૬૬૩ ના ફાગણ સુદ ત્રીજને દિવસે શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. એમના સ્તવન પરથી એ જણાય છે. આ ઉપરાંત સંવત ૧૬૭૫ના વૈશાખ માસમાં જિનરાજસૂરિની નિશ્રામાં સંઘપતિ રૂપજી તરફથી શત્રુંજયમાં જે મોટો પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવાયો હતો તેમાં ગુણવિનય પણ ઉપસ્થિત હતા.

ગુણવિનય ઉપાધ્યાયે શત્રુંજય તીર્થની યાત્રા કરી એ પ્રસંગને અનુલક્ષીને એમણે 'શત્રુંજયચૈત્ય પરિપાટી' નામના બત્રીસ કડીના સ્તવનની રચના સં. ૧૬૪૪ માં કરી છે, જેમાં એમણે વીકનપરા(બીકાનેર)થી નીકળેલા સંઘે રસ્તામાં ક્યાં ક્યાં મુકામ કર્યો, જિનમંદિરોનાં દર્શન કર્યાં, સાધુઓને વંદન કર્યાં, ઇત્યાદિનો ઉલ્લેખ કર્યો છે, જેની વિગતો ઐતિહાસિક દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે. કવિ લખે છે :

* 'સકલ સારદ તણા પાય પ્રણમી કરી,
ભણિસું જિણ ચૈત્ર પરિવાડિ ગુણ સંભરી.
વીકન પરા થકી વિમલગિરિ ભેટવા.
સંઘ ઉછવ ધરઇ જેમ દુઃખ મેટવા,'
સંવત સોલચમાલ એ સુહક એ,
માહ ધુરિ શુભ દિવસિ હરિવસિ ચલ્લએ.
ઇમ યાત્રા શ્રી સેત્રુંજ કેરી, જિમ જસ વિસ્તરઇ.
શ્રી અર્બુદાચલ જેમ ભેટચા, પંચ ચેઈ જિણ પરઇ.
તે ભણ્યા શ્રી જયસોમ સીસે સંભલ્યા જિમ જન મુખઇ.
તિમ ગુણવિનય ગણિ કહઇ, ભણતાં સંપજૈ સંપદ સુખઇ.'

આ કૃતિની એક ઉત્તરકાલીન પ્રતમાં કૃતિને અંતે નીચેની વિગતો ઉતારવામાં આવી છે :

"શુભ શકુન જોઈ સંઘ નિકળ્યો. સાથે શ્રેયાંસ આદિના દેરાસરો લીધાં. માહ વદિ ચોથે સારૂડે પ્રથમ જિનને વાંદ્યા. પછી વાવડી, પછી તિમરીપુર આવ્યા. મહા વદ ૯ મીએ જિનપૂજા કરી, લાસા, ગોવાલ, ગામથી સીરોહીમાં મહા સુદ ૭

* 'જૈન ગુર્જર કવિઓ', ભાગ ૩ (૧), પૃ. ૮૨૮

આવ્યા. માંકરડા, નીતોડા, નાનવાડા, કથવાડા, સંગવાડા, ખાખરવાડા, કાસતરા, અંબથલ, મોડથલ, ઉડવાય, સીરોતર વડગામ, સીધપુર, મેસાણા, પાનસર, કલવલા, સેરીસા, લોડણ પાર્શ્વનાથ ત્યાં જિનચંદ્રસૂરિને વંદના કરી.

અમદાવાદનો સંઘ ત્યાં આવ્યો. સંઘવી જોગી સોમજી હતા. ધંધુકા પછી પાલીતાણે શેત્રુંજય ચૈત્ર વદ ૫ ને દિને ચડયા. આઠમે સત્તરભેદી પૂજા, ખરતરવસીમાં પૂજા કરી પાછા વળતાં દ્રવ્ય ખર્ચતાં ખર્ચતાં અમદાવાદ આવ્યા. આસાઉપુર, ઉસમાપુર, દેવગૃહો વાંદ્યાં. ગોલ ગામથી આબૂની યાત્રા કરી. જેઠ શુદિ ૧૩ રોહ ગામે જિનદત્તસૂરિને નમ્યા. સ્વામી વત્સલ જેઠ સુદ ૧૫ દિને કર્યું."

આ વિગતો ઐતિહાસિક દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે. તે સમયે વિદ્યમાન હતાં તેવાં કેટલાંય ગામ આજે વિદ્યમાન નથી. કેટલાંકનાં નામ બદલાઈ ગયાં છે. બીકાનેર, સિરોહી, સિદ્ધપુર, મહેસાણા, પાનસર, સેરિસા, અમદાવાદ, ધંધુકા, પાલીતાણા, ઇત્યાદિ નગરો લગભગ ચારસો વર્ષ પૂર્વે વિદ્યમાન હતાં અને જૈન સાધુઓની અને યાત્રાસંઘોની મોટી અવરજવર ત્યાં રહેતી તે જોઈ શકાય છે.

ગુણવિનયે ટીકા અને રાસના પ્રકારની સંસ્કૃત અને રાજસ્થાની તથા ગુજરાતીમાં જે કૃતિની રચના કરી છે તે પરથી તેમણે કેવા કેવા વિષયોનું સંગીન અધ્યયન કર્યું હશે તેની પ્રતીતિ થાય છે. એમનાં 'હુંડિકા' નામના સંગ્રહાત્મક ગ્રંથમાં બાર હજાર શ્લોક છે, અને ૧૫૦ થી વધુ ગ્રંથોનો તેમાં નિર્દેશ છે. એ પરથી જણાય છે કે ગુણવિનયે જૈન શાસ્ત્રગ્રંથો ઉપરાંત અન્ય ગ્રંથોનું ઘણું ઊંડું અધ્યયન કર્યું હશે. વસ્તુતઃ ગુણવિનયના ગુરુ ઉપાધ્યાય જયસોમ પણ પ્રકાંડ પંડિત તરીકે વિખ્યાત હતા. ગુણવિનયે બાળવયે દીક્ષા લીધી હશે એથી એમને નાની ઉંમરમાં સમર્થ ગુરુ પાસે વિદ્યાભ્યાસ કરવાની સુંદર તક સાંપડી હશે.

ગુણવિનયના શિષ્યોમાં મતિકીર્તિ પણ ખૂબ વિદ્વાન હતા. અને એમણે ૧૦ થી વધુ ગ્રંથો લખ્યાનો નિર્દેશ મળે છે, તે પરથી એટલું તો જણાય છે કે ગુણવિનય જેવા ગુરુ પાસે વિદ્યાભ્યાસ કરવાની મતિકીર્તિને પણ સુંદર તક સાંપડી હશે. આમ, જયસોમ, ગુણવિનય, મતિકીર્તિ જેવી સમર્થ વિદ્વાન ગુરુપરંપરા એ સમુદાયમાં તે સમયે હતી.

ગુણવિનયે સાંગાનેરમાં સંવત ૧૬૭૩ માં રચેલી 'કલાવતી ચોપાઈ'માં પોતાની ગુરુપરંપરા આ પ્રમાણે વર્ણવી છે :

'શ્રી પદમપ્રભ જિણહર મંડિત, જેહની આન્યા અછઇ અખંડિત*
જિહાં બહુશ્રી જિનકુસલની સોભ, જિણિ કીધી ખરતર ગચ્છ થોભ.
શ્રી સાંગાનયરઇ જિંહા શ્રાવક, ખરતર ઉદયવંત સુપ્રભાવક,
ગુરુમુખિ જે શ્રુત સુણિવા તરસઇ, જલધર જિમે જે ધનજલ વરસઇ.
વિપુલ ફલોદય શ્રી ખેમ શાખ, જેહની ખરતર ગચ્છમઇ સાખ,
તિહાં શ્રી ખેમરાય ઉવઝાય, જમિ જસુ મગતઉ છઇ જસવાય.
તસુ પાટઇ વાચક પદધાર, બીજ તણિ પરિ બહુ પરિવાર,
શ્રી પરમોદમાણિક ગુરૂ તાસુ, નિરમલ જેહનઉ સુબુદ્ધિ વિલાસું
સાહિ સભા મહિ જિણ જસ લીધઉ, પ્રતિવાંદ્યાંનઇ ઉત્તર દીધઉ.
વાટઇ વિજયમાન થનુસોમ, ઉવઝાય શ્રીધર શ્રી જયસોમ
પાઠક ગુણવિનઇ તસુ સીસઇ, પ્રગટ કીયઉ જસુ કઉન સરીસઇ,
શ્રી કલાવતીય ચરિતે સુનિધાન, જેહનઉ અધિક અછઇ જગિ વાન.'

કવિએ પોતાની ગુરુપરંપરા 'ગુરુપદાવલી'(૩૧-ગાથાની કૃતિ)માં પણ જણાવી છે.× તે અનુસાર તેમની ગુરુશિષ્ય પરંપરા નીચે પ્રમાણે છે :

આચાર્ય શ્રી જિનકુશલસૂરિ → મહોપાધ્યાય શ્રી વિનયપ્રભ → ઉપાધ્યાય શ્રી વિજયતિલક → વાચક શ્રી ક્ષેમકીર્તિ → વાચક શ્રી ક્ષેમહંસ → વાચક શ્રી ક્ષેમધ્વજ → વાચક શ્રી ક્ષેમરાજ → વાચક શ્રી પ્રમોદમાણિકય → ઉપાધ્યાય શ્રી જયસોમ → ઉપાધ્યાય શ્રી ગુણવિનય → ઉપાધ્યાય શ્રી મતિકીર્તિ → ઉપાધ્યાય શ્રી સુમતિસુંદર → ઉપાધ્યાય શ્રી કનકકુમાર → શ્રી કમલ સૌભાગ્ય → ઉપાધ્યાય શ્રી ધર્મકલ્યાણ → ઉપાધ્યાય શ્રી કનકસુંદર → ઉપાધ્યાય શ્રી રત્નાવલી. → શ્રી ગુપ્તિધર્મ → શ્રી ક્ષમાધીર → શ્રી માયાકુશલ.

આ પ્રમાણે સં. ૧૫૯૧ સુધીની ગુરુશિષ્ય પરંપરાની વિગતો મળે છે.

ગુણવિનયનું આયુષ્ય કેટલું હતું અને તેઓ કાળધર્મ કયાં પામ્યા તે વિષે કોઈ નિશ્ચિત નિર્દેશ આપણને મળતો નથી. સંવત ૧૬૭૫માં શત્રુંજય તીર્થમાં પ્રતિષ્ઠા-મહોત્સવ પ્રસંગે તેઓ ઉપસ્થિત હતા અને સંવત ૧૬૭૬ માં એમણે 'જિનરાજસૂરિ અષ્ટક'ની રચના કરી છે. શત્રુંજય તીર્થમાં જિનરાજસૂરિના સંપર્કમાં આવ્યા પછી અને એમનાથી પ્રભાવિત થયા પછી આ અષ્ટકની રચના એમણે કરી હોવી જોઈએ. શત્રુંજયની યાત્રા પછી ગુણવિનય રાજસ્થાન તરફ પાછા

* 'જૈન ગુર્જર કવિઓ' – ભાગ ૩ (૧), પૃ. ૮૩૭
× 'જૈન ગુર્જર કવિઓ' – ભાગ ૩ (૧), પૃ. ૮૪૩

આવ્યા હોય એમ જણાય છે, કારણ કે એમણે સંવત ૧૬૭૬માં 'નિબાંજ પાર્શ્વ સ્તવન' અને 'તપા ૫૧ બોલ ચોપાઈ'ની રચના રાજસ્થાનમાં જ કરેલી છે. સંવત ૧૬૭૬ પછી ગુણવિનયની કોઈ રચના અત્યારે ઉપલબ્ધ નથી. આથી સંભવ છે કે તે પછીના થોડા સમયમાં ગુણવિનય રાજસ્થાનમાં જ ક્યાંક કાળધર્મ પામ્યા હોય. સંવત ૧૬૭૭માં તેઓ જો કાળધર્મ પામ્યા હોય તો પણ ઓછામાં ઓછું બાસઠ વર્ષનું આયુષ્ય એમનું અવશ્ય હોય. સંવત ૧૬૪૧ માં 'ખંડ-પ્રશસ્તિ'ની ટીકા લખતી વખતે એમની ઉંમર પચ્ચીસ કરતાં વધારે હોય અને સંવત ૧૬૭૬ ની રચના પછી તેઓએ ભલે કોઈ રચના ન કરી હોય પણ કેટલાંક વર્ષનું શેષ શાંત જીવન વિતાવ્યું હોય તો ગુણવિનયનું આયુષ્ય સિત્તેર વર્ષ કરતાં પણ વધુ હોવાનો સંભવ છે. નવી સામગ્રી ઉપલબ્ધ થતાં ભવિષ્યના સંશોધકો અને ઇતિહાસકારો આના ઉપર વધારે પ્રકાશ પાડી શકશે.

ગુણવિનયે સંસ્કૃતમાં અને જૂની ગુજરાતીમાં લગભગ પચાસેક દીર્ઘ કૃતિની રચના કરી છે. આ ઉપરાંત એમણે સ્તવન, સજ્ઝાય, પદ વગેરે ગીતોના પ્રકારની ભિન્ન ભિન્ન રાગરાગિણીમાં પુષ્કળ રચનાઓ કરી છે, જેમાંની ઘણી રચનાઓ તો અત્યારે પણ ઉપલબ્ધ છે. ગ્રંથભંડારોમાંથી હજુ બીજી રચનાઓ મળી આવે એવો સંભવ પણ છે.

ગુણવિનયે દીક્ષા પછીના આરંભના કાળમાં સંસ્કૃત ભાષામાં ટીકા અથવા વૃત્તિના પ્રકારની રચનાઓ મુખ્યત્વે કરી છે. સંવત ૧૬૪૧ થી સંવત ૧૬૫૬ સુધીમાં એ પ્રકારની રચનાઓ વિશેષ મળે છે. સંવત ૧૬૫૬ થી સં. ૧૬૭૬ સુધીના ગાળામાં રાજસ્થાની-ગુજરાતી ભાષામાં રાસ, ચોપાઈ, પ્રબંધ, સ્તવન, ઇત્યાદિ પ્રકારની રચનાઓ કરેલી વિશેષ જોવા મળે છે. ગુણવિનયની રચનાઓ નીચે મુજબ છે :

ખંડપ્રશસ્તિ વૃત્તિ (સં. ૧૬૪૧), નેમિદૂત કાવ્ય વૃત્તિ (સં. ૧૬૪૪), નલ-ચમ્પૂ વૃત્તિ (સં. ૧૬૪૬), રઘુવંશ વૃત્તિ (સં. ૧૬૪૬), વૈરાગ્યશતક વૃત્તિ (સં. ૧૬૪૭), સંબોધ સપ્તતિ વૃત્તિ (સં. ૧૬૫૧), કર્મચન્દ્ર વંશપ્રબંધ વૃત્તિ (સં. ૧૬૫૬), લઘુશાંતિ વૃત્તિ (સં. ૧૬૫૯), ઇન્દ્રિય પરાજય શતક વૃત્તિ (સં. ૧૬૬૪), લઘુ અજિત શાંતિ વૃત્તિ, ઋષિમંડલ અવચૂરિ વૃત્તિ, શીલોપદેશમાલા લઘુવૃત્તિ, બૃહદ-સંગ્રહણી બાલાવબોધ, આદિનાથ સ્તવન બાલાવબોધ, નમુત્થુણં બાલાવબોધ, જય તિહુઅણ સ્તોત્ર બાલાવબોધ, ભક્તામર ટબ્બા, કલ્પસૂત્ર બાલાવબોધ, સાધુ સમાચારી, ચરણ સત્તરી–કરણ સત્તરી ભેદ, સવ્વત્થ શબ્દાર્થ સમુચ્ચય, ભાવપદ વિવેચન, મિતભાષિનિ વૃત્તિ, તપગચ્છ–ચર્ચા, ગીતસાર ટીકા, હુણ્ડિકા (સં. ૧૬૫૭),

પ્રશ્નોત્તર, કયવન્ના સંધિ (સં. ૧૬૫૪), કર્મચન્દ્ર વંશાવલી રાસ (સં. ૧૬૫૬), અંજનાસુંદરી રાસ (સં. ૧૬૬૨), ઋષિદત્તા ચોપાઈ (સં. ૧૬૬૩), ગુણસુંદરી ચોપાઈ (સં. ૧૬૬૫), જંબૂરાસ (સં. ૧૬૭૦), ધન્નાશાલિભદ્ર ચોપાઈ (સં. ૧૬૭૪), નલદવદંતી પ્રબન્ધ (સં. ૧૬૬૫), અગડદત્ત રાસ, કલાવતી ચોપાઈ (સં. ૧૬૭૩), બારહવ્રતરાસ (સં. ૧૬૫૫), જીવસ્વરૂપ ચોપાઈ (સં. ૧૬૬૪), મૂલદેવ ચોપાઈ (સં. ૧૬૭૩), દુમુહ પ્રત્યેક બુદ્ધ ચોપાઈ, શત્રુંજય ચૈત્ય પરિપાટી (સં. ૧૬૪૪), પાર્શ્વનાથ સ્તવન (સં. ૧૬૫૭), ચાર મંગલ ગીત (સં. ૧૬૬૦), શત્રુંજય યાત્રા સ્તવન (સં. ૧૬૬૩), જેસલમેર પાર્શ્વનાથ સ્તવન (સં. ૧૬૭૨), જિનરાજસૂરિ અષ્ટક (સં. ૧૬૭૬), નિંબાજ પાર્શ્વ સ્તવન (સં. ૧૬૭૬); અચલમત સ્વરૂપ વર્ણન (સં. ૧૬૭૪), લુમ્પકમતતમોદિનકર ચોપાઈ (સં. ૧૬૭૫), તપા ૫૧ બોલ ચોપાઈ (સં. ૧૬૭૧), પ્રશ્નોત્તર માલિકા (સં. ૧૬૭૩), કુમતિમત ખંડન (સં. ૧૬૭૫).

ગુણવિનયનું ઘણુંખરું સાહિત્ય અપ્રકાશિત છે. હસ્તપ્રતોના આધારે તેમની કેટલીક કૃતિઓની થોડીક પંક્તિઓ જોઈશું.

ગુણવિનયે ઋષિદત્તા ચોપાઈની રચના સં. ૧૬૬૩માં ખંભાતમાં કરેલી છે. કવિ આ રાસની આરંભની કડીઓમાં શીલનો મહિમા દર્શાવી તે માટે ઋષિદત્તાની કથાની પ્રબંધરચના માટે પોતાની પસંદગીનું સૂચન કરતાં લખે છે:

* 'દાનવ દેવ જિકે વડા, કિન્નર સિદ્ધિ જિ કેવિ,
સીલવંત પય તે નમઇ, દુક્કર કરમ કરેઇ.
સીલવ્રત કુલ આભરણ, રૂપવંત સુભસીલ,
સીલવંત પંડિત કહ્યા, સીલધરમિ સવિ લીલ.
રિષિદત્તા મોટી સતી, સુણીયઇ સોહગ-કંદ,
તેહ તણઉ પરબંધ હું, પ્રભણું ધરિ આનંદ.'

રાસને અંતે કવિએ ઋષિદત્તાની કથાની ફલશ્રુતિ વર્ણવી સ્તંભન પાર્શ્વનાથ ભગવાનના મંદિર માટે સુપ્રસિદ્ધ એવા ખંભાત નગરમાં ચૈત્ર સુદી નોમને દિવસે પોતે રચના કરી છે, તેનો નિર્દેશ રાસની અંતિમ કડીઓમાં કર્યો છે:

'ઇણ પરિ શ્રી રિષિદતા કરઉ, વર વયરાગ અમૃતરસ વેરઉ,
જિણથી સિવપુર થાઅઇ નેરઉ, ભાજઇ ભાવિક તણઉ ભવફેરઉ.

* 'જૈન ગુર્જર કવિઓ' ભાગ-૩ (૧), પૃ. ૮૩૧

ચરિત સુણીજઇ શાસ્ત્ર મઝારિ, દેખી તેહનઇ અનુસારિ,
સંવત ગુગુરસ (રસ) સસિ વરસઇ, ચૈત્ર સુદઇ નવમીનઇ દિવસઇ.
નવમઇ રવિયોગઇ વહ્માનઇ, રવિ મેષઇ રવિવાર પ્રધાનઇ,
શ્રી ખંભાયતિ થંભણ પાસ, દાસણ પઉમ પરિતખિ જસુ પાસિ.'

ગુણવિનયે સાંગાનેરમાં (સાંગા–નગરમાં) સં. ૧૬૭૩ માં 'મૂલદેવકુમાર ચોપાઈ'ની રચના કરી છે. મૂલદેવની કથા દાન માટે જૈનોમાં જાણીતી છે. દાનનો મહિમા વર્ણવતાં કવિ આ રાસના આરંભમાં લખે છે :

×'ઉવઝાય શ્રી જયસોમ ગુરુ, પયપંકય પરભાવિ,
દાનતણા ગુણ વર્ણવું, શ્રી સારદ અનુભાવિ.
ધર્મમૂલ જગમઇ ભણ્યઉ, મહિમા તણઉ નિવાસી,
સિદ્ધિ સુખાંનઉ જે પર, તે દાન કહું ઉલ્લાસી.
દાનઇ વયર સહુ મિટઇ, વસિ હોવઇ સવિ ભૂત,
દાનઇ શત્રુ દયામણા, થાયઇ મિત્ર નઇ સૂત.
ધર્મહેતુ પાત્રઇ દીયઉ, મિત્રઇ પ્રીતિ વિતાન;
ભૃત્ય ભાણી દીધઉ દિયઉ, દાયકનઇ બહુમાન.
નરપતિનઇ દીધઉ કરઇ, નિજ વસિ યાચકિ દિદ્ધ,
મહિમા કરિ મોટઉ કરઇ, પુહવઇ તેહ પ્રસિદ્ધ.
ઇહલોકઇ પુણિ ફલ દીયઇ, દાન દીયઉ જગમાહિ,
મૂલદેવની પરિ સુણઉ, ભવિયાં મન ઉચ્છાહિ.'

ગુણવિનયે સાંગાનગરમાં સં. ૧૬૭૫ માં 'લુંપકમત તમો દિનકર ચોપાઈ'ની રચના કરી છે. આ ચોપાઈમાં કવિએ પોતાના સમયમાં પ્રચલિત થયેલા નવા એક મતનું – મૂર્તિપૂજાનો વિરોધ કરનાર લુંપકમતનું – નિરસન શાસ્ત્રવચનો ટાંકીને કર્યું છે. એમ કરતી વખતે પણ કવિ જણાવે છે કે પોતાના મનમાં કોઈ પ્રત્યે જરા સરખો પણ દ્વેષ નથી, બલકે સહુ ઉપર કરુણાભાવ છે. મુગ્ધ લોકો અવળે માર્ગે ન દોરવાઈ જાય તે માટે પોતે આ રચના કરી છે એમ આરંભમાં કવિ સ્પષ્ટ કરે છે :

*'શ્રી જયસોમ સુગુરુ તણી, સેવા મેળા જેમ,
મીઠા કરિ આગમ ગ્રહી, તત્ત્વ દિખાઉ એમ.

---

× 'જૈન ગુર્જર કવિઓ' ભાગ–૩ (૧), પૃ. ૮૩૪
* 'જૈન ગુર્જર કવિઓ' ખંડ–૩ (૧) પૃ. ૮૪૦

નવિ ઇહાં અમ્હનઇ દ્વેષ છઇ, નવિ રામતિનઉ કામ,
આગમ વચન મનાવિવા, હુઇ મુઝ મનિ હામ.
કરુણા સહુઆં ઉપરઇ, કરિવા તિણુ એ બંધ,
કરિવા માડયઉ છઇ નવઉ, ગહિ આગમનઉ બંધ.
મુગધ લોક અજ્ઞાન તમિ, પૂરાણા જિમ અંધ,
તત્વ અતત્વ વિચારણા, કેરી ન લહઇ ગંધ.
પૂર્વ પરંપરા જેહની, ઉલાલી ધરિ દ્વેષ,
જુગતિ જંગ જાગ્યઇ તિકે, સુખિ કિમ સુવઇ નિમેષ.
ઉતપતિ એહની સાંભલઇ, જિણુપરિ હુઆ સેહ,
વેષધરા કિણુ સમઇ હુઆ, યથા દૃષ્ટ કહુ તેહ.
પરછઇ એ મત જોઇજ્યો, છોડિ કદાગ્રહ ખાર.
દીપક સમ આગમ ગ્રહી, જિમ લહઉ સાર અસાર.'

× × × ×

'આદરો બીજા મત સવિ છાંડુ, જલ ગ્રહિવા કીમ કાચું ભાંડુ,
દેખિ યુગતિ જિહાં જાણે ખાંડુ, કુમતિ કાતર મુડિવઉ માંડુ.'

ગુણુવિનયે સ્તવન, સજ્ઝાય, પદ, ગીત વગેરે પ્રકારની જે લઘુ રચનાઓ કરી છે તેની પણુ સંખ્યા ઘણી મોટી હોવી જોઈએ. તેમાં એકસો કરતાં અધિક રચનાઓની હસ્તપ્રતો હાલ ઉપલબ્ધ છે. તેમાંની ઘણીખરી રચનાઓ અપ્રકાશિત છે. ×

ગુણુવિનયનાં પદોમાંથી કેટલીક પંક્તિઓ જોવાથી તેમની પદાવલીનો ખ્યાલ આવશે. રાગ કેદારામાં લખાયેલા વૈરાગ્યભાવના એક પદમાં તેઓ લખે છે :

'જિઉરા કરિ નિરંજન ધ્યાન,
દેખિ અપનઉ અથિર જીવિત, મ હરિ પરણુ પરાન.
રોજ રમણિ વિલાસ પરિજન, દેખિ ભયઉ હયરાન,
એહ જગમહિ સબ હી ચંચલ, કઈસઇ કરત ગુમાન.'

બીજા એક વૈરાગ્યના પદમાં તેઓ લખે છે :

'રે જીવ મ કરિ મ કરિ મેરા,
સમઝી દેખિ નાહીં કછુ તેરા,
છાયા મિસિ યમકે ફિરઇ હેરા,
ન ગિનઇ લહુરા ન ગિનઇ વડેરા.'

---

× શ્રી અગરચંદજી નાહટાએ એની ઘણીખરી હસ્તપ્રતો એકત્ર કરી છે.

બીજા એક પદમાં તેઓ લખે છે :

'જગમઇ ભરોસઉ કિસકા કરઇ,
મધુર મધુર જો પિંડ પોષ્યઉ, સોઇ અંતિ પરઇ.
નિજ કરિ પરણી કરણી કરત હુઇ સૂરી કંત પરઇ,
કોણિક શ્રેણિકની પરિ પેખઉ, પુત્ર પિત્ર પ્રાણ હરઇ.'

આ પ્રકારનાં પદોમાં જગતની ક્ષણભંગુરતા, દેહની નશ્વરતા અને સંબંધોની ચંચલતા પર ભાર મૂકી કવિ ધર્મના સ્થિર અને અચલ તત્ત્વમાં શ્રદ્ધા રાખીને તે પ્રમાણે જીવનને દોરી જવા પ્રેરે છે. આ પ્રકારના બીજા એક પદમાં પોતાને સંસારસાગરમાંથી તારવા માટે પ્રભુને વિનંતી કરતાં કવિ લખે છે :

'સઇ પરમાદી સાહિબ કઇસઇ કરઇ,
જનમ ગમાયઉ વૃથા ભવતઇ ડરિયઇ.
ભવિ ભવિ વિષારસ મહિ લૂધઉ,
ધરમ ન પાલ્યઉ ગહિ સાહિબ સૂધઉ.
ત્રસણા પાપિણી પાસઇ પરિયઉ,
તેરઉ ધ્યાન ન ઈક્‌ ખિણિ ધરિયઉ.
ક્રોધ અગંનિ સમ દમ સવિ મરયઉ,
પરનિંદા રસ કબહું ન વાર્યઉ.
તઇ અનેક જીવ જગમઇ તાર્યા,
ગુણવિનય પ્રભુ કહઇ હમ કયા વિગાર્યા.'

ગુણવિનય સંગીતના સારા જાણકાર હતા. સ્તવનો, સજ્ઝાયો, પદો વગેરે તેમની ગેય રચનાઓમાં કાવ્યતત્ત્વની સાથે સાથે સંગીતમાધુર્ય પણ અનુભવી શકાય છે.

ગુણવિનયે જે સંખ્યાબંધ કૃતિઓની રચના કરી છે, તેમાંની કેટલીક કૃતિઓ તેમના પોતાના હસ્તાક્ષરમાં ઉતારેલી મળી આવે છે. એ સમયમાં, વિશેષત: રાજસ્થાનમાં, કેટલાક સમર્થ કવિઓ એવા હતા કે જેઓ પોતાની કૃતિની હસ્તપ્રત અશુદ્ધ ન રહે એટલા માટે ભાડૂતી લહિયા પાસે તેની નકલ ન કરાવતાં પોતાને હાથે નકલ તૈયાર કરતા. એમ કરવામાં સમય ઘણો જતો અને હસ્તપ્રત તૈયાર કરવા માટે વિશિષ્ટ તાલીમ પણ લેવી પડતી. જિનહર્ષ, સમયસુંદર, યશોવિજય વગેરે કવિઓએ સ્વહસ્તાક્ષરમાં પોતાની કેટલીક કૃતિઓની પ્રતિ તૈયાર કરેલી મળી આવે છે. તેવી રીતે ગુણવિનયના હસ્તાક્ષરની કેટલીક

પ્રતિઓ પણ આપણને મળી આવે છે. ગુણવિનયના હસ્તાક્ષર કેટલા સુંદર અને મરોડદાર હતા તે પ્રતિઓ પરથી જોઈ શકીએ છીએ. ગુણવિનયે પોતે પોતાના હસ્તાક્ષરમાં તૈયાર કરેલી એવી કેટલીક પ્રતિઓ બીકાનેરના જૈન જ્ઞાનભંડારોમાં છે. એવી કેટલીક પ્રતિઓ શ્રી અગરચંદજી નાહટા હસ્તકના શ્રી અભય જૈન ગ્રંથાલયમાં પણ છે.

ઉપાધ્યાય કવિ શ્રી ગુણવિનયનું સાહિત્ય વિપુલ છે. પરંતુ તેમાંનું ઘણું-ખરું સાહિત્ય હજુ અપ્રકાશિત છે. એ પ્રકાશિત થશે ત્યારે એમની કવિત્વશક્તિ અને એમના પાંડિત્યની વિશેષ પ્રતીતિ થશે.

# ગુણવિનયકૃત નલદવદંતી પ્રબંધ

ઉપાધ્યાય કવિ ગુણવિનયે સં. ૧૬૬૫માં નવાનગરમાં આસો વદ છઠને સોમવારે 'નલદવદંતી પ્રબંધ'ની રચના પૂર્ણ કરી હતી. રાસની અંતિમ કડીઓમાં તેનો સ્પષ્ટ નિર્દેશ એમણે કર્યો છે. જુઓ :

'ઇણ વિધિ ગુણનિધિ શ્રી દવદંતી,
ચરિત ભણ્યઉ ભવ વન દવદંતી;
સોલહ સઇ પઇસઠ્ઠા વરષિ,
શ્રી નવાનગરિ પવરિ મન હરષિ.' ૩૪૭

ગુણવિનયે ૩૫૩ કડીમાં આ રચના કરી છે. એની ફલશ્રુતિ દર્શાવતાં કવિએ પોતાની આ રાસકૃતિને 'પ્રબંધ' તરીકે ઓળખાવી છે, જે દર્શાવે છે કે રાસના પ્રકારની રચના માટે 'પ્રબંધ' શબ્દ પણ પ્રયોજાતો હતો.

'એ પ્રબંધ સદા મુખિ ભણિવઉ,
અથવા ભણતાં નિશ્ચલ સુણિવઉ. ૩૫૨

× × ×

થુણતાં મંગલ રિદ્ધિ વિલાસ,
થાઅઉ ઇણથી મહિમા વાસ. ૩૫૩

ગુણવિનયે આ રાસની રચના કરી તે અગાઉ ઋષિવર્ધન, મેઘરાજ વગેરે કવિઓના નળદવદંતી વિશેના રાસની રચના થઈ હતી, પરંતુ ગુણવિનયે તે કોઈ કૃતિનો નિર્દેશ પોતાના રાસમાં કર્યો નથી; જો કે તે અપેક્ષિત પણ નથી. 'નલાયન' મહાકાવ્યની રચનાનો નિર્દેશ પણ આ રાસમાં થયો નથી. ગુણવિનય એ કૃતિઓથી પરિચિત હશે કે કેમ તે પણ પ્રશ્ન છે, કારણ કે તે સમયમાં કૃતિઓ મેળવવાનાં સાધનો સુલભ ન હતાં.

સંવત ૧૬૬૫માં ગુણવિનયે આ રાસની રચના કરી તે જ વર્ષે કવિ નયસુંદરે પોતાના 'નળદમયંતી રાસ'ની રચના કરી છે. પરંતુ બંનેની કૃતિઓમાં તફાવત છે. ગુણવિનયનો આ રાસ કદમાં નાનો છે, નયસુંદરનો રાસ સુદીર્ઘ છે. ગુણવિનય મૂળ જૈન પરંપરા પ્રમાણે કથા વર્ણવે છે; નયસુંદર 'નલાયન' મહાકાવ્યને અનુસરીને કથા નિરૂપે છે. પાંડિત્યનું દર્શન બંને કવિની કૃતિમાં થાય છે, પરંતુ નયસુંદરનો રાસ કાવ્યકૃતિ તરીકે વિશેષ સિદ્ધિ દાખવે છે.

આ રાસની રચના માટે ગુણવિનયે કયા ગ્રંથનો આધાર લીધો છે તેનો ઉલ્લેખ તેમણે રાસમાં કર્યો નથી પરંતુ તેનું કથાનિરૂપણ જોતાં 'પાંડવચરિત્ર' અથવા 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'નો આધાર લીધો હશે તેમ જણાય છે.

ગુણવિનયે નલ અને દવદંતી એ બંનેમાંથી દવદંતીના પાત્રને વિશેષ લક્ષમાં રાખીને, એના શીલનો મહિમા વર્ણવવાના આશયથી, આ રચના કરી છે. કૃતિના આરંભમાં તેમ જ કૃતિને અંતે શીલનો મહિમા કવિએ એટલે જ ભાર-પૂર્વક દર્શાવ્યો છે.

કવિએ આ રાસમાં ખંડ કે વિભાગ પાડયા નથી. દુહા, ચોપાઈ અને વિવિધ દેશીની ઢાલમાં કવિએ સળંગ રચના કરી છે. તેમાં પણ દુહા અને ચોપાઈની કડીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. બે ઢાલ વચ્ચે દુહાની પંક્તિઓ પ્રયોજવાની એ સમયના અન્ય કેટલાક જૈન કવિઓમાં જે પદ્ધતિ જોવા મળે છે તે ગુણવિનયના આ રાસમાં જોવા મળતી નથી. કવિએ ચોપાઈની ઢાલ ઉપરાંત કુલ સોળ ઢાલમાં આ રાસની રચના કરી છે.

કવિ ગુણવિનયની આ રાસકૃતિ કદમાં નાની છે. તેનું એક કારણ એ છે કે એમણે નળદવદંતીના પૂર્વના ભવ કે પછીના ભવની કથા આલેખી નથી. કથાનો ઉપક્રમ પણ કવિ નળ અને દવદંતીનો સહેજ પરિચય કરાવી સ્વયંવરની ઘટનાથી કરે છે. કવિનો આશય શીલનો મહિમા દર્શાવવા માટે આ કૃતિની રચના કરવાનો હોવાથી એમનું લક્ષ્ય દવદંતીના શીલની કસોટીના પ્રસંગોનું આલેખન કરવા તરફ વિશેષ રહ્યું છે.

ગુણવિનયે રાસની શરૂઆતમાં ચોપાઈની પચાસથી વધુ કડીમાં દવદંતીના સ્વયંવરનો પ્રસંગ વર્ણવ્યો છે. રાસમાં વર્ણવાયેલા અન્ય પ્રસંગોની સરખામણીમાં સ્વયંવરનો પ્રસંગ વધુ વિગતે અને વિવિધ અલંકારો સહિત વર્ણવાયો છે. ચોપાઈની આ ઢાલ રાસની અન્ય ઢાલની સરખામણીમાં સૌથી વધુ લાંબી છે. રાસરચનાનો કવિએ હજુ આ આરંભ કર્યો છે એટલે પ્રસંગના નિરૂપણમાં એમનો વધુ ઉત્સાહ પ્રગટ થાય છે.

ત્યારપછી પહેલી ઢાલમાં કવિ ભીમરાજા નિષધનરેશને તથા વરવધૂ નળ-દવદંતીને વિદાય આપે છે એ પ્રસંગ વર્ણવે છે. ભીમરાજા નળદવદંતીને વિદાય આપે છે તે વખતે તેઓ દવદંતીને પતિની અનુગામિની થવાની શિખામણ આપે છે, કારણ કે તેમને ખબર છે કે નળને જુગાર રમવાનું વ્યસન છે. કવિએ આ પ્રકારનું જે વર્ણન કર્યું છે તે જુગાર રમતાં નળને માથે આવી પડનારી

આપત્તિના સૂચનરૂપ છે. પરંતુ મૂળ કથા પ્રમાણે તો નળને દ્યૂત રમવાનું વ્યસન તો ઘણે સમયે લાગુ પડે છે. એટલે ગુણવિનયે કરેલું આ વર્ણન પરંપરાની કથાથી થોડું ભિન્ન છે.

નળદવદંતી ભીમરાજાની વિદાય લે છે. એમનો રથ ચાલવા લાગે છે. આ આ પ્રસંગે નળદવદંતીના પ્રથમ પ્રણયોત્સુક મિલનનું વર્ણન કવિએ જે કર્યું છે તેમાં એમની મૌલિકતા અને રસિકતાનું દર્શન થાય છે. આવું વર્ણન નળદવદંતી વિશેની અન્ય કોઈ કૃતિમાં જોવા મળતું નથી. લગ્ન થયા પછી પાછા ફરતાં નળ રસ્તામાં દવદંતીની લજ્જા દૂર કરવા યુક્તિપૂર્વક રથને આડે રસ્તે વાળે છે. કવિ લખે છે :

'નવપરિણીત લાજઇ કરી એ
અવનત વદન નિહાલિ,
તઉ નલ કુતૂહલ રસઇ એ
કુપથ ભણી અસ વાલિ. ૭૧
વિભ્રમ નવપરિણીતના એ
દેષિવા એકલઉ ભૂપ;
તઉ પ્રશ્ન એહવા કરઇ એ
કુણ તરુ પ્રિય એ અનૂપ. ૭૨

લાજ સિથિલ તેહની કરી એ
આથમ્યઉ સૂરિજ તામ;
તઉ વિવિધ આલિંગનઇ એ
પ્રિય રખાવઇ તિણિ ઠામિ.' ૭૩

બીજી ઢાલમાં કવિ જૈન પરંપરાની કથા પ્રમાણે ઘટનાઓ વર્ણવે છે. નળ પોતાના નગરમાં આવીને સુખ ભોગવે છે. નિષધરાજા નિવૃત્ત થાય છે. નળનો રાજ્યાભિષેક થાય છે અને કૂબરને યુવરાજના પદે સ્થાપવામાં આવે છે. પરંતુ ક્રૂર કૂબર નળની પાસેથી રાજ્ય પડાવી લેવા માટે નળને દ્યૂત રમવા લલચાવે છે. નળ હારવા લાગે છે. દવદંતી એને સમજાવે છે. પરંતુ નળ માનતો નથી. પરિણામે સર્વસ્વ હારીને નળને રાજ્ય છોડવું પડે છે. આ ઢાલમાં દવદંતી નળને જુગાર ન રમવા માટે વિનવે છે તેનું સાલંકાર સચોટ નિરૂપણ કવિએ કર્યું છે.

ત્રીજી, ચોથી અને પાંચમી ઢાલમાં કવિએ નળદવદંતીને વનમાં પડેલાં કષ્ટોનું, નળે દુઃખપૂર્વક દવદંતીનો ત્યાગ કર્યો તે પ્રસંગનું તથા નિષધદેવ નાગનું રૂપ લઈ, નળને દંશ મારી કદરૂપો બનાવી એને સુસમારપુર મૂકી દે છે એ પ્રસંગનું વર્ણન કર્યું છે. નળ દવદંતીનો ત્યાગ કરે છે તે પ્રસંગે તીવ્ર મનોવેદનાનું તાદૃશ ચિત્ર કવિએ દોર્યું છે. નળ વિધાતાને ઉપાલંભ આપે છે કે સર્વગુણસંપન્ન એવી દવદંતીનું સર્જન કર્યા પછી એને માથે આવું દુઃખ કેમ નાખે છે? કવિની અલંકારયુક્ત પંક્તિઓ જુઓ :

'આપણ હાથિ વધારી બોરડી,
કિમ નિજ કરિ છેદી જઈજી;
અમૃત ભોજન દેઈ પહિલઉ,
મૂત્રચુલુ કિમ દીજઈજી ?'

છઠ્ઠી ઢાલમાં કુબજ નળ સુસમારપુરમાં ગાંડા હાથીને વશ કરીને દધિપર્ણ રાજાનો પ્રેમાદર પામી ત્યાં રહે છે એ પ્રસંગનું આલેખન કવિએ કર્યું છે. સાતમી ઢાલમાં નળે દવદંતીનો ત્યાગ કર્યો પછી દવદંતીને માથે શું શું વીતે છે તેની વાત નળને કુશલ નામના બ્રાહ્મણ પાસેથી જાણવા મળે છે એ પ્રસંગ નિરૂપાયો છે. આઠમી ઢાલમાં દવદંતીની વિપત્તિનું ચિત્ર, વનમાં આસપાસનાં પશુપંખીઓ પર પડેલા એના પ્રભાવના નિરૂપણ સાથે, કવિએ તાદૃશતાથી ઉપસાવ્યું છે.

દવદંતીના ચારિત્રનો પ્રભાવ હિંસ્ર પ્રાણીઓ પર પણ કેવો પડતો હતો તે અહીં વર્ણવીને કવિએ એના શીલનો મહિમા સૂક્ષ્મ રીતે દર્શાવ્યો છે.

નવમી અને દસમી ઢાલમાં દવદંતીને વનમાં થયેલા સાર્થવાહ, રાક્ષસ, તાપસો વગેરેના અનુભવોનું, યશોભદ્ર કેવલીને એણે પૂછેલી પોતાના દુઃખના કારણની વાતનું તથા અચલપુરમાં માસીને ત્યાં તે ગુપ્તપણે રહે છે અને પિંગલ ચોરને બચાવે છે તે પ્રસંગનું નિરૂપણ થયું છે. અગિયારમી ઢાલમાં હરિમિત્ર બ્રાહ્મણ દવદંતીની ભાળ કાઢે છે અને દવદંતી પોતાના પિતાને ત્યાં આવે છે એ ઘટનાનું નિરૂપણ થયું છે. નળની તપાસ ભીમરાજા કરાવે છે. દધિપર્ણ રાજાને ત્યાં જે કુબજ છે એ નળ હોવાનો સંભવ છે એમ જાણી ભીમરાજા બનાવટી સ્વયંવરની યુક્તિ કરીને દધિપર્ણ સાથે કુબજને કુંડિનપુર બોલાવે છે. કુબજની પરીક્ષા થાય છે અને એ નળ જ છે એની પ્રતીતિ થાય છે અને નળદવદંતીનું પુનર્મિલન થાય છે – ઇત્યાદિ પ્રસંગોનું નિરૂપણ બારમી, તેરમી અને ચૌદમી ઢાલમાં થયું છે. નળે કુબજ પાસેથી પોતાનું રાજ્ય પાછું મેળવી લીધું એ પ્રસંગનું તથા નળે ઘણાં

વર્ષ રાજ્યસુખ ભોગવ્યા પછી નિષધદેવની પ્રેરણાથી સંયમવ્રત ધારણ કર્યું અને અંતે અનશન કરી, દેહ છોડી દેવલોકમાં તે કુબેર નામનો દેવ થયો તે પ્રસંગનું નિરૂપણ પંદરમી ઢાલમાં થયું છે. છેલ્લી ઢાળમાં રચનાસ્થળ તથા રચનાવર્ષનો નિર્દેશ કરી. પોતાની ગુરુપરંપરા જણાવી, રાસની ફલશ્રુતિરૂપે શીલનો મહિમા દર્શાવી કવિ રાસનું સમાપન કરે છે.

કવિ ગુણવિનયની વાણીમાં લાઘવ અને પ્રસાદ બંને છે. નળદવદંતીના કથાનકને આ રાસકૃતિમાં કવિએ સુશ્લિષ્ટતાથી આલેખ્યું છે. તેમ કરવા જતાં કેટલેક સ્થળે કવિ કથાને માત્ર પદ્યદેહ આપે છે એવું લાગે છે. અલબત્ત, તેવે સ્થળે પણ કવિનું પદ્ય લયબદ્ધ અને પ્રાસાનુપ્રાસયુક્ત રહ્યું છે. સંરચનાની દષ્ટિએ, દેશીઓ અને રાગરાગિણીની દૃષ્ટિએ આ રાસમાં, સમયસુંદર વગેરે કવિઓની કેટલીક રાસકૃતિઓમાં જોવા મળે છે તેવું વૈવિધ્ય ઓછું જોવા મળે છે.

આ રાસમાં ગુણવિનયની કવિદૃષ્ટિનો પરિચય સ્થળેસ્થળે થાય છે. કવિએ યોજેલા શબ્દાલંકાર અને અર્થાલંકાર પણ એની પ્રતીતિ કરાવે છે. મધ્યકાલીન કવિતામાં અંત્યાનુપ્રાસની રચના સમગ્ર કૃતિમાં હોય છે તેવી રીતે આ રાસમાં પણ જોઈ શકાય છે. તદુપરાંત તેમાં આંતરયમક, વર્ણસગાઈ ઇત્યાદિની રચના પણ જોવા મળે છે. આવી રચના ગુણવિનયમાં સહજસુંદર થઈ છે.

કવિએ ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, દષ્ટાન્ત વગેરે અર્થાલંકારોમાં દાખવેલી મૌલિકતા જુઓ :

'ભમરી પરિ ભમતી તસુ દૃષ્ટિ
રાજવનઇ નવિ પામઇ તૃષ્ટિ.' ૬૦

× × ×

'રોમાંચિત તસુ હૂઅઉ દેહ
ધરિ અંકુર જિમ વૂઠઇ મેહિ.' ૬૧

× × ×

'સાત વ્યસન એ ધૂરિ કહ્યઉ એ,
જિણઇ સત્યકાનન હેલઇ દહ્યઉ એ.' ૯૩

× × ×

'હૃદયકમલિ નલહંસ વહેતી.' ૧૯૪

× × ×

'નર રતનારી દેષઉ રીતિ,
અપગારી ઉપરિ કરઇ પ્રીતિ;
ચંદન છેદઇ જેહ કુઠાર,
વાસઇ તેહની મુખની ધાર.' ૩૩૩

× × ×

'ચંચલ જિમ દંતાવલ કાન,
વીતે રિત જિમ તરુનઉ પાન;
તિમ ચંચલ વછ રાજ્યવિલાસ,
તિહાં સ્થિરપણઇ કિસી તુઝ આસ.' ૩૩૮

× × ×

કવિ ગુણવિનય સંસ્કૃતના પ્રખર પંડિત હતા. એથી એમની ભાષામાં ક્યારેક સંસ્કૃત શબ્દો અને સમાસપ્રચુર પંક્તિઓનો ઉપયોગ મળે છે. આ રાસમાં તૃષિત, શ્રાંત, એકાપથપાત, પરીરંભમુદ્રા, ભયભ્રાંતા, આસન્ન, ત્યાગાવધિ, ફલભારનત, કલધૌત, સુપરિચ્છદ, કાતર વગેરે શબ્દો વપરાયેલા જોવા મળે છે. કવિએ પોતાની કૃતિમાં તત્કાલીન કહેવતો અને રૂઢપ્રયોગોનો ઉપયોગ પણ કર્યો છે. 'સંત ન મૂકઇ ટેક,' ઉત્તમ કિમ છોડઇ નિજ સીમ,'. 'ઊંઘત જાણિ વિછાયઉ મિલ્યઉ,' 'મૂંગા માંહિ જાણિ ઘૃત ઢલ્યઉ' વગેરે તેનાં ઉદાહરણો છે.

કવિ ગુણવિનયની આ રાસકૃતિ કદની દૃષ્ટિએ મધ્યમ પ્રકારની છે. જૈન પરંપરાની નલકથાને તે બરાબર અનુસરે છે. કવિની વિદ્વત્તાથી અને મૌલિક પ્રતિભાથી અંકિત આ કૃતિ છે. એમાં કેટલાંક રસસ્થાનો કવિએ પોતાની સ્વતંત્ર કલ્પનાથી વિકસાવ્યાં છે. એ દૃષ્ટિએ નલકથાના વિકાસમાં ગુણવિનયની આ રાસકૃતિ પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## ઉપાધ્યાય શ્રી ગુણવિનયકૃત

# નલદવદંતી પ્રબંધ

### દૂહા

શોભાગી પરતષિ પ્રગટ, પ્રણમી થંભણ પાસ;
જેહનઉ દસદિસિ મહમહઇ, જસ ઘનસાર સુવાસ. ૧
ચઉસઠિ જીતી યોગિની, જગતિ વંદીતી જેણ;
સમરી શ્રી જિનદત્ત ગુરુ સોભિત જસ પસરેણ. ૨
શ્રી જિનકુસલ સૂરીસ ગુરુ, ગરિમા નિધિ ગુણવંત;
મનિ ધરિં સારદ સારદા, જિણ થકી મતિ વિકસંતિ. ૩
ઉવઝાંય શ્રી જયસોમ ગુરુ, પ્રણમી વંછિત દાનિ;
ચિંતામણિ સરિષઉ સદા, દ્યઇ જસુ નૃપ બહુ માન. ૪
ચારિ ધર્મ ધોરી કહ્યા, ધુરિ ધરિ વર ઉપગાર;
કરિવા મન જીવાં ભણી, શ્રી જિનવરિ સુખકાર. ૫
તિહાં બીજઉ ધ્રમ અધિક સવિ, સીલ ભણ્યઉ ભગવંતિ;
જસુ અનુભાવઇ ભવિક નર, પાવઇ ભવનઉ અંત. ૬
અભયદાન દાને વડઉ, પુપ્ફમાંહિ અરવિંદ;
સિંહ મૃગાંમહિ ચક્રવતિ, સવિ નરપતિનઉ વૃંદ. ૭
નદીમાંહિ ભાગીરથી, ગરુડ પક્ષિમહિ જેમ;
એરાવણ ગજમાંહિ જિમ, ધાતુમાંહિ જિમ હેમ. ૮
સાધુમાંહિ જિમ વીર જિન, ગ્રહગણમાંહિ જિમ ચંદ;
તિમ ધરમાંમહિ એ વડઉ, સિવસુખતરુનઉ કંદ. ૯
સીલ પ્રભાવઇ વલિઅ નલ, રાવણ રામ પ્રબંધિ;
સાંભલીયઇ જલઝલહલ્યઉ, સીતા પય સંબંધિ. ૧૦
સંકટ આવ્યઇ નવિ મિટઇ, સીલ ધરમથી જેહ;
સેવિ સુદરસનની પરઇ, તેહની જગમહિ રેહ. ૧૧
દવદંતી મોટી સતી, સુણીયઇ તસુ અવદાત;
તે પ્રભણું સાંનિધિ કરે, વર દે સારદ માત. ૧૨

## ચઉપઇ

ભરત મજ્જિ નયરી કૌસલા,
જન તા જનિત ધરમ વિશાલ;
તિહાં અછઇ શ્રી નિષધ નરેસ,
રાજ કરઇ સુખીયઉ જસુ દેસ. ૧૩
પ્રિયા અછઇ લાવન સુંદરી,
રતિ રૂપઇ લાવન સુંદરી;
વૈરિવનઇ દાવાનલ જિસઉ,
તેહનઉ પુત્ર થયઉ નલ ઇસઉ. ૧૪
લઘુ સોદર કૂબર ઇણ નામિ,
પ્રભાવ્યઉ જે પોચઉ પરિણામિ;
હિવ વિદર્ભ સઇ મંડનં,
નગર અછઇ વછ વર કુંડિનં. ૧૫
વિક્રમ ગુણઇ કરી નિસ્સીમ,
ભૂપાલઇ શ્રી ભૂપતિ ભીમ;
પુપ્ફદંતી દયિતા તેહનઇ,
પ્રિયનઉ માન ઘણઉ જેહનઇ. ૧૬
પંડુર બંધુર સિંધુર દિઠ્ઠ,
સુપનઇ અપનઇ ઉયરિ પવિઠ;
રયણિમશિ રાણીયઇ તિણઇ,
પાઠક સુપિન તણા ઇમ ભણઇ. ૧૭
ઇણ સુપનઇ તુમ્હ સુભ સંતાન,
થાસ્યઇ દેઈ બહુ ધનમાન;
મૂકયા અવસરિ જાઈ સુતા,
મંજુલ અલિક તિલ સંયુત. ૧૮
પૂર્વકર્મ યોગઇ સુભ છવી,
ઉગઉ જાણિ ઉદયગિરિ રવી;

એહવઉ ભાલસ્થલ દેષીયઇ,
સવિંથી પુણ્યઇ સવિસેષીયઇ. ૧૯

નગર વલિ રવિચંદ્ર,
દર્શન કારાવ્યા સુભકંદ;
દવદંતી તસૂ દીધઉ નામ,
સુપન તણઇ અનુસારઇ તામ. ૨૦

અઉર માત પુણિ પુણ્ય પ્રભાવિ,
ચાપુડીએ તે નચાવઇ આવિ;
સુભગ સભાવઇ તે બાલિકા,
દોં દોં દેવઇ તસુ તાલિકા. ૨૧

ઠમકિ ઠમકિ પાયઇ ચાલતી,
ઘમિ ઘમિ નેઉર ઘમકાવતી;
ધાઇ માઇ અવલંબિ વિચિટી,
પગિ પગિ સ્ખલતી ઝાલઇ પટી. ૨૨

પુરમાંહે ધનવંતની નારિ,
જા તૂ પરિ ઘરિ પાણિ પસારિ;
કુમરી અંગ ચલાવી ચારુ,
નૃત્ય કરાવઇ સોહગ સારુ. ૨૩

ઇણ પરિ શૈશવ વય તે લંઘિ,
રમતી રમતી કુમરી સંધિ;
ચઉસઠિ કલા ગ્રહી તતકાલ,
સારદ જિમ બુદ્ધિ સુવિસાલ. ૨૪

અન્ય દિનઇ નિર્વાણી સુરી,
હેમમઈ પ્રતિમા કરિ ધરિ;
બોલઇ ભાવીય જિનવરૂ,
શાંતિનાથ નામઇ સુખ કરૂં. ૨૫

પ્રજેવઉ દિન પ્રતિ ઘર તામ,
કરિ સુચિધોતી ધરિ અભિરામ;
કેસર ચંદનિ ઘન ઘનસાર,
મૃગમદ મેલી કુસુમિ ઉદાર. ૨૬
અનુક્રમિ આઈ યૌવનભરઇ,
લાવનલીલા અંગઇ વરઇ;
મુખ છવિ જીતઉ સસિ ઇણ જિણઇ,
લાજઇ ચાર ત્યજઉ દિનિ તિણઇ. ૨૭
વર નવિ લાભઇ તેહનઇ જોગ,
પુણ્યઇ થાયઇ સુભ સંયોગ;
માતાપિતાયઇ ચિંતા વહી,
વરસ અઢારની તે થઈ. ૨૮
તિણિ અવસરિ મંત્રી ઇમ ભણઇ,
સયંવરામંડપ આપણઇ;
મંડાવઉ જિમ દેષી વરઇ,
કુમરી રાજકુમર નિજ ઘરઇ; ૨૯
દેસિ દેસ નઇ મૂકયા દૂત,
તેડાવઇ તિહાં નૃપ પુર હૂત;
બહુલી રાજકુલી તબ મિલી,
ભીમ નૃપતિની આસા ફલી. ૩૦
દૂતઇ નિષધ ધરાધવ ભણ્યઉ,
નલ કૂબર સેતી અતિ વણ્યઉ;
આવ્યઉ દિવરાવઇ સુખ વાસ,
ભણી ભીમ નૃપ મંડપ રાસિ. ૩૧
રાજ સરોવરિ કમલ સરૂપ,
નલ દેષીનઇ સગલા ભૂપ;
કુમરી પરિણેવાની આસ,
મૂકી મૂકઇ દીરઘ સાસ. ૩૨

હિવ સોવનમય થંભ અનેક,
મણિબધ ભૂમિ જિહાં અતિરેક;
વજ્રમયી સોપાનની પંતિ,
સુર વિમાનની જે કરઈ ભ્રંતિ. ૩૩
સિલ્પી પાંહિ કરાવઈ રાજ,
સયંવરામંડપ નૃપ કાજ;
થંભિ થંભિ પંચાલિ અચંભ,
દેષિવા આવી જાણે રંભ. ૩૪
કુમરી ભૂષે દારવિ જાણિ,
રયણાયરિ પયઠઉ મણિ ખાણિ;
આણેવા નરપતિ આગ્રહઈ,
ઈમ વિકલ્પ કવિજન મનિ વહઈ. ૩૫
ભીમસુતા કહઉ કિમ દેષિસ્યાં,
જનમ સફલ નિજ કિમ લેષસ્યાં;
થાવર ભૂભૃત તનુ હુઅ સ્યામ,
મનિ વિષાદ ધરિ જાણે તામ. ૩૬
સર્વ નૃપતિ ઇમ ચિંતવિ રાતિ,
કુમરી કિમ દેષિસ્યાં પ્રભાતિ;
સૂતા પુણિ નવિ આવી નીંદ,
કિમ થાસ્યા તેહના અમ્હ પીદ. ૩૭
નિસિ ભૂષણ તસુ પિહરાવતાં,
રાતિ વિતી તહુઈ દેષતાં;
અવહેલી ભૂષણની છવઈ,
જાણે નિસા ગઈ ઇણિ દવઈ. ૩૮
ભૂષિત દવદંતી મુખ પેષિ,
લાજયઉ રહી ન સકિસ્યું તેષિ;
નિસ્તેજા તિણિ સસિ આથમ્યઉ;
જાણે જલનિધિ મહિં સંક્રમ્યઉ. ૩૯

અભ્યર્થના મહીભૃત તણી,
જાણે નામિ સમાનઇ સુણી;
પૂર્વમહી ભૂતિ નિજ સિરિ લેઇ,
દેષાડચઉ રવિમંડલ એઇ. ૪૦
સૂર ઉદઇ કમલાની પરઇ,
વિકસિત પણઉ નૃપતિ મુખ ધરઇ;
વસ્ત્ર વિભૂષણ પાહરી કરી,
નિજ નિજ કામ થકી સંચરી. ૪૧
રાજકુમર સવિ મંડપિ મિલઇ,
રચણ સિંઘાસણિ નિજ નિજ વલઇ;
આવી બઇસઇ જાણે સૂર,
આવ્યા દેષણિ ઘરિ રસ પૂર. ૪૨
નિષધ નરેશ્વર આગઇ કરી,
હિવ નલ કૂબર હેજઇ ભરી;
મંડપિ આવઇ સોહગ ધાર,
સુંદર સુરકુમાર અનુકાર. ૪૩
આવી સિંઘાસનિ આરુહી,
નિષધાધિપ બઇઠઉ ગહગહી;
પર નૃપની નલકૂબર અહી,
દેષિ વિવાહની આભા રહી. ૪૪
કલાપુંજ નલ દેષિ વિસેષિ,
નિજ વીસારઇ નૃપતિ અસેષ;
દૂરઇ રહઉ વિવાહની ઈહ,
કિહાં કરિ કિહાં સાફલઉ સીહ. ૪૫
સયંવરા મંડપિ આણિવા,
સગલાં માહે વરકાણિવા;
સધવ વધૂ ભૂષઇ તસુ અંગ,
જસુ દરસનિ વાધેઇ અનંગ. ૪૬

ચરણિ સરસ યાવક રસ જાણિ,
નૃપાં તણી અનુરાગ પરાણિ;
મૂર્તિમંત લાગા અભિનવા,
મનાદિવા સોહઇ સંચિવા. ૪૭
સોહઇ કસ્તૂરી પત્ર લતા,
વર કપોલ પાલઇ અદભુત;
જાણિ મનોભવ રાજા તણી,
એ પ્રશસ્તિ બિરુદાની વણી. ૪૮
કેસ કલપિ મલ્લિકા માલ,
સોહઇ પરિમલ કરી વિસાલ;
જાણે મુખસસિ સેવા કાજિ,
આવી નક્ષત્રાંની રીતિ. ૪૯
કાને કુંડલ રયણે ભર્યા,
સોહઇ સુંદરિ સુંદર ધર્યા;
ચંદ્ર સૂર જાણે અવતર્યા,
રાહુ તણઇ અસિવાઇથી ડર્યા. ૫૦
નયન કમલિ અંજનની રેહ,
જાણે કમલિ મધુકરી એહ;
પિહર્યઉ ખીરોદક અહભાગિ,
ખીરોદધિ આવ્યઉ મનુરાગિ. ૫૧
ધવલ ગીત ગાવંતી નારિ,
ધસમસિ ધસમસિ કરિ પરિવાર;
પંડુર છત્ર સિરઇ રાજતઉ,
વેણુ વીણુ મર્દલ વાજતઉ. ૫૨
નરયાનઇ આરુહિ પુફમાલ,
કરિ લેઈ આવઇ સુકુમાલ;
સયંવરામંડપિ ઉતરી,
લષમી જાણિ રહી તનુ ધરી. ૫૩

દેષી દવદંતીનઉ રૂપ,
ચેષ્ટા વિવિધ કરઇ તિહાં ભૂપ;
શૃંગારે કરિ અતિ સુંદરા,
પરિણેસ્યઇ જસુ દિન પાધરા. ૫૪
આગઈ થાઇ દંડધારિણી,
વચન વિલાસઇ જિમ ચારણી;
નૃપ નૃપની વંશાવલિ કહઈ,
જિણથી સવિ સુધિ સુણી તે લહઈ. ૫૫
ચંગ અંગ એ અંગાધીસ,
સોમઉ સીલઉ જિમ રજનીસ;
સુંદર દેષી જેહનઉ અંગ,
કામ અંગ ત્યજિ થયઉ અનંગ. ૫૬
એ મગધાધિપ ધામ પ્રધાન,
તેજ ભરઇ કરિ સૂર સમાન;
એ કલિંગ દેસાધિપ માનિ,
કરી સકઇ કવિજણ ગુણગાન. ૫૭
મેદપાટ કર્ણાટ નરેસ,
લાટ મહીપતિ એ સુભવેસ;
દેષાવઇ પુણિ ન રુચઇ કોઇ,
જેહના ભાગ તિયાં ઘરિ હોઇ. ૫૮
પ્રતીહારિ પ્રભણઇ વલિ એમ,
એ નિષધાધિપ વરણઇ હેમ;
એહના સુત નલકૂબર નામિ,
દેવકુમરની પરિ અભિરામ. ૫૯
ભમરી પરિ ભમતી તસુ દષ્ટિ,
રાજવનઇ નવિ પામઇ તુષ્ટિ;
નલપુન્નાગ લહી પુન્નાગ,
ફિરિ ફિરિ થાકિ રહી તિહાં લાગિ. ૬૦

રોમંચિત તસુ હૂઅઉ દેહ,
ધરિ અંકુર જિમ વૂઠઇ મેહિ;
એ નૃપ સવિ નૃપમાં હૂઇ ધન્ય,
ઇણુ સમાન વરનર નવિ અન્ય. ૬૧
એ વિહિ ઘડચઉ ઘડી સવિ વિશ્વ,
જિણિ દીસઇ ઇહં ગુણસર્વસ્વ;
બીજા જાણિ કિ માણિક મૂલ,
એ કોસ્તુભ મણિ અછઇ અમૂલ. ૬૨
ઇમ જાણી નલ ગલિ વરમાલ,
ઘાલી પાલી સંસયમાલ;
સોભી ઊભી પુણ્ય વિસાલ,
દીઠઉ મીઠઉ સાકરગાલ. ૬૩
ધરિ મદમચ્છર નરવઇ ઘણા,
ઉઠચા કરિવા સરપારણા;
વીર રસઇ કરિ ધરિ પરિપણાં,
લાગા જય લેવા આપણા. ૬૪
તે સરધોરણિકરિ વારિયા,
ઝૂઝુતાં નૃપ સવિ હારિયા;
વષત બલઇ જીતઉ તિહાં નલઇ,
પૂર્વ પુણ્ય સહૂ આંનઇ ફલઇ. ૬૫
નિષધ ભીમ હર્ષિત હુઇ તદા,
ભીમીનઇ પરિણાવઇ મુદા;
કરમેલાપર્વઇ તેહના,
મન મિલિયા વલિ સુખ સંપના. ૬૬
પરણિ અરણિની નવકરિ અગ્ગિ,
સાષઇ ભાષઇ વચણિ ઉદગ્ગિ;
ભીમનૃપતિ કરમોક્ષણ પર્વિ,
રત્ન અશ્વ ઇભ લેહુ અખર્વ. ૬૭

## ઢાલ ૧

કંઠિ લાગી કહઇ કામિની એ,
સુતવધૂ સેતીય ચાલિયા એ;
નિષધનૃપ કોસલ દેસિ,
તઉ વઉલાવઇ હિવઇ એ.
સાથઇ ભીમ નરેસ. ૬૮

તઉ સીષાવણિ દીયઇ એ,
પતિ વ્યસનઇ પુણિ જાણિ
તું પતિ અનુગામિની એ,
થાઇજે વછ નિરવાણિ. ૬૯ તઉ૦ આંકણી

તઉ સીષ દેઇ વઉલ્યા હિવઇ એ,
સિરિ ચડાવી પિતૃસીષ;
તઉ નલ રથિ ચડિ ચલિ એ,
મીઠીય જિમ મધુ ઈષ. ૭૦ તઉ૦

નવપરિણીત લાજઇ કરી એ,
અવનત વદન નિહાલિ;
તઉ નલ કુતૂહલ રસઇ એ,
કુપથ ભણી અસ વાલિ. ૭૧ તઉ૦

વિભ્રમ નવપરિણીતના એ,
દેષિવા એકલઉ ભૂપ;
તઉ પ્રશ્ન એહવા કરઇ એ,
કુણ તરુ પ્રિય એ અનૂપ. ૭૨ તઉ૦

લાજ સિથિલ તેહની કરી એ,
આથમ્યઉ સૂરિજ તામ;
તઉ વિવિધ આલિંગનઇ એ,
પ્રિય રમાવઇ તિણિ ઠામિ. ૭૩ તઉ૦

ઠામિ ઠામઇ સ્ખલન પામતી એ,
દેષિય સેન નલ એમ;
તઉ તમભર પીડવઇ એ,
ચાલિવઉ પંથિ હિવ કેમ. ૭૪ તઉ૦
સૂતીય પ્રિય હિવ જાગવઇ એ,
દૂર કરઉ તમ એહ;
તઉ ભાલતિલક રુચઇ એ,
અદ્ભુત એ જસ લેહ. ૭૫ તઉ૦
ઉગઉ દિનકર દીપતઉ એ,
કરત જાણે જગાજ્યોતિ;
તઉ નાસિય તમ ગયઉ એ,
જિમ સોવન જલિ છોતિ. ૭૬ તઉ૦
કાઉસગ્ગઇ રહ્યઉ મુનિ તિહાં એ,
આગઇ દેષએ ઇરિ;
તઉ વનગજ ભંજિવા એ,
ખાજ કપોલની ભૂરિ. ૭૭ તઉ૦
અંગઘર્ષણ કીયઉ તિણિ જિણઇ એ,
મધુકર રણઝણઇ રંગિ;
તઉ મદજલ વાસના એ,
પસરીય તેહનઇ અંગિ. ૭૮ તઉ૦
જાઇનઇ ચરણિ તેહનઇ નમ્યા એ,
નલનિષધરાજ મુનિ પાસિ;
તઉ જિનધ્રમ સાંભલઇ એ,
પૂછએ મન ઉલ્લાસિ. ૭૯ તઉ૦
ભીમીય ભાલિ ભાસઇ ભલઉ એ,
તિલક રવિતેજ સમાન;
એ પુણ્ય ઇણિ સ્યાં કર્યાં એ,
અમ્હ કહઉ દેષિય ન્યાનિ. ૮૦ તઉ૦

તઉ પૂર્વ ભવઇ ઇણિ તપ કર્યઉ એ,
આસરી જિન જગદીસ;
તઉ ઉજમણઇ દીયા એ,
રતનતિલક ચઉવીસ. ૮૧ તઉ૦
તિણિ થયઉ ભાલિ તેજઇ કરી એ,
તિલક રવિમંડલ ખંડ;
તઉ અનુક્રમિ થાઇસ્યઇ એ,
વલિ કલ્યાણ અખંડ. ૮૨ તઉ૦
મુનિવર વાણિ અમૃત સમી એ,
સુણિ નલ હરષિત હૂઅ;
તઉ નિજ પુરિ આવિયા એ;
સરગઇ જિમ પુર હૂઅ. ૮૩ તઉ૦
દુખ મોરણ તોરણ કર્યા એ,
ઘરિ ઘરિ ગાઇયિ ગીત;
તઉ ગૂડીયા ઉડાયા એ,
સર્વ પુરી હુઈ પ્રીત. ૮૪ તઉ૦
નવ નવ ક્રીડાયઇ કરીએ,
જાણઇ દિન નવિ જાત;
તઉ રાતિ પુણિ સુખિ ગમઇ એ,
થયઉ નલ વિશ્વવિખ્યાત. ૮૫ તઉ૦

## ઢાલ ૨

(બંભણિ જે ધન સંચિયા એ૦)

નલનઇ રાજ દેઈ કરી એ,
યુવરાજ પદ કૂબર સિરિ ધરી એ;
આંપણપઇ વ્રત આદરી એ,
નિષધાધિપતિ સ્વર્ગ લીલા વરી એ. ૮૬

ત્રિવરગ સાધન હિવ કરઇ એ,
નલરાજ પાલઇ જગિ ઉપગરઇ એ;
ક્રમિ ક્રમિ ત્રિણ્હ ખંડ સાધિયા એ,
હયગયરહ બલિ કરિ વાધિયા એ. ૮૭
શ્રી હરિ પરિ અભિષેક એ,
નૃપ સવિ મિલી ધરિય વિવેકુ એ;
નલ-નૃપનઇ કરઇ ચારુ એ,
જિણિ કીધલઉ, સત્રુ સંહારુ એ. ૮૮
કૂર કૂબર હિવ ચિંતવઇ એ,
નલરાજ સિરી કિમ મુઝ હુવઇ એ;
બિહૂ શૃગાલ જિમ હરિતણા એ,
જોવઇ તિમ નલ તણા તે ઘણા એ. ૮૯
નલ નિર્મલ મનમઇ સદા એ,
કૂબરસ્યુ ખેલઇ એકદા એ;
જૂવટઇ ઉવટઇ ચાલતાં એ,
કુણ રાષએ ભાષએ આલતાં એ. ૯૦
અન્યદા અક્ષ નલનૃપ તણા એ,
જાણઇ સવિ અક્ષ-સંચારણા એ;
દૈવ વંકઇ વંકા પડઇ એ,
કુણ વિહિ સેતી આઈ અડઇ એ. ૯૧
ગ્રામાગર પુર હારતઉ એ,
દિન પ્રતિ વિષવાદ મનિ ધારતઉ એ;
દ્યૂત થકી વિરમઇ નહી એ,
જિણિ હાર મીઠી જૂઆઇ કહી એ. ૯૨
સાત વ્યસન એ ધૂરિ કહ્યઉ એ,
જિણઇ સત્ય કાનન હેલઇ દહ્યઉ એ;
તિણિ વ્યસનઇ નલનૃપ રમઇ એ,
મુધા ગ્રામનગર સગલા ગમઇ એ. ૯૩

ભીમજા જાણિ ઇમ વીનવઇ એ,
પ્રિય કાં પડચા ઇણિ મારગિ નવઇ એ;
મધુરિય વાણીયઇ તાણીયઇ એ,
નય મારગિ દોષ વષાણીયઇ એ. ૯૪

દ્યૂત વ્યસન કાં સંગ્રહઉ એ,
તુમ્હનઇ કરીયઇ છઇ આગ્રહઉ એ;
સાકર દૂધ થકાં પીયઇ એ,
કુણ કંજિય રંજિય નિય હીયઇ એ. ૯૫

કૂબર નઇ વસિ મત કરઉ એ,
વસુધા સુધા એહ સ્યઉ આસરઉ એ;
બહ પરવેસિ સરોવરઇ એ,
કહઉ પ્રિયતમ કિમ જષઉ વહઇ એ. ૯૬

ભીમ નૃપઇ પુણિ વારીયઉ એ,
તુમ્હિ કવણ વ્યસન મનિ ધારીયઉ એ;
ઇણથી સોહ કહઉ કિસી એ,
એ વારઇ જે ઉત્તમ રિસિ એ. ૯૭

**યતઃ**

દૈવ જ વંકઉ સ્યું કરઇ
નાહુ ઘલ્લઇ કૂઅ;
કાં વેસાહરિ પાઠવઇ
કાં રમ્માવઇ જૂઅ. (૧)

નવિ માનઇ તે બોલડા એ,
જબ દૈવ હુવઇ મનિ વંકુડા એ;
હારાદિક સવિ હારિયા એ,
હારી વલિ ભીમની દારિયા એ. ૯૮

આનંદ કૂબરનઇ હૂઅઉ એ,
ફલ્યઉ પુણ્યનઇ યોગિ એહિ જ જૂઅઉ એ;

નિરદાપી ન બોલઇ ઇસ્યું એ,
ભૂ છોડતાં ભાઇ આલસ કિસઉ એ. ૯૯
પુરુષ વચન એ સુણિ કરી એ,
નલ નીકલ્યઉ વસ્ત્ર એકો ધરી એ;
પરદેસઇ જાઈ રહઇ એ,
પરં સૂર પર દુરવચન કિમ સહઇ એ. ૧૦૦
ભીમી નલસ્યું નીકલઇ એ,
તબ કૂબર રાષઇ નિજ બલઇ એ;
ભદ્રે તું જીતી અછઇ એ,
કિમ જાઇવઉ યુગત તેહનઇ પછઇ એ. ૧૦૧
મંતિ સામંત સગલા મિલી એ,
કૂબરનઇ પ્રભણઇ ઇમ વલી એ;
એ સતી તિણિ નવિ છેડવી એ,
દુહવિય કાંઈ કરિસ્યઇ નવી એ. ૧૦૨
રથિ ચડાવી હિવ ભીમજા એ,
પહુચાવી પ્રભુની લે રજા એ;
રથિ ચડી વલ્લભા દેષિનઇ એ,
નલિ વાલિયઉ રથ પાછઉ વનઇ એ. ૧૦૩
ચેડીય નેડીય આવિનઇ એ,
કહઇ સાથિ લ્યઉ સ્વામિની અમ્હ વનઇ એ;
ભીમજા અઇ સવિ મૂકિયાં એ,
પુર ભણીય તેજે તિહાં ઢૂકિયાં એ. ૧૦૪

## ઢાલ ૩
(ભમરલી)

પુરમાંહે હિવ ઊછલી, તઉ, ભમરલી.
મુખિ મુખિ એહવી વાત,
રે વિહિ વંછા ઇમ હુતી, તઉ ભમરલી.
કાં કર્યઉ નલ વિખ્યાત. ૧૦૫

સતી સાપ સંકા થકી,
તઉ ભમરલી, રવિ ફરસઇ નહી અંગિ;
નિજ કરિ તે ભીમી હિવઇ,
તઉ ભમરલી, કિમ ચાલિસ્યઇ ઇણિ બંગિ. ૧૦૬
ધિગ ધિગ એ કૂબર ભણી,
તઉ ભમરલી, જિણિ કર્યઉ એહ પ્રપંચ;
રે વિધિ બુધિ થારઇ નહી,
તઉ ભમરલી, એહવઉ મેલ્યઉ સંચ. ૧૦૭
નગરી જન મંત્રી મિલી,
તઉ ભમરલી, રથ આણ્યા છઇ અનેક;
નલિ તે પાછા વાલીયા,
તઉ ભમરલી, સંત ન મૂકઇ ટેક. ૧૦૮
મંત્રી સાથઇ ચાલતાં,
તઉ ભમરલી, આગ્રહિ મૂકયા ઘેરિ;
ઇણ અવસરિ જે આવિસ્યઇ,
તઉ ભમરલી, સાથઇ તે મુજ વેરિ. ૧૦૯
દવદંતી પરિ પુહરમા,
તઉ ભમરલી, નલ સાથઇ તે પહૂત;
પુરનિ શ્રી કહૂઅઉ પછઇ,
તઉ ભમરલી, ઇણિ નૃપિ એહિ જ સૂત. ૧૧૦
તે તે વનની ચારુતા,
તઉ ભમરલી, ગદગદ વાણીયઇ એમ;
દેષાવઇ થાકી પ્રિયા,
તઉં ભમરલી, ચાલિસ્યઇ મારગિ કેમ. ૧૧૧
ઇમ વિકલ્પ મનમઇ ધરઇ,
તઉ ભમરલી, સૂર તપાવઇ અંગ;
પટ અંચલ સિરુવરિ ધર્યઉ,
તઉ ભમરલી, નિજ કરિ નલનૃપ રંગિ. ૧૧૨

કોમલ તનુ પગિ ચાલતાં,
તઉ ભમરલી, સેદ થયઉ અતિ ગાઢ;
પત્રે કરિ તે વીજતઉ,
તઉ ભમરલી, જિણથી થાઅઇ બાઢ. ૧૧૩
તૃષિત પ્રિયાનઇ પાવતઉ,
તઉ ભમરલી, પાણિય આણિય તત્થ;
સરવરથી નલિ નીપુરઇ,
તઉ ભમરલી, દોહિલઉ દયિતા સત્થ. ૧૧૪
ચરણ સંવાહન સાચવઇ,
તઉ ભમરલી, કંતાકંતનઇ કાજિ;
તે વારઇ પ્રિય દોહિલા,
તઉ ભમરલી, મત થાઅઉ ઇમ આજ. ૧૧૫
વનફલ ખાઈ તે રહ્યા,
તઉ ભમરલી દોઊ દિવસનઇ મંઝિ;
શ્રાંત સરીરઇ સૂઈ રહ્યા,
તઉ ભમરલી, લતાઘરઇ તે સંઝિ. ૧૧૬
પરભાતઇ તે ચાલિયા,
તઉ ભમરલી, પહુતા ગુરુ કંતારિ;
કાસારઇ પય ધોઇનઇ,
તઉ ભમરલી, નિરષઇ નલ નિજ નારિ. ૧૧૭
મ્લાન મુખી દેષી પ્રિયા,
તઉ ભમરલી, ચિંતવઇ નલ ઇણ ભાંતિ;
કિહાં પ્રવાલપદ પદમિની,
તઉ ભમરલી, કિહાં એકા પથ પાત. ૧૧૮
ફૂલે સેહર સંપજઇ,
તઉ ભમરલી, ન હુવઇ પાદત્રાણ;

હિવ અસોક પલ્લવિ રચઇ,
તઉ ભમરલી, સેજ સિલાતલિ જાણ. ૧૧૯
દવદંતી સુઇવા ભણી,
તઉ ભમરલી, મત દુખ લહઉ પ્રિય દેહ;
ઉત્તરીય વસ્ત્રઇ કરી,
તઉ ભમરલી, આચ્છાદઇ વલિ તેહ. ૧૨૦
શ્રી નવકાર ગુણી કરી,
તઉ ભમરલી, સરણાં ચ્યારે કીધ;
મંગલ ચ્યારે ચીંતવ્યા,
તઉ ભમરલી, પાપ મિચ્છાકડ દીધ. ૧૨૧
અણસણ સાગારી ભણી,
તઉ ભમરલી, સૂતા મારગિ ખિન્ન;
ભીમી નઉ કર નિજ સિરઇ,
તઉ ભમરલી, નિજ કર તસુ સિરિ દિન્ન. ૧૨૨

## ઢાલ ૪

(રંગીલે આતમા – ઢાલ)

હિવ નલ અનલ તણી પરઇ,
પરજલઇ મારગ દુખિ; રંગીલે આતમા૦
ક્રૂર ઇસઉ તબ ચિંતવઇ,
નિજ આતમ પરતખિ. રંગીલે આતમા૦ ૧૨૩
મારગ સાગરનઉ હિવઇ,
કિમ પામેવઉ પાર; રંગીલે આતમા૦
રમણી સાથઇ જિણિ કર્યઉ,
બંધણ દારુણ દાર. રંગીલે આતમા૦ ૧૨૪
તિણિ એહનઇ સૂતી ત્યજી રે,
જાઉં કિણિહિ કિ ગામિ; રંગીલે૦

પરભાતઇ એ જાઇજ્યો,
જિહા ઇચ્છા તિણિ ઠામિ. રંગીલે૦ ૧૨૫
કુલઘર અથ દેઉર ઘર,
બેઉ સ્ત્રી આધાર; રંગીલે૦
પ્રિયવિયોગ નવિ રહિ સકઇ,
લતા રમણિ નિરધાર. રંગીલે૦ ૧૨૬
ભાવી ભર્તૃવિયોગથી,
નીંદ હૂતિ જિમ આઇ; રંગીલે૦
ભીમિ નયન મુદ્રિત કીયા,
વૈરિણ નીંદ કહાઇ. રંગીલે૦ ૧૨૭
પરીરંભ મુદ્રા હિવઇ,
સિથિલી જોડાવેઇ; રંગીલે૦
નિજ ભુજ ભીમી ભૂજિ ગ્રહ્યઉ,
સિરથી છોડાવેઇ. રંગીલે૦ ૧૨૮
સુગધિ દુગધ નલનઇં હિવઇ,
છોડિ મ જોડિ સુપ્રેમ; રંગીલે૦
ઇણસ્યું જિણિ ચંડાલજ્યું,
ક્રૂર કરમ કરઇ એમ. રંગીલે૦ ૧૨૯
એકલડી સૂતી વનઇ,
વલિ દેઈ વેસાસ; રંગીલે૦
વંછા ત્યજિવાની કરઇ,
ફિટ એ તુજ ઘરવાસ. રંગીલે૦ ૧૩૦
રે રે દૈવ કરાવતઉ,
નવિ લાજ્યઉ એ કર્મ; રંગીલે૦
કેતકિ ઇહ અમેધ્યની,
તુઝ એહવા સવિ ધર્મ. રંગીલે૦ ૧૩૧
ભીમીયઇ જે આક્રમ્યઉ,
વસ્ત્રાંચલ તે ખંચિ; રંગીલે૦

કરઇ છુરી લેઈ કરી,
છેદઇ એહઇ સંચિ. રંગીલે૦ ૧૩૨
નયણઇ નીર ઝરઇ ઘણઉ,
ઘઇ ભુજનઇ ઇમ દોસ; રંગીલે૦
રે દક્ષિણ કર કાં ગ્રહ્યઉ,
એહનઉ પાણિ પ્રદોસિ. રંગીલે૦ ૧૩૩
વીવાહઇ સંભોગનકે,
સાષી તું સરવંગિ; રંગીલે૦
દર દાષીન ન તુઝ થયઉ,
એ તુજ વરુઅઉ અંગ. રંગીલે૦ ૧૩૪
સાચઉ પંડિત ઇમ કહઇ;
જિણિ નિસ્ત્રિંસનઉ યોગ; રંગીલે૦
દક્ષિણ કરિ તિણિ નવિ હુવઇ,
કરુણા કિણઇ પ્રયોગિ. રંગીલે૦ ૧૩૫
ઇમ ચિંતવી લોચનિ જલઇ,
વહતિ છેદિ પટ અંત; રંગીલે૦
નિજ રુધિરઇ અક્ષર ઇસા,
લિખી જણાવઇ કંત. રંગીલે૦ ૧૩૬
વામ ભૂવામી દિસઇ,
વડિ કુંડિનપુર મગ્ગ; રંગીલે૦
દક્ષિણ દિસિ કિંસુ કિયહઇ,
અટકલિ અઉ ઝા અગ્ગિ. રંગીલે૦ ૧૩૭
જિણિ ઠામઇ તુઝ રુચિ હુવઇ,
તિહાં ગજગામિણિ ગચ્છ; રંગીલે૦
હું દેષાડી કિહાં સકું,
નિજ મુખ ખલહ સરિચ્છ. રંગીલે૦ ૧૩૮

## ઢાલ ૫

( ચિતુકલુસા૦ )

એહવઉ લિખિત કરી હિવ નરપતિ,
ગૂઢ દુખ ભરિ રોતઉજી;
પાછઉ વલિ વલિ આવી તિહાંકિણિ,
દવદંતી મુખ જોતઉજી. ૧૩૯
રે વિહિ સર્વ ગુણે કરિ,
અધિકી કાં તઇ ભીમી સિરજીજી;
જઇ સિરજી તઉ કાં તઇ,
દુરમતિ દુખભરિ પાડીતરજીજી. ૧૪૦
આંપણ હાંથિ વધારી બોરડી,
કિમ નિજ કરિ છેદીજઇજી;
અમૃત ભોજન દેઈ પહિલઉ,
મૂત્રચુલૂ કિમ દીજઇજી. ૧૪૧
કાનન સુરિ સવિ સાંભલિજ્યો,
મુઝ વચન ભલાવણિ એહીજી;
એ જિમ મારગ નિરવઉ જાણઇ,
નવિ થાયઇ જિમ વેહીજી. ૧૪૨
એહવઉ કહિય વહિય વલિયા છઉ,
ખણિ ખણિ નયન પસારઇજી;
જાત જાત તરુ અંતરિ દુખ ભરિ,
અદૃશપણઉ તે ધારઇજી. ૧૪૩
વન્ય હિંસ્ર કોઈ તિહાં આઈ,
સૂતીનઇ મત ખાઅઉજી;
પાછઉ વલિ નલ તિહાં હિજિ આવ્યઉ,
ઉદય દિવસ નઉ થાઅઉજી. ૧૪૪

મનમહિ ખેદ કરઇ ઇમ ઊભઉ,
કાંઇ તું ભસમ ન થાયઇજી;
એકલડી પ્રિયતમ એ વનમઇ,
સૂતી મૂકી જાયઇજી. ૧૪૫

ઇમ વિચાર કરતાં દુખ ધરતાં,
રયણી તાસુ વિહાઇજી;
સૂતી પ્રિયા ભણી કરુણાઅઇ,
હૂઅઉ તેહ સખાઇજી. ૧૪૬

હિવ ઉદયાચલ ચૂલાંઅઇ,
રવિ આવ્યઉ જાણી ચાલઇજી;
લોચનિ અશ્રુનીર તે વહતઉ,
હીયડઇ ભીમી સાલઇજી. ૧૪૭

આગઇ જાલા માલા સંકુલ,
દાવાનલ નલ દેષઇજી;
વનના જીવ કરઇ આક્રંદન,
નિષધનંદન તે ઉવેષઇજી. ૧૪૮

તિણમઇ માનુષ ભાષાઅઇ,
ઇકુ બોલત સુણિત સુપાસઇજી;
આવ્યઉ નિસુણઇ નિજ નામાંકિત,
વૃત્ત એહ ઉલ્લાસઇજી. ૧૪૯.

શ્લોક

इक्ष्वाकुकुलपाथोधि चन्द्रविश्वैकवत्सल ।
रक्ष मां नल राजेन्द्र दह्यमानं दवाग्निना ॥ १५०

તેહ વચન અનુસારઇ જાતાં,
વલી વનહ વિચાલઇજી;
જલિતઉ ટલવલતઉ નલ વલતઉ,
તેહનઇ જાઇ નિહાલઇજી. ૧૫૧

હિવ તેહનઇ બોલાવઇ ઇણ પરિ,
મહાનાગ કિમ જાણઉજી;
માહરઉ નામ વલી નરભાષા,
પાટવ એહ ધરાણઉજી. ૧૫૨
મહાભાગ પૂરવ ભવિ હુંતઉ,
માનવ તિણિ નરવાણીજી;
પૂર્વ વાસના યોગઇ હૂઈ,
તેહની એ અહિનાણીજી. ૧૫૩
અવધિન્યાન અછઇ વલિ નિરમલ,
તિણિ જગ સગલું જાણુંજી;
પાણિ કમલિ આમલક તણિ પરિ,
સ્યું હું આપ વષાણુંજી. ૧૫૪
તિણિ કારણિ મુઝનઇ નલ રાષઉ,
દાષઉ નેહ મ ચૂકઉજી;
હું પુણિ તુઝ ઉપગાર કરિસુ,
તિણિ આવીનઇ ઇહાં ઢૂકઉજી. ૧૫૫
એહવઇ કહ્યઇ લતા ગહનઇ,
નલ વસ્ત્રાંચલ નિજ ઘાલઇજી;
લાગઉ નાગ જાણિ હિવ ખાંચઇ,
ઉત્તમ વચન નહાલઇજી. ૧૫૬
કૂપ થકી જલ જિમ ખાંચીતઉ,
પાણિઇ ડસિવા લાગઉજી;
ઉપગરતાં સજ્જનનઇ દૂષઇ,
દૂજણ જેમ નિભાગઉજી. ૧૫૭
પાણિ થકી છંડાવી ભૂતલિ,
નલિ તે લેઇ ઉલાલ્યઉજી;
નલ બોલઇ ઉપગાર કરેસું,
વર એ વચનનઇ પાલ્યઉજી. ૧૫૮

ડંકઇ વિસ વ્યાપઉ તિણિ,
હૂઅઉ કુબજ રૂપ નરરાયાજી;
વઈરાગઇ વ્રત લેવા વંછઇ,
દેષી કુચ્છિત કાયાજી. ૧૫૯
દેવરૂપ ધરિ કહઇ ભુજંગમ,
નિષધ નામિ તુઝ તાયાજી;
બ્રહ્મલોકિ દીક્ષા પરભાવઇ,
વછ મઇ સુરપદ પાયાજી. ૧૬૦
દેષી વ્યસન તાહરઉ એહવઉ,
ઉધરિવા ઇહાં આયાજી;
તિણિ વિષાદ મ કરે મનમાંહઇ,
એ મઇ કીધી માયાજી. ૧૬૧
તુજનઇ હિવ ચિંતવિ મઇ કીધઉ,
એ વિરૂપ તુઝ અંગઇજી;
કરસ્યઇ કોઇ ઉપદ્રવ તુઝનઇ,
નવિ દેષી ઇણિ બંગઇજી. ૧૬૨
વચ્છ અજી ભોગવિવઉ તુઝનઇ,
ભરતારધ એ સારઉજી;
અવસરિ દીક્ષા સમય જણાવિસિ,
હું રખવાલઉ થારઉજી. ૧૬૩
એ પરતષિ શ્રીફલ શ્રીફલ,
વલિ એ કરંડિકા ગ્રહીયઇજી;
જીવિતની પરિ રાષે રૂડઇ,
એ તુઝનઇ વલિ કહીયઇજી. ૧૬૪
નિજ સ્વરૂપ પ્રગટેવા વંછઇ,
તબ દુકૂલ વછ ઇહિથીજી;
કાઢેવા હારાદિક ભૂષણ,
વલિ કરંડિકા મહિથીજી. ૧૬૫

એ જબ પિહરસિ તું નિજ અંગઇ,
નિજ સરૂપ તબ થાસ્યઇજી;
કુબજિતપણઉ દિવાકર દીઠઇ,
તમ જિમ એ . તુઝ જાસ્યઇજી. ૧૬૬
એઉ દેઇ કહઇ સુર તુઝનઇ,
પહુચાવું તિણિ ઠામઇજી;
જાઇવઉ તુઝનઇ છઇ જિણિ ઠામઇ,
પુરિ અથવા વર ગામઇજી. ૧૬૭
સુંસમારપુરિ મૂકઉ મુઝનઇ,
લેઈ નલ સુરિ બોલઇજી;
મૂકયઉ હરષિત મન ધરિ નિજ કરિ,
સુંસમારપુર પોલઇજી. ૧૬૮

## ઢાલ ૬

(જકડી)

પુર અભિમુખ જાવઇ જિસઇ,
વિકસિત મુખ નલરાયા;
મઠ શાલાદિક ભાંજતઉ,
દેષઇ તિહાં ગજરાયા.

ગજરાય દેષઇ કવણ લેષઇ
તેહ આગલિ મદ ભરઇ;
સવિ પૌર નરનારી દિસોદિસિ
નાસતી ભયકરિ ફિરઇ;
નવિ કોઇ તેહનઇ વસિ કરેવા
સકઇ પ્રલયાનલ જિસઉ;
સંહાર પ્રજનઉ દેષિ રાજા
ઉર્ધ્વબાહુ કહઇ ઇસઉ. ૧૬૯

રે રે વયણ સુણઉ સવે,
માહરઉ એહવઉ આજ;
જે એહનઇ નિજ કરિ કરઇ
તેહના સારું કાજ.

તસુ કાજ સારું જસ વધારું
ઇમ કહ્યઇ શ્રી નલ તિહાં;
ધરિ પવર વિક્રમ અભિમુહા
ક્રમ કરિ કરી મઇ મત જિહાં;
મનમાંહિ ભય લવલેસ ન ગિણઇ
જાણિ સિંધુર સંકટઇ;
નિજ કલાવાની પરિષએ,
નલ જેમ હેમનઇ કસવટઇ. ૧૭૦
નગરીજન વારઇ તિહાં
હાહારવ મુખિ ભાષિ;
મ મરિ મ મરિ કરિ એવુ રઉ,
કુબ્જ વીરિ જ નિજ રાંષિ.

નિજ રાષિ વીરિજ કુબ્જ અપનઉ
કુબ્જ ગજ એ નવિ હુવઇ;
નલ અનિલ ગતિ મઇ મત કરી
પ્રતિ નિષ્ટુ લેઇનઇ ખિવઇ;
રે રે દુરાતમ ગજ કિસું પ્રજ
નિબલ સ્ત્રી સિસુનઇ હણઇ;
હું અતુલ બલ તુઝ આગલઇ
કલિ આવીયઉ નિજ પરપણઇ. ૧૭૧
ઇણ વચનઇ અભિમુખ થઈ,
ધાવ્યઉ સિંધુર તામ;

કુબજ કુબજ ક્રમ કરિ કરી,
ખેલાવઇ અભિરામ.

ખેલાવઇ એ અભિરામ મઇંગલ
ખિન્ન જાણી આગલઇ;
ઉતરીય પટ કંદુક પરઇ કરિ
નાષએ તિહાં આફલઇ.
નિજ દંત આપઇ તેહ ઉપરિ
જાણિ એ મુઝ પરિભવઇ;
આફાલએ ચડિ પાણિ ભાલ
સ્છલઇ મુખિ મધુરઉ લવઇ. ૧૭૨
આણી આલાનઇ ધરઇ,
નલ બલિ કલિ છલિ નાગ;
શ્રી દધિપર્ણ નૃપતિ ઇસું,
ચિંતવઇ એ વડભાગ.

વડભાગ લાગ અછઇ વિચક્ષણ
ન સામાન એ અટકલઇ;
વર રતન માલા ગુણ વિસાલા
ઘલાવઇ ગલ કંદલઇ;
આલાનખંભઇ બંધિનઇ ગજ
જય જયારવ પ્રજતણા;
નિજ કર્ણિં સુણતઉ આવઇ એ
નૃપ પાસિ હૂઅ વધામણા. ૧૭૩
અંગાભરણ સવે દિયઇ,
ઘઇ અનુકૂલ દુકૂલ;
સનમાનઇ નૃપ નલ ભણી,
પૂછઇ ગૃહનઉ મૂલ.

પૂછએ ગૃહનઉ મૂલ નરપતિ
કંલાવંસ તુમ્હાં તણા;
કુણ કુબજ બોલઇ કોસલા મુઝ
જંનમઠામ સુહામણા;
સૂઆર નલ નૃપ તણઉ હુંડિક
નામિ તેહથી સવિ કલા;
સીષી વિસેષઇ સહૂ પેષઇ
જગતિ એ સંગતિફલા. ૧૭૪

સૂર્યપાક રસવઇ ભલી,
નલની પરિ નરરાય;
ભૂતલિ હું પુણિ કરિસઉં,
શ્રી નલતણઇ રે પસાય.

નલતણઇ પરસાદઇ પ્રકાસું
એહ રસવઇ નરવઈ;
કૂબર કરઇ ધર હરિ
દારા સહિત દેસંતર ગઈ;
નલ થયઉ અથવા મૂઅઉ કિહાં કિણિ
સાંભલી દધિપર્ણ એ;
તસુ પ્રેતકર્મ કરઇ સવિસ્તર
સમરિ ગુણ દધિપર્ણ એ. ૧૭૫

અન્ય દિવસિ અભ્યર્થના,
રસવઇ કાજિ કરેઈ;
વિદ્યા સૂર્ય તણી સ્મરઇ,
આતપિ થાલિ ધરેઈ.

આતપઇ થાલી જલિ પષાલી
ધરઇ સાલી માંહિ એ;

સૂરપાક રસવઈ કરિ જિમાવઈ
સહૂનઈ ઉમાહિ એ;
તિણિ રસઈ લીણઉ ગુણઈ પ્રીણઉ
લક્ષ ટંક દિવાવએ;
પંચસય ગ્રામે સહિત રાજા
કુબજ પાસિ ધરાવએ. ૧૭૬
ગ્રામ સવે રાષઉ ઘરે,
લેસ્યું ટંકા એહ;
વલિ રાજા કહઈ કુબજજી,
જે વંછા હુઈ તેહ.

વંછા કુબજ જે હુવઈ તુઝનઈ
તે કહેવી મુઝ ભણી;
તુઝ આણ જેતી ધરણિ માંહે
તિહાં વારેવી ધણી;
દ્યૂત મદ્ય મૃગયા કરિ મયા
મુઝ સુણી રાજા તિમ કરઇ;
ઈમ સુખઈ દિન રયણી ગમાવઈ
કુબજ હરષ હિયઈ ધરઈ. ૧૭૭

## ઢાલ ૭

(ચસણિં દખોલઇ ધરઇ૦)

અન્ય દિવસિ સરસી તટઈ
તરુ છાયાયઇ પ્રસન્ન રે;
બયઠઉ કુબજ દેસંતરી
આવી પાસિ નિષન્ન રે. ૧૭૮
ગીત વિનોદ કરઈ ઘણા
વિપ્ર એક સુવિવેક રે;

કૂબજ રૂપ દેષી કરી
હરષ ધરઇ અતિરેક રે. ૧૭૯ આંકણી
તિહાં દુઇ શ્લોક ઇસા કહઇ
નલરાજા સંબધિ રે;
જાગ્યઉ કુબજ તણઇ હિયઇ
ભીમીનઉ પ્રતિબંધ રે. ૧૮૦ ગીત૦

**अनार्याणामलज्जानां दुर्बुधानां हतात्मनां ।**
**रेखां मन्ये नलस्यैव यः सुप्तामत्यजत् प्रियां ॥ १**
**विस्रब्धां वल्लभां स्निग्धां सुप्तामेकाकिनीं वने ।**
**त्यक्तुकामोपिजातः किं तत्रैव हि न भस्मसात् ॥ २**

કુબજ કહઇ સુહુ ગાઇયઉ
કુણ વિપ્ર કિહાંથી આયઉ રે;
કિહાં નલચરિત સુણ્યઉ ઇસઉ
ઇણ પ્રશ્ને તે ભાયઉ રે. ૧૮૧ ગીત૦
કુસલ નામ વિપ્ર હું અછું
કુંડિનપુરથી ઇત્થ રે;
આયઉ તિહાં નલ સંકથા
નિસુણી એ પરમત્થ રે. ૧૮૨ ગીત૦
વિકસિત વદન કુબજ ભણઇ
એહનઉ વાત વિચાર રે;
ભીમી ત્યાગાવધિ સુણ્યઉ
આગઇ કવણ પ્રકાર રે. ૧૮૩ ગીત૦
હિવ દ્વિજ પ્રભણઇ સંભલઉ
સૂતી નલિ હિવ મુત્ત રે;
રયણિ વિહાયઇ જિણ સમઇ
દેષઇ સુપિન એ સુત્ત રે. ૧૮૪ ગીત૦
સહકારઇ ચડિ ફલ વડા
કરતી વર આસ્વાદ રે;

ગજિ ઉનમૂલ્યઉ તે તરૂ
ભૂ પડી લહ્યઉ વિષાદ રે. ૧૮૫ ગીત૦
પરભાતઇ જાગી જિસ્યઇ
પ્રિયતમ નયણિ ન દિઠ્ઠ રે;
ભયભ્રાંતા કંપિત હિયઇ
સોકસમુદ્રિ પવિઠ્ઠ રે. ૧૮૬ ગીત૦

## ઢાલ ૮

(જિમ સહકારઇ૦)

રે રે દૈવ કિસું તઇં કીધઉ
તાહરઉ દ્રવ્ય કિસઉ હરિ લીધઉ;
નિરાધાર મૂકી ઇહાં એ
પતિ નવિ દેષું નયણઇ આજ,
દુખસાગરિ પડતાં જે પાજ
રે વિહિ હું જાઉં કિહાં એ. ૧૮૭
મુખ પ્યાલેવા સ્યું સરિ પહુતઉ
કિંવા પ્રિયડઉ હાસઉ વહતઉ;
તરુ અંતરિ છાનઉ થયઉ એ
અથવા પ્રિય મુઝ સોહગ સાર,
વનદેવીયઇ કર્યઉ અપહાર
કિંવા કેલિ કરણિ ગયઉ એ. ૧૮૮
ઇમ વિકલ્પ ધરિ દેષઇ ઊઠી
તરુ તરુ નયણ જલઇ કરિ વૂઠી;
નવિ દેષઇ પ્રિયતમ વનઇ એ
શોક ભરઇ ગાઢ સ્વરિ રોતી,
વિરહઇ હરિણીની પરિ જોતી
દુસ્સહ દુખ ધરતી મનઇ એ. ૧૮૯

દેખિ દસા દવદંતી કેરી
પસુપંખી આયા તસુ ઘેરી;
આંષઇ રોવઇ સવિ મિલી એ
સુપિન વિચાર કરેવા લાગી,
પ્રિય મુઝ આમ્ર અછઇ વડભાગી
રાજસિરી ફલ આવલી એ. ૧૯૦
કૂબર વારણ સમ પરિભાવુ
પતિવિયોગ પાતઇ સંભાવું;
એ ફલ કર્મતણા ગિણું એ
પૂર્વભવઇ કીધા જે પાપ,
તેહનઉ એ હૂઅઉ સંતાપ
કિસઉ દોષ પરનઉ ભણું એ. ૧૯૧
જોતાં જોતાં પટનઇ અંતિ
અક્ષર દેષઇ લિખિયા કંતિ;
વાચી તે મનિ ઉલસઇ એ
ઇમ વિચાર કરઇ તે રમણી,
પ્રિય હિયડઇ નિવસું ગજગમણી
જિમ મુઝનઇ ઇમ આઇસઇ એ. ૧૯૨
વટ અહિનાણિ જનક ઘર જોગ
મુઝનઇ પ્રિયતમ તણઇ વિયોગિ;
તાતગૃહઇ ચાલી હિવઇ એ
ભયકરિ કાતર દૃષ્ટિ વરંગી,
જાણે વનમઇ પડી કુરંગી
શ્રી નવકાર મુખઇ લવઇ એ. ૧૯૩
હૃદયકમલિ નલહંસ વહંતી
સિંહીની પરિ માનઇ દંતી;
સિંહ અંબિકાસમ ગિણઇ એ
ભુજગ જાંગુલી રૂપઇ પેષઇ,

હિંસ્ર જીવ સવિ મિત્રની રેખઇ
જાણઇ તેહનઇ તિણિ ખિણઇ એ. ૧૯૪
પગ ઉઘરાણી રાણી ચાલઇ
હિયડઇ માંહે પ્રીયડઉ સાલઇ;
ડાભ અણી ચોગઇ વહઇ એ
રુધિર ચરણ સુંઆલા તાસુ,
તરુ પ્રવાલની ઊપમ જાસુ
કીધા કર્મ સહૂ સહઇ એ. ૧૯૫

## ઢાલ ૯

(ગુંડ મલ્હાર : એહવા પુત્ર૦)

હિવ વનનઇ ઉલ્લંઘિવા
ભલઉ સાથ સંઘાત રે;
દોહિલઉ એકલાં લંઘિવઉ
વલિ વનિતાની જાતિ રે. ૧૯૬
એહવઉ ભીમી ચિંતવઇ.
અરે સકટ સંઘાત આવી મલ્યઉ
મન આયઉ ઠામ રે;
ચૌર ધાટી તસુ રૂધિવા
મિલી બહુલીય તામ રે. ૧૯૭ એ૦
ઊર્ધ્વ ભુજા ધરી ઇમ કહઇ,
જાઅઉ જાઅઉ દૂરિ રે;
સાથ લૂંટેવા લાગતી
હુંકારનઇ પૂરિ રે. ૧૯૮ એ૦
બીહાડી નાસી ગઈ
સતી સત્ય પ્રમાણિ રે;
સાર્થધણી પરિવારસ્યું
આવી કુલસુરી જાણિ રે. ૧૯૯ એ૦

તેહ મહાસતી પય નમઇ
ભમઇ વિજન પ્રદેસિ રે;
કવણઉ કામિની ઇમ ભણઇ
અમ્હ પુણ્ય પ્રવેસિ રે. ૨૦૦ એ૦
કિહાં થકી સ્વામિની આવિયા
તબ નલપ્રિયા ભાષઇ રે;
મૂલથી ચરિત જે આંપણઉ
નિજ ભયણિજ્યું રાષઇ રે. ૨૦૧ એ૦
જાણી નલ રમણી સહી
તંગોટીયઇ તેહ રે;
વર્ષા રિતુ આવ્યઉ હિવૃઇ
લાગઉ વરસિવા મેહ રે. ૨૦૨ એ૦
ખૂતા શકટ કાદમ વિચઇ
ધરઇ વસ્તુ કદંબ રે;
વૃષ્ટિ અભાવઇ આતપઇ
ચિરકાલ વિલંબ રે. ૨૦૩ એ૦
જાણીય સાથનઉ તે વલી
અણ પૂછિય તાસુ રે;
નીકલી એકલી દેષ એ.
આગઇ તપ અવભાસુ રે. ૨૦૪ એ૦
રાક્ષસ ખાઇવા આવતઉ
બોલઇ ભીમની જાત રે;
સુણિ ભદ્ર ભય નહી યમ તણઉ
મુઝ તું કુણ માત રે. ૨૦૫ એ૦
પરરમણી ફરસઇ સહી
થાસિ ભસ્મ સમાન રે;
તેહનઉ સત્થ દેખી કરી
પ્રેમ ધર્યઉ અગાન રે. ૨૦૬ એ૦

સ્યું તુઝ વંછિત હું કરું
કહઇ ભીમીય એમ રે;
પ્રિયસંયોગ કદઇ હુસ્યઇ
ભણિ ધરિ મનિ પ્રેમ રે. ૨૦૭ એ૦

બાર વરસ અંતઇ હુસ્યઇ
પ્રિયનઉ સંયોગ રે;
સવિ વંછિત મુઝ તઇ દીયઉ
ભણઇ પુણ્ય પ્રયોગિ રે. ૨૦૮ એ૦

તુઝ ભણી સ્વસ્તિ થાઅઉ સદા
પહુચઉ ધ્રમ પક્ષ રે;
કરિજ્યો દેવરૂપી થઇ
થયઉ તુરતિ અલક્ષ રે. ૨૦૯ એ૦

તિણિ સમઇ એ અભિગ્રહ લિયઇ
નલ રાયની જાય રે;
રક્ત વસ્ત્ર પિહરું નહી
સવિ વિકૃતિનઉ ચાય રે. ૨૧૦ એ૦

પુષ્ફ આભરણ પિહરણ તણઉ
પ્રતિષેધ મુઝ હોઇ રે;
મુખિ તાંબૂલ ન ખાઇવઉ
ન મિલઇ જાં સોઇ રે. ૨૧૧ એ૦

અવસરિ ગિરિકંદર વિચઇ
રચિ શાંતિની મૂર્ત્તિ રે;
મૃદમયી કોણિ થાપી કરી
જિહાંથી સુખ પૂર્ત્તિ રે. ૨૧૨ એ૦

અચરઇ ફૂલ ફલે કરી
તપ કરઇ ઉદાર રે;
પારણઇ સહજ પતિત ફલે
તરુથી આહાર રે. ૨૧૩ એ૦

સમરતી શ્રી નવકારનઇ
એકલી નિરભીક રે;
કાલ ઘણઉ તિહાં તિણિ ગમ્યઉ
ફલ આવ્યઉ નિજીક રે. ૨૧૪ એ૦
સાર્થપતી કેડઇ તીયઇ
પગ પગ અનુસારિ રે;
જિહાં શ્રી જિન પૂજઇ સતી
તિહાં આવઇ ઉદાર રે. ૨૧૫ એ૦
એ પ્રતિમા કહઉ કેહની
કહઇ નલતણી કંત રે;
સોલમ શ્રી જિન શાંતિની
હું અરચું એકંત રે. ૨૧૬ એ૦
સુણિ આલાપ તીયાંતણા
આયા તાપસ વૃંદ રે;
ભીમી શ્રી જિન ધ્રમ કહઇ
સુણઇ આનંદકંદ રે. ૨૧૭ એ૦
સુભ ક્રમ સારથનઉ ધણી
નામઇ જેહ વસંત રે;
જિન ધ્રમ આદરિ તિહાં રહ્યઉ
સાથ સહિત ધીમંત રે. ૨૧૮ એ૦
અન્ય દિવસિ આશ્રમતણા
વાસી તાપસ રાસિ રે;
આકુલ વૃષ્ટિ ધારા કરી
થયાં સહૂઅ વિમાસિ રે. ૨૧૯ એ૦
કરિ કૃપા કુંડલ કરિ કરી
ભીમી ભાવિ ભમાડઇ રે;
શ્રી જિનોપાસિકા છું સતી
ભણઇ એમ ઉજાડઇ રે. ૨૨૦ એ૦

મત વરસઉ એ જલધરા
કથનઇ રહ્યઉ મેહ રે;
તાપસ સવિ નિરાકુલ થયા
વિસમિત થયા તેહ રે. ૨૨૧ એ૦
નિશ્ચિત એ કોઇ સુરી
નારી રૂપઇ જાણિ રે;
પ્રતિબુધો જિનધ્રમ ધરઇ
સુણિ તેહની વાણિ રે. ૨૨૨ એ૦
સાર્થપતિઇ તિહાં પુર રચ્યઉ
કર્યઉ શાંતિવિહાર રે;
તુંગ તોરણ તણી કોરણી
વરણી તસુ સાર રે. ૨૨૩ એ૦
પંચસય તાપસ જે તિહાં
પ્રતિબોધ્યા સાધુ રે;
તાપસપુર નામઇ થયઉ
પુર તિણિ નિરબાધુ રે. ૨૨૪ એ૦
અન્યદા તિહાં યશોભદ્ર ગુરૂ
આયા તેહનઇ પાસિ રે;
કુલપતિ સંયમ આદરઇ
વૈરાગ્ય નિવાસ રે. ૨૨૫ એ૦
પંચદિનમાન નિજ આઉનઉ
ગુરુ કથનિ નિરીષ રે;
નવપરણીત કૂબરતણુઉ
સુત લઇ જિન દીષ રે. ૨૨૬ એ૦
ગિરિ શૃંગઇ કેવલિ થયઉ
દીક્ષા લેત પ્રમાણ રે;
તસુ મહિમા કરિવા ભણી
આવઇ દેવ વિમાણ રે. ૨૨૭ એ૦

ભીમી તાપસ સવિ મિલી
લેઇ સાર્થપતિ સાથિ રે;
તિણિ નમિવા ચાલ્યા હિવઇ
જાણિ કેવલ આથિ રે. ૨૨૮ એ૦

તિણિ ગિરિશૃંગિ જાઈ સુણઇ
ધ્રમદેસના તાસુ રે;
તે પુણિ વૈદર્ભી તણા
કરઇ સુગુણ પ્રકાસુ રે. ૨૨૯ એ૦

સત્ય વચન એ વરસતી
ધ્રમમર્મની જાણ રે;
પરમાર્હત જાણઉ કરઇ
કેવલિય વષાણ રે. ૨૩૦ એ૦

સેષ કરમનઉ ક્ષય કરી
ગયઉ મોક્ષ મઝારી રે;
કેવલી તે વલી પૂછીયઉ
ભદ્ર તિણિ નારિ રે. ૨૩૧ એ૦

સ્વામિય પૂર્વભવઈ કિસા
કર્યા કરમ પ્રકાર રે;
જિણિ પ્રિયનઉ મુઝનઇ થયઉ
એ વિરહ વિકાર રે. ૨૩૨ એ૦

## ઢાલ ૧૦

(સુણિ સુણિ જંબૂ ૦ ઢાલ)

ભદ્રે પૂર્વ ભવઇ નલ નરવઇ
મમ્મણ નામઇ હૂઅઉ તુઝ પઈ;
વીરમતી નામઇ તેહની પ્રિયા
તું હૂઈ સુખમઇ દિન તુમ્હ ગયા.

તુમ્હ ગયા દિન સુખમાંહિ બહુલા
અન્યદા તુમ્હિ જાવતાં;
આવતઉ અભિમુખ સાધુ દીઠઉ
અપસકુન ઇમ. ભાવતાં;
દ્વાદસ ઘડી તાંઇ તુમ્હે તે લેઇ
રૂધ્યઉ મુનિવરૂ;
મનિ છોડિ ક્રોધ વિરોધ
ખામ્યઉ ચરણિ લાગી ગુણધરૂ. ૨૩૩
તિણિ એ વિરહ બારસ વરસાં તણઉ
કિમ છૂટઇ ક્રમ બાંધ્યઉ આપણઉ;
અણભોગવીયઉ ભોલી તું લીયઇ
જિન પૂજંતાં દિન તસુ વોલીયઇ.

બોલીયઇ દિન તસુ પૂજ કરતાં
સાત વરિસ ક્રમઇ ગયા;
અન્યદા. બંભણ કોઇ આઈ
જિહાં છઇ તે સાવિયા;
પ્રભણઇ ગુહાંનઇ દારિ એહવઉ
સુણિ વિદર્ભી તાહરઉ;
પ્રિયતમ નિહાલ્યઉ નિકટ જાતઉ
વચન સદ્દહિ માહરઉ. ૨૩૪
સાથ સંઘાતઇ હું ઉચ્છુક થયઉ
જાઉં છું પડખઇ નહી તે ગયઉ;
ધાઈ તિણિ પૂઠઇ ભીમી સતી
વનમઇ દેષઇ રાક્ષસિ આવતી.

આવતી રાક્ષસિ દેષિ
થંભઇ સીલ પરભાવઇ તદા;

ચાલ એ આગઇ અધિક લાગઇ
તેહનઇ ત્રિસ આપદા;
પાહણી સેતી ભૂમિ આહણી
સીલ લીલઇ નઈ કરી રમઇ કરી;
તિહાં સ્નાનપાન મનોભિલાષઇ
કરઇ જલલહિ સુંદરી. ૨૩૫

અન્ય દિવસિ દવદંતી ચાલતી
સારથપતિ ધનદેવસ્યું ગુણવતી;
અચલપુરઇ પહુતી બાહિરિ રહી
સરવર પાલિ અહવ દેઉલ લહી.

તે લહી દેઉલ અહવ સરવર પાંલિ
ઊભી છઇ તિહાં;
રિતુપર્ણ રાજા તણી જાયા
આઇ દેષઇ એ કિહાં;
ચંદ્રયશા નામઇ તાસુ માસી
નિય ઘરઇ આણાવએ;
જે છઇ સગાઈ માહોમાંહી
કહીનઇ ન જણાવઇએ. ૨૩૬

બાલ દસાંઅઇ દીઠી તે હુંતી
ઊષલી પર નવિ તિણ અવસરિ છતી;
નિજ સરૂપ તે પૂછી નવિ અષઇ
રાષઇ રૂડાં નિજ પુત્રી રુષઇ.

નિજ પુત્રિકાની પરઇ રાષઇ
રુડી પરિ માસી ઇસી;
હિવ સીષિ લહિ સત્રસાલા માંડી
દાન આપઇ ઉલ્લસી;

પુરમઇં વદંગલ કરત પિંગલ
નામિ ચોર છુડાવઇએ;
લે જાવતા વધભૂમિ
ભૂમિપતિ કથન . નિસુણાવએ. ૨૩૭
તે સાર્થે સ વસંતનઉ દાસ છઇ
કહિવા લાગઉ ભીમીનઇ પછઇ;
શ્રી તાપસપુર હુંતી જબ ચાલ્યા
સાર્થપતી તબ સગલઇં આકુલ્યા.

આકુલ્યા સગલાં નવિ મિલ્યા તુમ્હ
હૃદય દુખ ભરઇ ભર્યઉ;
દિન સાત પૂઠઇ ગુરુ તણી સુણિ
વાણિ તિણિ ભોજન કર્યઉ;
આખ્યાં થકી અશ્રુનીર વહતઉ
રતિ ન લહતઉ કિણિ પરઇ;
અન્ય દિવસિ કૂબરનૃપ આદેસઇ
નૃપ થયઉ તિણિ પુરવરઇ. ૨૩૮
નામિ વસંત શ્રીસેષર દીયઉ
તુઝ પ્રસાદઇ નિજ પુરિ આવીયઉ;
બોલઇ ભીમી વછ દીક્ષા ગ્રહઉ
જિમ સુર સુખ તતિ હેલઇ તુમ્હ લહઉ.

તુમ્હ લહઉ સુરસુખ કહઇ ભીમી
માણુઅ જનમ ન હારીયઇ;
તિણ વચનિ દીક્ષા ગ્રહી
આશ્રવ દ્વાર પાંચે વારીયઇ;
અન્યદા કુંડિનપુર થકી
હરિમિત્ર બંભણ આવએ;
આસીસ નૃપનઇ દેઇનઇ
ચંદ્રયશા પાસઇ જાવએં. ૨૩૯

## ઢાલ ૧૧

( આતમરામ૦ )

પરિચિત પૂર્વઇ તે અછઇ
પૂછઇ ક્ષેમની વાત;
સ્વસા કુસલ છઇ પુણિ સુણઉ
ચિંતા છઇ તસુ માત. ૨૪૦
સોભાગનિધિ સંભલઉજી.
નલદવદંતી કિહાં અછઇ
તેહની નવિ છઇ સુદ્ધિ;
કૂબર હાથઇ નલનૃપઇ
હારી સગલી રિદ્ધિ. ૨૪૧ સોભા૦
કાનન માંહઇ નીકલ્યઉ
સૂતી ભીમી છાંડિ;
નલ કયાંહી નાસી ગયઉ
એહવઉ કરિ વિણસાડ. ૨૪૨ સોભા૦
તે સુણિ ભીમ નૃપતિ વલી
પુફદંતી તસુ માંઇ;
તેહની સુધિ લેવા ભણી
મૂકયઉ હું સમઝાઇ. ૨૪૩ સોભા૦
ગામિ ગામિ પુરિ પુરિ વલી
વનિ વનિ ભ્રમતઉ ઇત્થ;
આવ્યઉ પુણિ મઇ તેહનઉ
નવિ લાધઉ પરમત્થ. ૨૪૪ સોભા૦
આક્રંદ રાણીનઉ સુણી
નૃપકુલ થયઉ સસોક;
સ્વામી અનુગામી હુવઇ
જિણિ એ સગલઉ લોક. ૨૪૫ સોભા૦

ભૂષઉ વિપ્ર ભોજન ભણી
ભોજન આપઇ ભીમિ;
પહુતઉ તિણિ ઠામઇ તિકો
કહઇ તું બઇસી જીમિ. ૨૪૬ સોભા૦
ભીમિ દેખિ વિસમિત હૂઅઉ
નમી ભણઇ ઇમ વાણિ;
ભમી ભમી ચિર નિજ ગૃહઇ
કીદ્દી તું ગુણખાણિ. ૨૪૭ સોભા૦
ઘરમહિં ચિંતામણિ થકાં
ભૂમિ ભમઇ બહુ મૂઢ;
મણિ કાજઇ તિમ હું ફિર્યઉ
ધરિ ચિંતા તસુ ગૂઢ. ૨૪૮ સોભા૦
દ્વિજ માસી નરપતિ ભણી
વદ્ધાવઇ તિહાં જાઇ;
શોક અશ્રુ ફિરિ તેહનઇ
આનંદ અશ્રુ તે થાઇ. ૨૪૯ સોભા૦
ગાઢાલિંગન દેઇનઇ
બલિ જાઉં વછ તુબ્ભ;
ચંદ્રયશા આવી કહઇ
સત્રસાલાનઇ મબ્ભિ. ૨૫૦ સોભા૦
ધિગ મુઝનઇ જિણિ મૂઢમઇ
ભાણેજી નિજ ધામિ;
આવી પુણિ જાણિ નહી
ન જણાવી નિજ ઠામિ. ૨૫૧ સોભા૦
નિજ ગોપન કરિ વાલહી
કાં તઇ વંચી વચ્છ;
અમ્હ મનહંસ વિનોદિવા
કુમુદણિ સરસિ સરિચ્છ. ૨૫૨ સોભા૦

નિજ ઘરિ આણીનઇ હિવઇ
સુરભિ વારિ કરિ ન્હાણ;
ભીમી અંગિ કરાવિનઇ
પિહરાવઇ સુવિનાણ. ૨૫૩ સોભા૦
વર દુકૂલ યુગલી વલી
રાણી કરિ તસુ આલિ;
ભૂપ સમીપઇ આવિનઇ
બઇઠી હંસની ચાલિ. ૨૫૪ સોભા૦
રાજહ્રંસ આદિઇ કરી
પૂછી સગલી વાત;
નયનિ અશ્રુ ઝરતી સતી
પ્રભણઇ કૂસ જસ ગાત. ૨૫૫ સોભા૦
અશ્રુ નિજ કરિ દૂરઇ કરી
બોલઇ નૃપ ગુણ ગેહ;
વચ્છ ખેદ સ્યઉ કીજીયઇ
કર્મતણી ગતિ એહ. ૨૫૬ સોભા૦
તિણ અવસરિ સુર આવીયઉ
સરગ થકી તિણિ ઠામિ;
કાંતિ કરી દીપાવતઉ
રાજસભા અભિરામ. ૨૫૭ સોભા૦
ભીમીનઇ ઇમ તે કહઇ
હું પિંગલ તે ચોર;
મરણ થકી તઇ રાષીયઉ
ઉચરાવ્યઉ વ્રત ઘોર. ૨૫૮ સોભા૦
પિતૃવનિ પ્રતિમાયઇ રહ્યઉ
ચિતા સમુચ્છ દવગ્નિ;
દાધઉ તિણિ મરિ ઉપનઉ
સુમનસ સોહમ સગ્નિ. ૨૫૯ સોભા૦

તુઝ પ્રસાદથી સ્વામિની
વિજયવંત તું થાઉ;
મહાદેવિ ચિરકાલ તું
સોહાગિણિ સુખ પાઉ. ૨૬૦ સોભા૦
સાત કોડિ સોવન તણી
વરિષા હરિષ કરેઇ;
નૃપ ધ્રમનઉ ફલ દેષિનઇ
શ્રી. જિનધર્મ ધરેઇ. ૨૬૧ સોભા૦
હરિમિત્ર નૃપનઇ ઇમ ભણઇ
રહી ઇહાં ચિર ભીમિ;
જનક ઘરઇ હિવ મૂકવી
જિમ સુખ લહઇ નૃપ ભીમ. ૨૬૨ સોભા૦
નરપતિ સેના સંગ્રહી
લેઇ વિદ્દભીં સાથિ;
ચાલ્યઉ આગઇ આવતી
જાણે ચાલતી આથિ. ૨૬૩ સોભા૦
ભૂપતિ ભીમસુતા સુણી
સનમુખ પ્રિયા સમેત;
આવ્યઉ પિતૃપદ જાં નમી
ઝરઇ આનંદ અશ્રુ નેત. ૨૬૪ સોભા૦
લાગી માતાનઇ ગલઇ
રોવઇ ગદ્દગદ્દ વાણિ;
હરષિત નગરીજન હૂઅઉ
સમહોચ્છવ પુરિ આણિ. ૨૬૫ સોભા૦
સાત દિવસ ઉચ્છવ કીયઉ
પૂછી નલની કંત;
કુબ્જ કથા એતી કહી
સુણતાં મુઝ નિશ્ચિંત. ૨૬૬ સોભા૦

જનક સવચ્છલ બોલીયઉ
સુખઇ રહઉ ઇહાં વચ્છ;
યતન કરેસ્યું તિણિ પરઇ
ફલસ્યઇ કારિજ કચ્છ. ૨૬૭ સોભા૦
હરિમિત્રનઇ દ્યઇ પાંચસઇ
ગ્રામ સધર નરરાજ;
નલ આગમિ વલિ આપિસ્યું
તૂઠઉ હું અધ રાજ. ૨૬૮ સોભા૦

## ઢાલ ૧૨

(કરી જઇ રે રંગપૂજા૦)

સુંસુમારપુરથી અન્યદા
દધિપર્ણનઉ ઇક દૂત;
નિજ કાજ કરિવા ઊમહ્યઉ
ભીમ નૃપનઇ રે પાસઇ તે પહૂત. ૨૬૯
સુણિજઇ રે પ્રિય વાણી.
અવસરઇ ભીમનરિંદનઇ
નલ તણઉ ઇક સૂઆર;
દધિપર્ણ પાસઇ નિતુ રહઇ
સૂર્યપાકની રે જાણઇ તે સાર. ૨૭૦ સુ૦
ગજદમન આદિક જે કલા
તસુ અછઇ અદભુત રાજ;
કૂબડઉ ઇવડઉ ગુણભર્યઉ
જાણીજંઇ રે કોઈ સિરતાજ. ૨૭૧ સુ૦
ભીમી સુણી તે વાતડી
તાતનઇ પ્રભણઇ એમ;
રસવતી એહવી તિણ વિના
કરિ જાણઇ રે કહઉ કુણ પર કેમ. ૨૭૨ સુ૦

દેવતા ગુટિકા મંત્રની
મહિમાઇ ગોપિત દેહ;
નિશ્ચય કરી તે જાણીયઇ
જામાતા રે તાહરઉ સસનેહ. ૨૭૩ સુ૦
મુઝનઇ તિહાંથી મૂકીયઉ
ઉતાવલઉ ઇણિ કાજિ;
પૂછી પૂછી કરતાં આવીયઉ
તુઝ પાસઇ રે નલ આસઇ આજ. ૨૭૪ સુ૦
તુઝ દેષિ રૂપ સરૂપ રે
મુઝ ચિત્ત હૂઅ વિષન્ન;
મનિ ચિંતિવા લાગઉ ઇસઉ
કિહાં પીતલ રે કિહાં હોઇ સુવન્ન. ૨૭૫ સુ૦
મુગતાલવઇ ભીમી તણી
કલધૌતની સી ભ્રંતિ;
બીલ રજલઇ કિમ હંસની
પૂરીસ્યઇ રે મન કેરી ખંતિ. ૨૭૬ સુ૦
ત્રિશદાકૃતી નલ છત્રપતી
કિહાં કુબજ કિહાં તુઝ રૂપ;
જાણે ધનુષ વાતઇ કરી
કુચ્છિત છઇ રે તુઝ દેહ સરૂપ. ૨૭૭ સુ૦
કિહાં કલપતરુ એરંડ કિહાં
કિહાં મણી કિહાં પાષાણ;
દેષી કુબજ ભૈમી તણઉ
મનોરથ રે કુબજઉ હિવ જાણિ. ૨૭૮ સુ૦
હા સર્વ શુભ સકુનાવલી
સફલીન હૂઈ કાઇ;
નવિ કોઇ દુખી જગિ હુવઇ
મનવંછા રે જઇ તાસુ પૂરાઇ. ૨૭૯ સુ૦

હા હા વિધે તઇ કાં કર્યઉ
એહનઉ યોગ વિયોગ;
ઈમ મિષ કરી સમરી પ્રિયા
રોવઇ નલ રે અધિકઉ ધરિ સોગ. ૨૮૦ સુ૦
બોલઇ કુબજ મુઝ પૂજ્ય છઇ
પુણ્ય કથા કહિવઇ સાર;
આવાસિ માહરઇ આવિવઉ
જિમ કીજઇ રે તાહરઉ સતકાર. ૨૮૧ સુ૦
સૂર્યપાક રસવઇ નિજ ઘરઇ
કરિ નવી વિપ્ર જિમાવિ;
આભરણુ ટંકા તે સવે
સંતોષઇ રે દેનઇ મનભાવિ. ૨૮૨ સુ૦
વિદરભા નગરી જાઇનઇ
તે વિપ્ર સવિ વિરતંત;
ભીમીનઇ ભીમ નૃપ ભણી
બોલઇ બોલઇ રે બઇસી એકંત. ૨૮૩ સુ૦
જીમાવિ મુઝનઇ રસવતી
ટંકાદિ દીધા ભૂપ;
રોદનતણી વાર્ત્તા કહી
દીઠઉ દીઠઉ રે એહવઉ મઇ સરૂપ. ૨૮૪ સુ૦
હિવ ભીમી બોલઇ તાતનઇ
ઇહાં ન કરિવઉ સંદેહ;
એ કુબજ રૂપઇ જાણિવઉ
જામાતા રે તાહરઉ ગુણગેહ. ૨૮૫ સુ૦
તાત કુબજનઇ કુબજઇ કરઉ
આણાવિ કિણિહિ પ્રકારિ;
ઈંગિતે કરિ હું ઉલષી
નલ લેસ્યું રે અથ અનલની ધાર. ૨૮૬ સુ૦

હિવ ભીમ નૃપ બોલઇ ઇસુ
મિથ્યા સયંવર મંડિ;
સુંસુમારપુર પ્રભુ તેડિવા
નર મૂકિસિ રે હું તિણિ ભૂષંડિ. ૨૮૭ સુ૦
નલજઇ તિહાં વછ હોઇસી
તઉ આવિસ્યઇ તિણ સાથિ;
દારા પરાભવ દોહિલઉ
કિમ છોડિસ્યઇ રે તે આવી હાથિ. ૨૮૮ સુ૦
અસહૃદય વેદ્ધિ વિદ્યા તણઉ
પરિષવઉ ઇક અહિનાણ;
સયંવર મુહૂરત નિકટ એ
જાણાવસિરે કિહિ દિન પરિમાણ. ૨૮૯ સુ૦

### દૂહા

ચૈતતણી સિત પંચમી, મુહૂરત છઇ આસન્ન,
સયંવરામંડપિ ઇહાં, આવેવઉ અવિષન્ન. ૨૯૦
આપ્તપુરુષ મૂકી કરી, તેડાવ્યઉ દધિપર્ણ,
થોડા દિન વિચિ દેષિ કરી, નૃપ મુખ થયઉ વિવર્ણ. ૨૯૧
કુબજ કહઇ મુખ તુમ્હ તણઉ, દીસઇ કાં વિચ્છાય,
કરુણા કરિ ચાકર ભણી, કહિવઉ સવિ મહરાય. ૨૯૨

## ઢાલ ૧૩

(એકલડાવઇ સાંમિ નઇ૦)

પ્રભણઇ ભૂપ કુબજ ભણી
ભીમીનઉ આવ્યઉ વિવાહ રે;
પટ યામાંનઇ અંતરઇ
તિણિ જાઇવનઉ ઉમાહ રે. ૨૯૩

કથા શેષ નલનૃપ સુણી
મંડયઉ સયંવર સુભવારિ રે;
ભીમનૃપઇ તિણિ કિણિ પરઇ
થાયઇ માહરઇ તે દાર રે. ૨૯૪
કુબજ ભણઇ કુંડિનપુરઇ
પહુચાવિસુ તુમ્હ પરભાતિ રે;
મત ચિંતા કાંઈ કરઉ
મન માન્યઉ હયવર જાતિ રે. ૨૯૫
રથ દેવઉ નૃપ તિમ કરઇ
સજ કરિ નિજ કરિ મન કોડિ રે;
સ્થગિકાધર છત્રધર વલી
ચામરધર નરની જોડિ રે. ૨૯૬
કુબજ કરંડક બીલ તે
સુરદત્ત ધરઇ કટ બંધિ રે;
ષટ નર રથ ઊપરિ ચડયા
તિહાં કુબજ બઇઠઉ રથ ખંધિ રે. ૨૯૭
કુબજ ખેડઇ રથ એહવઉ
જિમ સાગરનઉ ઊધાણ રે;
ચાલ્યઉ મારગ સાગરઇ
પોતવા તનઉ પ્રેરિત જાણિ રે. ૨૯૮
હિવ રથ વાતઇ ઊલલ્યઉ
ભૂતલિ પડયઉ નૃપનઉ ચેલ રે;
કુબજ નૃપતિ બોલઇ ધરઉ
રથનઇ થોડીસી વેલ રે. ૨૯૯
જિમ લીજઇ પટ આપણઉ
બોલ્યઉ હસિ કુબજડઉ આમ રે;
તિહાં નૃપપટ ભૂમિઇ પડયઉ
પંચવીસ યોજનિ તે ઠામ રે. ૩૦૦

એ મધ્યમ હય જાણિવા
જઇ ઉત્તમ હય મુઝ હોઇ રે;
આવત ઇતની વારિ તે
જોયણ પંચવીસી દોઇ રે. ૩૦૧

અક્ષવૃક્ષ ફલીયઉ પજ્હઇ
દેષી બોલઇ હિવ રાજ રે;
પ્રગટિવા નિજ વિન્યાનઉ
અતિસય સુણિ સારથિ આજ રે. ૩૦૨

ફલ સંખ્યા ઇણિ તરુ તણી
જાણુંઅ ગણિત મતિમંત રે;
ચલતાં એ દેષાડિસ્યું
જઇ દેષિવાની તુઝ ખંતિ રે. ૩૦૩

કુબુજ ભણઇ દેષાડિવઉ
હિવણાઇ એહ વિસેસ રે;
કાલ વિલંબનઉ ભય તુમ્હે
નવિ ગિણવઉ ઇહાં લવલેસ રે. ૩૦૪

સહસ અઢારહ છઇ ઇહાં
ફલ ઊપડિ મૂઠિ પ્રહાર રે;
આપી દ્રુમનઇ ફલતણઉ
કીધઉ ભૂનઇ ઉપહાર રે. ૩૦૫

ગિણિયા ફલ તેતા થયા
કુબજઇ વિદ્યા તિણિ પાસિ રે;
લીધી કુબજઇ તે ભણી
નિજ વિદ્યા દાન પ્રકાસિ રે. ૩૦૬

એક દિસઇ ઉદયાચલઇ
રવિ ઊગઉ પુરનઇ બારિ રે;
કુબજ તણઉ રથ પહુતડઉ
કુણ સકલ તણી લહઇ સાર રે. ૩૦૭

તિણિ નિસિ ભીમી સુપિનડઉ
દેષી કહઈ સુણિ મુઝ વાત એ;
નિર્વૃત્તિ દેવીયઈ કોસલા
વનિ પહુચાવી હું તાત એ. ૩૦૮
ફલભરનત સહકારનઈ
સિંહરઈ હું ચડિય ઉછાહિ રે;
વિકચ કમલ તિણિ મુઝ કરઈ
દીધઉ કહઈ એ તું સાહિ રે. ૩૦૯
એક વિહગિ તિણિ અવસરઈ
તિણિ તરુથી પાડયઉ ઘાત રે;
ભીમ કહઈ વછ સુપિન એ
દીઠઉ ઉત્તમ ઇણિ ધાત એ. ૩૧૦
પહિલોકી પ્રભુતા સહી
લહિસ્યઉ પતિનઉ વલિ યોગ એ;
રાજ્યભ્રંસ કૂબર તણઉ
થાસ્યઇ ઇણિ સુપિન પ્રયોગિ રે. ૩૧૧

## ઢાલ ૧૪

(પાડલ પુરિ રે૦)

ઈમ વાર્તા રે
કરતાં ધરતાં પ્રીતિનઈ,
નામિ મંગલ રે
પ્રભણઈ આવી રાજનઈ;
પુર ગોપુરિ રે
શ્રી દધિપર્ણ નરેસરૂ,
રથિ આરુહિ રે
સારહિ કુબજ કરી વરૂ.

કરિ કુબ્જ સારહિ સાર
હિયડામાંહિ હરષ ધરી ઘણુઉ
દધિપર્ણ આયઉ મનિ સુહાવ્યઉ
અતિસ વાયઉ આપણુઉ
અતિથીપણુઉ ક્રમ કરી નૃપતિઇ
વીનવ્યઉ હિવ ભૂપ એ
રવિપાક રસવઇ કુબ્જ પાંહઇ
કરાવઉ રસકૂપિ એ. ૩૧૨
આદેસઇ રે
શ્રી દધિપર્ણ નરેસનઇ,
આણાવઇ રે
નિજ ઘર અંગણિ સુભ મનઇ;
અભ્યર્થઉ રે
કુબ્જ કરી રસવઇ ભલી,
રવિપાકની રે
સપરિચ્છદનઇ મનરલી.
મનરલી ભોજન કુબ્જ આપઇ
સપરિવાર નરિંદનઇ
નિરધાર કીનઉ નલ તણુઉ
અહિનાણિ સાચઇ સંપનઇ
ભૈમીયઇ તાત ભણી ભણઇ
ઇમ કુબ્જ અથવા ખંજુએ
નલ એહ નિશ્ચય કરી જાણુઉ
સુકૃત જસનઉ પુંજ એ. ૩૧૩
રસવઇ ઇસી રે
કોઇ ન જાણઇ તિણ વિણા,
કિમ અન્યથા રે
વચન થાઅઇ શ્રી મુનિતણા;

ઇણ ઠામઇ રે
સંસય કોઇ ન જાણીયઇ,
અહિનાણઇ રે
વલિ તેહનઇ પિહચાણીયઇ.
પિહચાણીયઇ અહિનાણિ એહવઇ
અંગુલી અથઇ કરી
જઇ તુઝ જમાઇ અંગ ફરસઇ
મુઝ તદા પુલકેભરી
તનુ થાઇ તઉ નલ સહી જાણઉ
તિણઇ તેહનઇ ઇમ કહઉ
અમ્હ પુત્રિકા તનુ ફરસએ
કરસઉર કરુણાવહઉ. ૩૧૪
અંગ ફરસિવા રે
કાજઇ રાજા અઇ ભણ્યઉ,
ભણઇ કુબજડઉ રે
શ્રી નરપતિ તુમ્હિ નવિ સુણ્યઉ;
બ્રહ્મચારી રે
અમ્હ આજન્મ થકી રહાં,
મનુહારી રે
નારી વારી કિમ છુહાં.
કિમ છુહાં નારી મનોહારી
એવહઉ નવિ બોલિવઉ
વારવાર કહિ ભીમઇ મનાવ્યઉ
ચરિત કુબજ તણઉ નવઉ
દ્દષતઉ જિમ નવ ફોડિલઉ
તિમ રંગિ અંગઇ અંગના
અંગુલી દેસઇ બહુ કિલેસઇ
ફરસઉ ઉચ્છુકમના. ૩૧૫

પુલકિત થયઉ રે
ભીમીનઉ તનુ તિણુ સમઇ,
હિવ બોલઇ રે
પ્રગટ વચનિ મનનઇ ગમઇ;
તિણિ અવસરિ રે
સૂતીનઇ મૂકી ગયા,
પ્રીય માહરા રે
હિવ મુઝ ઊપરિ કરિ મયા.
કરિ મયા મુઝ ઊપરઇ પ્રીયડા
જાગતાં કિમ જાઇસ્યઉ,
નિરધાર નારી નેહ સારી
છોડી જસ સ્યઉ પાવિસ્યઉ.
ઇમ કહી નિજ મંદિરમહી
લે જાઇ ભીમી તિણિ ખિણઇ,
નલનેહ અંતરિ ધરિય બિઉણઉ
ભીમ ઉપરિ આપણઇ. ૩૧૬

## ઢાલ ૧૫

(ચઉપઇ)

હિવ સુરકથન વિધઇ નિજરૂપ,
પ્રગટ કરઇ નિષધાંગજ ભૂપ;
પતિ સરૂપ દ્દવદંતી દેષિ,
હરષ ધરઇ મનમાંહિ વિસેષિ. ૩૧૭

સભા મઝિ આયઉ નલ જિસ્યઇ,
ભીમભૂપ આલિંગી તિસ્યઇ;
હરખ્યઉ આતમ સિંહાસણઇ,
બઇસાણઇ સવિજન જસુ થુણઇ. ૩૧૮

આગઇ ઊભઉ રહિ કર જોડિ,
ભીમ કહઇ તુમ્હનઇ સી કોડિ;
રાજસંપદા અંગીકરઉ,
આજ્ઞાકર અમ્હનઇ આદરઉ. ૩૧૯
ભયભર કાતર થયઉ દધિપર્ણ,
નલનઇ દેષી ઇન્દ્ર સવર્ણ;
મૂઢપણઇ કીધી અવહેલ,
તે ખમિજ્યો માહરી ઇણ વેલિ. ૩૨૦
સાર્થ ધણી આવ્યઉ ધણદેવ,
ભીમનૃપતિની કરિવા સેવ;
ભીમી નિજ સોદરની પરઇ,
ગૌરવ દિવરાવઇ બહુ પરઇ. ૩૨૧
સુતા વચનિ તાપસપુર ધણી,
શ્રી રિતુપર્ણનઇ ગૌરવ ભણી;
તેડાવઇ દૂતે કરિ ભીમ,
ઉત્તમ કિમ છોડઇ નિજ સીમ. ૩૨૨
ભીમ કરઇ નવ નવ ઉપચાર,
સુતા ભણી કીધઉ ઉપગાર;
તે ધરિ મનમઇ ભાવપ્રકાર,
માસ એક વઉલ્યઉ તિણ વાર. ૩૨૩
અન્ય દિવસિ આવી ઇક દેવ,
ભીમીનઇ બોલઇ ઇમ હેવ;
દેવિ સુમરિ તેહિ જ હું તિહાં,
આવ્યઉ જે પ્રતિબોધ્યઉ તિહાં. ૩૨૪
તાપસ પતિ વ્રત આદરિ ક્રમઇ,
કેસર સુર હૂઅઉ સુધરમઇ;
તિણિ તું મુઝનઇ ઉપગારિણી,
એ વાણી કહિ મનુહારિણી. ૩૨૫

નમિ વરિસી સોવનની સાત,
કોડિ ગયઉ સુર સુંદર ગાત;
ભીમ વસંત નૃપતિ દધિપર્ણ,
વલિ આવ્યઉ જે શ્રી રિતુપર્ણ. ૩૨૬
પ્રમુખ મિલી નલનઇ અભિષેક,
રાજ્ય તણઉ વિરચઇ સુવિવેક;
મેલવિ નલ બલ કલ ભૂપાલ,
કરતઉ સવિ ભૂમિ સંચાલ. ૩૨૭
ચાલ્યઉ લેવા શ્રી કોસલા,
કિમ છૂટઇ મનના આમલા;
રતિ વલ્લભ ઉદ્યાનઇ આવિ,
કૂબરનઇ જાણાવઇ ભાવ. ૩૨૮
દૂત મૂકિ રમિવઉ જૂવટઇ,
અથવા આવે સર સંકટઇ;
છંડી ધીર સાધ્ય રણક્રિયા,
જૂઅઇ રમિવાના મન કિયા. ૩૨૯
દીઠઉ જય તિણ કામઇ તિણઇ,
તેહિજ આદરીયઉ તિણ ખિણઇ;
ઉંઘત જાણિવિ છાયઉ મિલ્યઉ,
મૂગાં માંહિ જાણિ ધૃત ઢલ્યઉ. ૩૩૦
જાગ્યા નલના પુણ્યવિલાસ,
નાંષઇ પાસા મન ઉલ્લાસિ;
પૂજઇ સગલી નલની આસ,
કૂબર હૂઅઉ હિવઇ નિરાસ. ૩૩૧
જીતી ધરણી કરણી કરી,
ખેલણ તણી જિ કૂબરિ વરી;
યૌવરાજ્ય પદ કૂબર ભણી,
 આપઇ શ્રી નલ ધરણીધણી. ૩૩૨

નરરતનારી દેષઉ રીતિ,
અપગારી ઊપરિ કરઇ પ્રીતિ;
ચંદન છેદઇ જેહ કુઠાર,
વાસઇ તેહની મુખની ધાર. ૩૩૩
અર્ધ ભરતનઉ થયઉ તે ધણી,
આવ્યા સવિ નૃપ સેવા ભણી;
મારિ વારિ જાં છઇ નિજ આણ,
પુણ્ય વધાયઉ થયઉ સુવિહાણ. ૩૩૪
નલદવદંતી લહિ નૃપ સિરી,
કૂડ કરી કૂબરિ જે હરી;
તે સફલી કરિવા હિવ લગ્ગ,
કિમ ચૂકઇ જે ગુણહિ સમગ્ગ. ૩૩૫
સમહોચ્છવ અરિહંત બિહાર,
મંડલ પૂજઇ વિવિહ પ્રકારિ;
શ્રી જિનસાસન પરભાવના,
કરતાં પૂરઇ મનકામના. ૩૩૬
વરિસ સહસ્ર ઘણા તસુ ગયા,
ભોગવતાં નૃપની સંપયા;
નિષધ દેવ હિવ આવી કહઇ,
વછ તું મૂઢ થકઉ કાં રહઇ. ૩૩૭
ચંચલ જિમ દંતાવલ કાન,
વીતે રિતુ જિમ તરુનઉ પાન,
તિમ ચંચલ વછ રાજવિલાસ,
તિહાં સ્થિરપણઇ કિસી તુઝ આસ. ૩૩૮
એ સરીર માટીનઉ ભંડ,
તાં સાજઉ જાં ન પડઇ દંડ;
જાં નાવઇ યમરાજ પ્રચંડ,
તાં ધ્રમ કરિવા નિજ મન મંડ. ૩૩૯

અસ્થિર એહ સુજન સંબંધ,
 દીસઇ ઇણુ મઇ કોઇ ન બંધ;
તઉઈ જીવ ન જાણઇ અંધ,
જિનધર્મ કરિ છોડિ સવિ ધંધ. ૩૪૦
એ ઉપદેસ સુણી સુરતણઉ,
પુષ્કલ નામઇં સુત આપણઉ;
રાજસાજ દેઈ નલરાજ,
ભીમી સાથિ અહઇ સુખકાજ. ૩૪૧
શ્રી જિન દીષ સીષ આદરઇ,
શ્રી ગુરૂ કેરી મરિયલિ ફિરઇં;
રાજરિષી નલ વ્રત પાલતઉ,
મન કુસમલ તપ જલિ પ્યાલતઉ. ૩૪૨
નલ સ્વભાવિ દેહઇ સુકુમાર,
અન્યથા સિથિલ થયઉ વ્રતભારિ;
નિષધ સુરઇ સુરલોકથી આવિ,
વલિ દઢ કીધઉ મનિ રિજુભાવ. ૩૪૩
કામથકીં મન વાલઇ ઘણું,
તઉઈ કામ વશંવદપણું;
રાષિ સકઇ નવિ ભીમી વિષઇ,
કુણ કુણ જીતા નવિ ઇણ વિષઇ. ૩૪૪
જાણ્યઉ સંયમ ચિર નવિ પલઇ,
અણસણ લીધઉ વિધિસ્યું નલઇ;
મરિ કુબેર ઉત્તર દિસિ પહૂ,
લોકપાલ હૂઅઉ તસુ બહૂ. ૩૪૫
ભીમી થઈ નેહર સમઈ,
અણસણ લેઇ તેહ મહસઈ;
નરભવ લહિ દહિ કેમદારુ,
પામેસ્યઇ ભવસાગર પારુ. ૩૪૬

## ઢાલ ૧૬ (સંધિઢાલ)

ઇણ વિધિ ગુણનિધિ શ્રી દવદંતી,
ચરિત ભણ્યઉ ભવવન દવદંતી;
સોલહસઇ છઇસઠ્ઠા વરષિ,
શ્રી નવાનગરિ પવરિ મન હરષિ. ૩૪૭
આસૂ વદિ છઠિ સસધર વારઇ,
મૃગસિરસિધિ રવિયોગ ઉદારઇ;
યુગપ્રધાન શ્રી જિનચંદ્રસૂરિ,
નિરમલ નિજમતિ જિતસુરસૂરિ. ૩૪૮
આચારિજ શ્રી જિનસિંહસૂરિ,
કૃત પરમોદય ગુણમણિ ભૂરિ;
જિણિ થાપ્યઉ સયંહથિ પટધારી,
તેહનઇ રાજિ સુજસ સુખકારી. ૩૪૯
ઉવઝાય શ્રી જયસોમ સુધાકર,
સીસઇ મોહ તિમિરભર દિનકર;
ગુણવિનય વાચકિ સીલની લીલા,
દેષી ન હુવઇ જિણથી હીલા. ૩૫૦
તિણિ તુમ્હિ ધરિવઉ ભવિયણ સાચઉ,
સીલ ધરમ હીરઉ જિમ જાચઉ;
જિમ પામઉ પરભવિ સિવયોગ,
અક્ષય અચલ અનંત અરોગ. ૩૫૧
ઇહ ભવિ ઇણથી નિરુપમ ભોગ,
જસ બોલઇ તસુ સહૂઅઇ લોગ;
એ પ્રબંધ સદા મુખિ ભણિવઉ,
અથવા ભણતાં નિશ્ચલ સુણિવઉ. ૩૫૨
શ્રી જિનદત્તસૂરિ સુપ્રસાદઇ,
શ્રી જિકુસલસૂરિવર સાદઇ;
થુણતાં મંગલ રિદ્ધિ વિલાસ,
થાઅઉ ઇણથી મહિમા વાસ. ૩૫૩

इतिश्री नलदवदंतीप्रबंधः संपूर्णाः

# ટિપ્પણ

[ ટિપ્પણમાં પહેલાં દુહા, ઢાળ વગેરેનું મુખ્ય વક્તવ્ય આપવામાં આવ્યું છે અને એ પછી મહત્ત્વના શબ્દોના અર્થ આપ્યા છે. એ પછી કેટલેક સ્થળે દુહા કે ઢાલની મહત્ત્વની કડીઓની વિશેષ સમજૂતી આપવામાં આવી છે.

## દુહા

### ( કડી ૧ થી ૧૨ )

દુહાની આ કડીઓમાં કવિ સ્તંભન પાર્શ્વનાથ ભગવાનને પ્રણામ કરી, પોતાના ગુરુ ઉપાધ્યાય શ્રી જયસોમ તથા દાદાગુરુઓ શ્રી જિનદત્તસૂરિ તથા શ્રી જિનકુશલસૂરિને વંદન કરીને શીલધર્મનો મહિમા દર્શાવે છે. જેના શીલના પ્રભાવથી સંકટો દૂર થાય છે એવી સતી દમયંતીનો વૃત્તાંત, સરસ્વતીદેવીના પ્રસાદની યાચના સાથે, કવિ શરૂ કરે છે.

સોભાગી–સૌભાગ્ય અર્પનાર; પરતખિ–પ્રત્યક્ષ; થંભણ–સ્તંભન; થંભણ પાસ–સ્તંભન પાર્શ્વનાથ, ખંભાતના સુપ્રસિદ્ધ મંદિરના સ્તંભન પાર્શ્વનાથ ભગવાન; દસ દિસિ–દશે દિશામાં; મહમહઇ–મઘમઘે; જસ–યશ; ચઉસઠિ–ચોસઠ; જગતિ–જગતમાં; સમરી–સ્મરણ કરી; સુરીસ–સૂરીશ્વર; સારદ–ઉત્તમ આપનાર; સારદા–શારદા, સરસ્વતી દેવી; જિણ થકી–જેનાથી; ઉવઝાય–ઉપાધ્યાય; સરિષઉ–સરખો; જસુ–જેમને; ચારિ–ચારે; બીજઉ–બીજો; ધ્રમ–ધર્મ; પાવઇ–પામે; ભવનઉ–ભવનો; પુહ્ફમાંહિ–પુષ્પમાં; હેમ–સુવર્ણ; વીર જિન–વીર જિનેશ્વર, ભગવાન મહાવીર સ્વામી; ધરમાં મહિ–ધર્મોમાં; સેવિ–સેવે; સુદરસનની પરઇ–સુદર્શન શેઠના દૃષ્ટાન્ત પ્રમાણે; રેહ–રેખા; અવદાત–વૃત્તાન્ત; સાંનિધિ–સાન્નિધ્ય.

**ચારિ ધર્મ......અંત**—દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ બતાવવામાં આવ્યો છે. તેમાં બીજો ધર્મ એટલે કે શીલધર્મ અધિક ચડિયાતો છે, કારણ કે તે ધર્મની આરાધના વડે ઉચ્ચતમ સિદ્ધિ સુધી એટલે કે મોક્ષગતિ સુધી જીવ પહોંચી જઈ શકે છે અને એ રીતે જન્મ-મરણના ચક્રનો, ભવ-પરંપરાનો તે અંત આણી શકે છે.

**અભયદાન......કંદ**—શીલ ધર્મનો મહિમા દર્શાવતાં કવિ એક પછી એક ઉપમાઓ આપતાં કહે છે કે જેમ દાનમાં શ્રેષ્ઠ અભયદાન છે, પુષ્પમાં કમળ છે, જંગલી પશુઓમાં સિંહ છે, નદીમાં ભાગીરથી છે, પક્ષીઓમાં ગરુડ છે, સાધુઓમાં વીર જિનેશ્વર મહાવીર પ્રભુ છે, ગ્રહોમાં ચંદ્ર છે, હાથીમાં ઐરાવત છે, ધાતુમાં સુવર્ણ છે તેમ ધર્મમાં શીલ ધર્મ છે, જે મોક્ષરૂપી વૃક્ષનો કંદ છે.

## ચઉપઇ

### ( કડી ૧૩ થી ૬૭ )

ચોપાઈની આ કડીઓમાં કવિ નળનો અને દવદંતીનો સંક્ષેપમાં પરિચય કરાવીને દવદંતીના સ્વયંવરનું વર્ણન કરે છે. સ્વયંવરમાં બીજા રાજાઓને ન વરતાં દવદંતી નળરાજાને વરે છે અને ભીમ રાજા નળદવદંતીનાં લગ્ન વિધિપૂર્વક કરાવે છે ત્યાં સુધીની ઘટનાનું નિરૂપણ થયું છે.

ભરત-ભરતક્ષેત્ર; મજ્ઝિ-મધ્યે; નયરી-નગરી; ધરમ-ધર્મ; અછઇ-છે; લાવન-લાવણ્ય; વૈરિવનઇ-વૈરીરૂપી વનને માટે; રૂપઇ-રૂપમાં; ઇસઉ-એવો; સોદર-સહોદર, ભાઈ; પુફ્ફદંતી-પુષ્પદંતી; દયિતા-પત્ની; ઉયરિ-ઉદરમાં; પવિઠ-પ્રવિષ્ટ; સુપનઇ-સ્વપ્નમાં; સિંધુર-હાથી; પંડુર-શ્વેત; રયણિ-રાત્રિ; પાઠક સુપિન તણા-સ્વપ્ન-પાઠકો; પાણિ-હાથ; લંઘિ-પસાર કરી; ચઉસઠિ-ચોસઠ; તતકાલ-તત્કાલ; નિર્વાણી સુરી-નિર્વાણી નામની દેવી; દીરઘ-દીર્ઘ; હિવ-હવે; સોવનમય-સુવર્ણમય; થંભ-સ્તંભ; પંતિ-પંક્તિ; ભ્રંતિ-ભ્રાન્તિ; સિલ્પી-શિલ્પી; પાંહિ-પાસે; દેષિસ્યાં-દેખશે; લેષસ્યાં-લેખશે; થાવર-સ્થાવર; ભુભૃત-રાજા; સ્યામ-શ્યામ; મહીભૃત-રાજા; સસિ-ચંદ્ર; રયણ-રત્ન; સિંઘાસણ-સિંહાસન; આરુહી-ચડી; સાદૂલઉ-શાર્દૂલ; ઇહ-ઇચ્છા; સીહ-સિંહ; સૂર-સૂર્ય; સોહઇ-શોભે છે; રયણે-રત્નથી; ગ્રસિવઇથી-ગ્રસવાથી; રેહ-રેખા; ખીરોદક-ક્ષીરોદક; ખીરોદધિ-ક્ષીરોદધિ; બંધુર-સુંદર, રમ્ય; પુફમાલ-ફૂલની માળા; લષમી-લક્ષ્મી; તનુ-દેહ; પાધરા-સીધા, અંતરાય રહિત; રજનીસ-રજનીશ, ચંદ્ર; અનંગ-કામદેવ; પુન્નાગ-વૃક્ષવિશેષ, એક પ્રકારનો ચંપો, શ્રેષ્ઠ પુરુષ; ભાગ-ભાગ્ય; વરણઇ-વર્ણમાં, ચામડીના રંગમાં; તસું-તેની; વૂઠઇ મેહિ-મેઘ વૃષ્ટિ કરે; અછઇ-છે; સાકર ગાલ-સાકરનું ગાડું; નરવઇ-નરપતિ; ઝુઝૂતાં-યુદ્ધ કરતાં; અરણિ-અરણીનું લાકડું; અગ્ગિ-અગ્નિ; ઉદગ્ગિ-ઉદધિ; સાષઇ-સાક્ષીએ; ઇભ-હાથી; અખર્વ-સંખ્યાવિશેષ.

**પંડુર બંધુર......પવિઠ**—દવદંતીની માતા પુષ્પવતીને સ્વપ્ન આવે છે જેમાં તે એક શ્વેત સુંદર હાથીને પોતાના ઉદરમાં પ્રવેશતો જુએ છે. સ્વપ્ન-પાઠકો એ સ્વપ્નને આધારે કહે છે કે તે એક તેજસ્વી સંતાનને જન્મ આપશે. પુષ્પવતી એક પુત્રીને જન્મ આપે છે, જેના ભાલસ્થલમાં સૂર્ય જેવું તેજસ્વી ચિહ્ન છે. સ્વપ્નને આધારે પુત્રીનું નામ દવદંતી રાખવામાં આવે છે.

**મુખ છવિ......તિણઇ**—દવદંતીના તેજસ્વી મુખે ચંદ્રને જીતી લીધો. આથી હારેલા અને લજ્જા પામેલા ચંદ્રે મહિનામાં ચાર દિવસ મોઢું બતાવવાનું છોડી દીધું.

## ઢાલ ૧
## ( કડી ૬૮ થી ૮૫ )

ભીમ રાજા નિષધનરેશને તથા નલદવદંતીને. વિદાય આપે છે. માર્ગમાં પોતાનો રથ જરા આડે રસ્તે ચલાવીને નળ દવદંતીની લજ્જા છોડાવે છે. અંધકારમાં દવદંતીના કપાળમાં રહેલા સૂર્ય જેવા તિલકનો પ્રયોગ કરી તે અંધકાર દૂર કરે છે. માર્ગમાં ભમરાથી વીંટળાયેલા એક સાધુની તે શુશ્રૂષા કરે છે અને દવદંતીને કપાળમાં આવું તિલક પ્રાપ્ત થયું છે તે શા કારણથી એ વિશે સાધુને પૂછે છે. સાધુ તેનો ખુલાસો કરે છે. નળદવદંતીનું પોતાના નગરમાં આગમન થતાં. નગરજનો ઉત્સવ મનાવે છે. નળદવદંતી સુખમાં પોતાના દિવસો પસાર કરે છે.

કંઠિ–કંઠે; કહઇ-કહે; વધૂસેતી-વહુ સાથે; વઉલાવઇ-વળાવે; સીષાવણિ–શિખામણ; પુણિ-વળી; થાઇજે-થજે; વછ–વત્સ; નિરવાણિ–નિશ્ચય, જરૂર; સિરિ–મસ્તકે; પિતૃસીષ–પિતાની શિખામણ; ઇષ-ઇક્ષુ, શેરડી; અવનત–નમેલું; કુપથભણી-આડે રસ્તે: અસ–અશ્વ; વાલિ–વાળે; વિભ્રમ–વિચારમાં પડી ગયેલી, ગભરાયેલી; લાજ–લજ્જા; સિથિલ–હળવી, ઓછી; આથમ્યઉ–આથમ્યો; સૂરિજ–સૂર્ય; તામ–ત્યાં, તે સમયે; ઠામિ–સ્થાને; ખલન–સ્ખલન; સેન–સેના; તમભર–અંધકારથી ભરેલું; પંથિ–રસ્તામાં; હિવ–હવે; ભાલતિલક–દવદંતીના કપાળમાં રહેલું તિલક; સોવન–સુવર્ણ; જલિ છોતિ–ક્ષારવાળા પાણીમાં; કાઉસગ્ગઇ–કાયોત્સર્ગમાં; ભંજિવા–ભાંગવા; ખાજ–ખંજવાળ: કપોલની–ગંડસ્થળની; ભૂરિ–પુષ્કળ; જાઇનઇ–જઈને; ભીમીય–દવદંતીના; ભાલિ–કપાળમાં; ઇણિ–એણે; સ્યાં–શાં; ન્યાનિ–જ્ઞાન વડે; આસરિ–આશ્રય કરીને; ચઉવીસ–ચોવીસ; રવિમંડલખંડ–સૂર્યના ટુકડા જેવું; સરગઇ-સ્વર્ગમાં; જિમ–જેમ; પુર–નગર; ઘરિ ઘરિ–ઘરે ઘરે; ગૂડીયા–ધજા; રાતિ–રાતે.

**તનુ સીષવણિ......નિરવાણિ**—ભીમ રાજા નળના જુગારના વ્યસનને જાણે છે એથી દવદંતીને પતિની અનુગામિની થવાની શિખામણ આપે છે. કવિએ આ જાતનો નળના વ્યસન વિશે જે ઉલ્લેખ ભીમ રાજા પાસે કરાવ્યો છે તે અહીં વહેલો છે. નળને દ્યૂતનું વ્યસન તો પછીથી લાગુ પડે છે એવું પરંપરાની મૂળ કથામાં છે.

**નવ પરિણીત......ઠામિ**—નળની પ્રણયોત્સુકતાનું અને યુક્તિપૂર્વક દવદંતીની લજ્જા તે છોડાવે છે તેનું કવિએ સરસ આલેખન કર્યું છે. કવિની આ મૌલિક કલ્પના છે.

## ઢાલ ૨

## ( કડી ૮૬ થી ૧૦૪ )

નળને રાજ્ય સોંપી, કૂબરને યુવરાજપદે સ્થાપી, સંયમવ્રત ધારણ કરી નિષધ રાજા દેહ છોડી દેવલોકમાં દેવ થાય છે. નળ પોતાના રાજ્યનું સુયોગ્ય પાલન કરે છે અને ઉત્તરોત્તર અધિક રાજ્યપ્રદેશ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

નળ સદા નિર્મળ મનનો રહે છે, પરંતુ કૂબર નળની પાસેથી રાજ્ય પડાવી લેવાની દાનતે એને દ્યૂત રમવા લલચાવે છે. નળ દ્યૂતમાં સર્વસ્વ હારી જાય છે. દવદંતીને પણ તે હારી જાય છે. નળની સાથે વનમાં જવા ઇચ્છતી દવદંતીને કૂબર અટકાવે છે, પરંતુ પછીથી મંત્રીના સમજાવવાથી તેને જવા દે છે. દવદંતીને આવતી જોઈ નળ રથ પાછો વાળે છે. પોતાને વનમાં સાથે લઈ જવા માટે દવદંતી નળને વિનવે છે.

બંભણિ–બ્રાહ્મણે; ત્રિવરગ–ત્રિવર્ગ એટલે કે ધર્મ, અર્થ અને કામ; જગિ–જગમાં; હયગયરહ–ઘોડા, હાથી અને રથ; સવિ–સર્વ; સિરી–મસ્તકે, ઉપર; બિહૂ–બંને ( પાઠાંતર : બિદ્ધ–બીધેલાં ); જૂવટઇ–જુગારમાં; ઉવટઇ–આડે રસ્તે; અક્ષ–પાસા; જાણઇ–જાણે; અક્ષસંચારણા–પાસા કેવા પડશે તે વિશે; વંકા–વાંકા, નહિ ધારેલા; વિહિ–વિધિ; ગ્રામાગર પુર–ગામ, નગર વગેરે; વિરમઇ–અટકે; હારતઉ–હારતો; જૂઅઇ–જુગારમાં; ધૂરિ–મોટાં; સત્યકાનન–સત્યરૂપી વન; હેલઇ–રમતમાં, જરા વારમાં; સગલા–સઘળાં; ભીમજા–ભીમની દીકરી દવદંતી; મારગિ–માર્ગે; કંજિય રંજિય–કંજિયાનું તેલ પીને આનંદિત થવું; આસરઉ–આશરો; બક–બગલો; પરવેસિ–પ્રવેશે; સરોવરઇ–સરોવરમાં; જષ–જખ, માછલી; ઉવરઇ–ઉગરે, બચે; ઇણથી–એનાથી; સોહ–શોભા; કિસી–કેવી; નાહુ–નાથ; ઘલ્લઇ–ઘાલે, નાખે; કૂઅ–કૂપમાં, કૂવામાં; વેસાહરિ–વેશ્યાના ઘરે; જૂઅ–જુગાર; પાઠવઇ–મોકલે; હારિયા–હાર્યા; દારિયા–પુત્રી; પુણ્યનઇ યોગિ–પુણ્યના યોગે; નિરદાષી–દાક્ષિણ્યરહિત; આલસ–આળસ, વિલંબ; કિસઉ–કેવી, શા માટે; પરુષ–કઠોર; દુરવચન–ખરાબ વચનો; નલસ્યુ–નળ સાથે; રાષઇ–રાખે, અટકાવે; મંતિ–મંત્રી; મિલી–મળીને; યુગત–યુક્ત, યોગ્ય; દૂહવિય–દુભવી; રથિ–રથમાં; લે–લઈને; વલ્લભા–પ્રિયા; સાથિ–સાથે; ચેડીય–ચેટી વગેરે દાસીઓ; નેડીય–સ્નેહપૂર્વક; લ્યઉ–લો; પુર ભણીય–નગર તરફ; વાલિયઉ–વાળ્યો; અમ્હ–અમને.

## ઢાલ ૩

## ( કડી ૧૦૫ થી ૧૨૨ )

નળદવદંતીને માથે આવી પડેલી આપત્તિની વાત નગરમાં ઠેર ઠેર ચર્ચાવા લાગે છે. લોકો કૂબરને ધિક્કારવા લાગે છે. નળની સાથે એના મંત્રીઓ વનમાં જવા તૈયાર થાય છે, પરંતુ નળ તેમને અટકાવે છે. નળદવદંતી રાજ્ય છોડી ચાલી નીકળે છે. તેમને આવાં કષ્ટનો ક્યારે ય અનુભવ થયો નહોતો. બંને ખૂબ થાકેલાં શરીરે સૂઈ જાય છે. બીજે દિવસે સવારે ચાલતાં ચાલતાં તેઓ ગાઢ વનમાં આવી પહોંચે છે. થાકથી મ્લાન બનેલા દવદંતીના મુખને જોઈ નળને દુઃખ થાય છે. નવકારમંત્રનું સ્મરણ કરી, ચાર શરણાં ધારણ કરી, ચાર મંગલ ચિંતવી, પાપની આલોચના કરી, સાગારી અનશન ભણીને તેઓ સૂઈ જાય છે.

પુરમાંહે–નગરમાં; ઊછલી–વહેવા લાગી; વિહિ વંછા–વિધાતાની ઇચ્છા; સતી સાપ–સતીના શાપ; સંકા–શંકા; ફરસઇ–સ્પર્શે; બંગિ–રીતે ? ( પાઠાન્તર 'વનિ' હોઈ શકે ? ); બુધિ–બુદ્ધિ; થારઇ–તારામાં; એહવઉ–એવો; મેલ્યઉ–મેલ્યો; સંચ–ક્રમ, યોગ; આગ્રહિ મૂક્યા ઘેરિ–આગ્રહ કરીને ઘરે પાછા વાળ્યા; મારગિ–માર્ગમાં; ચાલિસ્યઇ–ચાલશે; સૂર–સૂર્ય; સિરૂવરિ–શિર ઉપર; સેદ–પ્રસ્વેદ, પરસેવો; વીજતઉ–પવન નાખતાં; તત્થ–તત્ર, ત્યાં; દોહિલઉ–કઠિન; સત્થ–સાથે; શ્રાંત–થાકેલા; સંઝિ–સાંજે; પહુતા–પહોંચ્યા; ગુરુકંતારિ–મોટા વનમાં; કાસારઇ–સરોવરમાં; પય–પગ; ઇણ ભાતિ–આ પ્રમાણે; પ્રવાલપદ–પરવાળાં જેવાં રાતાં ચરણવાળી; એકાપથ પાત–એકાંત રસ્તામાં આવી પડેલી; સેહર–શેખર, મસ્તક પરની માળા; પાદત્રાણ–પગરખાં; સેજ–શય્યા; સિલાતલિ–પથ્થર ઉપર; આચ્છાદઇ–ઓઢાડે; નવકાર–જૈનોનો નવકાર ( નમસ્કાર ) મંત્ર; ગુણી–ગણી, જાપ કરી; સરણાં ચ્યારે–ચાર શરણાં; અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીભાષિત ધર્મ એ ચાર શરણાં; મંગલ ચ્યારે–ચાર મંગલ, ઉપર પ્રમાણે; પાપ મિચ્છાકડ–પાપ માટે ક્ષમા માગવી; અણસણ–અનશન; સાગારી–આગાર સાથે, અપવાદ સાથે; સિરિં–મસ્તકે; દિન્ન–દઈને.

## ઢાલ ૪

## ( કડી ૧૨૩ થી ૧૩૯ )

આવી પરિસ્થિતિમાં નળ અગ્નિની જેમ દુઃખથી બળે છે. તે ચિંતવે છે કે આ વિકટ સંજોગોમાં પત્ની બંધનરૂપ છે માટે તેને સૂતી ત્યજવી જોઈએ, જેથી તે પોતાને પિયર જાય. તે સૂતેલી દવદંતીનો હાથ છોડાવે છે. દવદંતીનો

ત્યાગ કરતી વખતે નળ ખૂબ મનોમંથન અનુભવે છે. નળદવદંતી વચ્ચે એક જ વસ્ત્ર હતું. તે ખેંચવા જતાં દવદંતી જાગી જાય. માટે છરીથી તે વસ્ત્રને આંખ-માંથી વહેતાં આંસુ સાથે નળ છેદે છે. પછી પોતાના લોહી વડે દવદંતીનાં વસ્ત્ર ઉપર તે લખે છે કે 'તું તારા પિતાને ત્યાં કુંડિનપુર અથવા તને જ્યાં ઇચ્છા થાય ત્યાં જજે. હું તને મોઢું બતાવી શકું એમ નથી.'

અનલ તણી પરઇ–અગ્નિની જેમ; પરજલઇ–બળે છે; પરતખિ પ્રત્યક્ષ, સાક્ષીએ; પરભાતઇ–પ્રભાતે; ઠામિ સ્થાને; કુલઘર અહીં પિયરના અર્થમાં; દેઉર ઘર–દિયરના ઘરે; અથ–અને; પરીરંભ આલિંગન; વેસાસ વિશ્વાસ; આક્રમ્યઉ–વીંટાળ્યું; ખંચિ–ખેંચી; સંચિ–યુક્તિપૂર્વક, કુશળતાથી; દક્ષિણ કર જમણો હાથ; એહનઉ–એનો; પાણિ હાથ; પ્રદોસિ–સંધ્યા સમયે, અર્થાત્ લગ્નની વિધિમાં; સાષી–સાક્ષી; સાચઉ–સાચો, સાચું; છેદિ–છેદે છે, ફાડે છે; પટ અંત–વસ્ત્રનો છેડો; રુધિરઇ–લોહીથી; નિસ્ત્રિંસનઉ યોગ–સ્ત્રી રહિત થવાનો યોગ; વડિ–વડ તરફનો; મગ્ગ–માર્ગ; વામ ડાબી બાજુ; હુવઇ–થાય; ગચ્છ જા; ખલહ સરિચ્છ દુર્જનના જેવું.

## ઢાલ ૫

## ( કડી ૧૩૯ થી ૧૬૮ )

વસ્ત્ર પર સંદેશો લખ્યા પછી નળ દવદંતીને છોડીને જાય છે, પરંતુ રોતો રોતો વારંવાર પાછો આવીને તે દવદંતીનું મુખ જુએ છે અને દુઃખ અનુભવે છે. વિધાતાને તે ઉપાલંભ આપે છે. વનદેવીને તે દવદંતીની ભાળવણી કરે છે. પોતાની જાતને તે ધિક્કારે છે. સૂર્યોદય થતાં નળ લોચનમાં અશ્રુ સાથે વનમાં ચાલી નીકળે છે. આગળ જતાં વનમાં નળ બળતાં એક નાગને બચાવે છે. નાગ માનવભાષા બોલે છે એથી નળને આશ્ચર્ય થાય છે. નાગ નળને દંશ મારે છે તેથી નળનું શરીર કદરૂપું થઈ જાય છે. સંસારમાંથી તેને રસ ઊડી જાય છે. તે વખતે નાગ દેવરૂપ ધારણ કરીને કહે છે કે "હું તારો પિતા નિષધદેવ છું. દેવ-લોકમાંથી હું તને મદદ કરવા આવ્યો છું. તારું કદરૂપું શરીર તે માયાવી છે. એથી તને કોઈ ઉપદ્રવ નહિ કરે. તારે જ્યારે તારું મૂળ રૂપ પ્રગટ કરવું હોય ત્યારે આ શ્રીફળ સાથે વસ્ત્ર અને અલંકાર ધારણ કરજે. વત્સ! તારે હજુ ભરતાર્ધનું રાજ્ય ભોગવવાનું છે." એમ કહી પછી નિષધદેવ નળને ઊંચકીને સુસમારપુરમાં મૂકે છે.

દુરમતિ–દુર્મતિ; પહિલઉ પહેલાં; મૂત્રચુલૂ–અખાદ્ય પદાર્થ, પીવાને મૂત્ર; કાનનસુરી–વનદેવી; સવિ–સર્વે; ખણિ ખણિ–ક્ષણે ક્ષણે; તરુ અંતરિ વૃક્ષોની વચ્ચે;

ખાઅઉ–ખાઓ; હિજિ–હેતથી; ભસમ–ભસ્મ; રયણી–રાત્રી; હીયડઇ–હૈયામાં; સાલઇ–સાલે; નિષધનંદન–નિષધ રાજાનો પુત્ર નળ; ઉવેષઇ–ઉવેખે; સુપાસઇ–વધારે પાશે; નિસુણઇ–સાંભળે; પાથોધિ–ભાથું, શ્રેષ્ઠ; જલતઉ–જલતો, બળતો; પાટવ–પટુતા, નરભાષા બોલવામાં આવેલી કુશળતા; ધરાણઉ–ધરાવો; અહિનાણી–એંધાણી; અવધિન્યાન–અવધિજ્ઞાન, જે વડે અમુક ક્ષેત્ર અને સમયમાં બનતી ઘટનાઓ વિશે જાણી શકાય; જૈન સિદ્ધાન્ત પ્રમાણે જ્ઞાન પાંચ પ્રકારનાં છે : મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ; પાણિ કમલિ આમલક પરિ–હાથમાં આમળું હોય તેની જેમ; સ્યું–શું; આપ–પોતાને; વષાણું–વખાણું; રાષઉ–રાખો; દાષઉ–દાખવો; નેહ સ્નેહ; મ ચૂકઉ–ન ચૂકો; ઉપગાર–ઉપકાર; ઢૂકઉ–પાસે; ઘાલઉ–ઘાલે, નાખે; લાગઉ-લાગ્યો, વળગ્યો; ખાંચઇ–ખેંચે; ખાંચીતઉ–ખેંચતાં; પાણિઇ–હાથે; ડસિવા–ડંખવા; દૂજણ–દુર્જન; પાણિ થકી છંડાવી–હાથથી છોડાવી; ડંકઇ–ડંખથી; વિસ–વિષ; કુબજ–કુબ્જ, કદરૂપું; વઇરાગઇ–વૈરાગ્યથી; કુત્છિત–કુત્સિત, કદરૂપી; તાયા–તાત, પિતાજી; પરભાવઇ–પ્રભાવથી; વછ–વત્સ; મઇ–મેં; સુરપદ–દેવગતિ; પાયા–પામ્યો; ઉધરિવા–ઉદ્ધાર કરવા; બંગઇ–વાંકાપણું; અજી–હજુ; વચ્છ–વત્સ; ભરતારધ–ભરતાર્ધ–અડધા ભરતક્ષેત્રનું રાજ્ય; થારઉ–તારો; જીવતની પરિ–જીવની જેમ; રાષે–રાખે, સાચવે; વંછઇ–ઇચ્છે; તબ–ત્યારે; પિહરસિ–પહેરશે; સરૂપ–સ્વરૂપ; થાસ્યઇ–થશે; કુબજિતપણઉ–કૂબડાપણું; તમ–અંધકાર; દિવાકર–સૂર્ય; બેઉ–બંને; પહુચાવું–પહોંચાડું; હરષિત–હર્ષિત; સુરિ–દેવે; ષોલઇ–ખોળામાં; પોલઇ–પોળમાં.

**इक्ष्वाकु......दवाग्निना**—ઇક્ષ્વાકુ કુળમાં શ્રેષ્ઠ એવા અને ચન્દ્રની જેમ વિશ્વને આનંદ આપનાર હે નલ રાજેન્દ્ર, દવાગ્નિમાં બળતા એવા મને બચાવ.

## ઢાલ ૬

## ( કડી ૧૬૯ થી ૧૭૭ )

કુબજ નળ સુસમારપુરમાં દાખલ થાય છે તે વખતે એક ગાંડો હાથી ચારે બાજુ વિનાશ સર્જે છે. તેને પોતાની ગજવિદ્યા વડે વશ કરીને રાજાની પ્રશંસા નળ પામે છે. રાજા તેનો પરિચય પૂછે છે ત્યારે તે પોતાને નળ રાજાના રસોઈયા તરીકે ઓળખાવે છે ને સૂર્યપાક રસોઈ કરી બતાવે છે. દધિપર્ણ રાજાના પ્રેમાદર પામી નળ એને ત્યાં રહે છે.

જિનવર–જિનેશ્વર, તીર્થંકર; ઇમ–એમ; ઉપદિસઇ–ઉપદેશે; મઠશાલાદિક–મઠ, આશ્રમ, દાનશાળા વગેરે; ભાંજતઉ–ભાંગતો; ગજરાયા–હાથી; લેષઇ–લેખે;

પૌર–નગરનાં; વસિ–વશ; જિસઉ–જેવો; પ્રજનઉ–પ્રજાનો; વયણ–વચન; જસ–કીર્તિ; સિંધુર–હાથી; કલાવાની–કલાવાનની, વિદ્યાના જાણકારની; પરિષએ–પરીક્ષા; કસવટઇ–કસોટીના પથ્થર ઉપર; હેમનઇ–સોનાને; નિજ રાષિ–તારી જાતનું રક્ષણ કર; પ્રજ–પ્રજા; મઇગલ–મદગલ હાથી; ઉત્તરીય પટ– ઉત્તરીય વસ્ત્ર; કંદુક પરઇ–દડાની જેમ; આલાન–આલાન સ્તંભ, બાંધવા માટેનો સ્તંભ; વડભાગ–મહા ભાગ્યશાળી; લાગ–લાગે છે; સામાન–સામાન્ય; અટકલઇ–અનુમાન કરે છે; સનમાનઇ–સન્માન કરે; અંગાભરણ–શરીર પરનાં ઘરેણાં; દુકુલ–કિંમતી રેશમી વસ્ત્ર; પૂછએ ગૃહનઉ મૂલ–કુટુંબ વગેરે વિશે પૂછે છે; સૂઆર–રસોઇયો; હુંડિક નામિ–હુંડિક નામનો; સાષી– સાક્ષી; સંગતિફલા–સંગતિનું ફળ; પસાય–પ્રસાદ, કૃપા; કૂબર કરઇ ધર હારિ–કૂબરનાં હાથે ધરા (રાજ્ય) હારી ગયો; દેસંતર–દેશાન્તર, અન્ય દેશમાં; આતપિ–સૂર્યના તાપમાં, તડકામાં; પષાલી–ધોઈ; સાલી–ચોખા; ઉમાહિ–ઉત્સાહ-પૂર્વક; લક્ષ ટંક–લાખ ટકા; દિરાવએ–દેવડાવે; રાષઉ–રાખો; વંછા–ઇચ્છા; આણ–આજ્ઞા; જેતી–જેટલી; રયણી–રાત્રી; હરષ–હર્ષ, હરખ.

## ઢાલ ૭

## ( કડી ૧૭૮ થી ૧૮૬ )

એક દિવસ કુબજને એક સરોવરને કિનારે વૃક્ષની છાયામાં એક વિપ્ર મળે છે, જે નળરાજા વિશે બે શ્લોક કહી સંભળાવે છે. એ બ્રાહ્મણ તે કુશલ. કુંડિનપુરથી પોતે આવે છે એમ જણાવે છે. નળે દવદંતીનો ત્યાગ કર્યો તે પછી વનમાં એકલી સૂતેલી દવદંતીને જે સ્વપ્ન આવે છે તેની વાત તે કરે છે.

સરસી તટઇ–સરોવરના કિનારે; દેસંતરી–દેશાંતરમાં, ફરતાં ફરતાં (અથવા વટેમાર્ગુ); દુઇ–બે; ઇસા–આવા; હિયઇ–હૃદયમાં; સુઠુ–સુષ્ઠુ, સરસ; ઇસઉ–એવું; અછું–છું; ઇત્થ–જ્યાં, જેમાં; પરમત્થ–પરમાર્થ, સત્ય; ત્યાગાવધિ–ત્યાગની અવધિ; કવણ–કેવા; હિવ–હવે; મુત્ત–મુક્ત, છોડી દીધેલી, ત્યજેલી; રયણી–રાત્રી; સમઇ–સમયે; સુપિન–સ્વપ્ન; સુત્ત–સૂતેલીએ; સહકારઇ–આંબાના વૃક્ષ ઉપર; વડા–મોટા; ગજિ–હાથીએ; ભૂ પડી–જમીન ઉપર પડી; સોક–શોક; સોકસમુદ્રિ પવિટ્ઠ–શોકરૂપી સમુદ્રમાં પેઠી.

**અનાર્યા......ભસ્મસાત્**—અનાર્ય, લજ્જારહિત, મૂર્ખ, હણાયેલા આત્માવાળા એવા નળનું જ આ લક્ષણ છે કે જેણે પોતાની સૂતેલી પ્રિયાનો ત્યાગ કર્યો. વિશ્વાસુ, પ્રિય, સ્નેહી, વનમાં એકલી સૂતેલી એવી પ્રિયાને ત્યજવાની ઇચ્છાવાળો ત્યાં જ કેમ ભસ્મ ન થઇ ગયો ?

## ઢાલ ૮

## ( કડી ૧૮૭ થી ૧૯૫ )

સ્વપ્નમાંથી જાગ્રત થતાંની સાથે નળને ન જોતાં કંપિત અને ભયભ્રાંત થયેલી દવદંતી વિલાપ કરે છે અને નળ ક્યાં ગયો હશે તે વિશે તર્ક કરે છે. એના વિલાપમાં વનનાં પશુપંખીઓ પણ સહભાગી થાય છે. પોતાને માથે આવી પડેલો વિયોગ તે પોતાના પૂર્વ કર્મનું ફળ છે એમ તે વિચારે છે. પોતાના વસ્ત્રને છેડે નળે લખેલા અક્ષરો તે વાંચે છે અને એ સૂચનાનુસાર પોતાના પિતાના નગરે જવાની દિશાનો રસ્તો લે છે.

વિધિ–વિહિ; ખ્યાલેવા–ખાળવા, ધોવા; સરિ–સરોવરે; હાસઉ–હાસ્ય, મજાક; તરુ અંતરી–વૃક્ષોની વચ્ચે; છાનઉ થયઉ–સંતાઈ ગયા; અપહાર–અપહરણ; સ્વરિ–સ્વરે; દસા–દશા; સુપિન–સ્વપ્ન; રાજસિરી–રાજ્યશ્રી; ફલ આવલી–ફળની હાર; પરનઉ–પારકાંનો; પટનઇ અંતિ–વસ્ત્રના છેડે; કંતિ–કંથે; વટ અહિનાણિ–વડની એંધાણીએ; કુરંગી–હરિણી; સિંહી–સિંહણ; જાંગુલી–સર્પને વશ કરનારી વિદ્યા; હિંસ–હિંસક; તિણિ ખિણઇ–તે ક્ષણે; રેખઇ–સરખાં; ઉઘરાણી–ઉઘાડા; ડાભ–દર્ભ, એક પ્રકારનું અણીદાર ઘાસ; સુંઆલા–સુંવાળા; પ્રવાલ–પરવાળાં; ઉપમ–ઉપમા; જાસુ–જેને માટે.

**મુખ ખ્યાલેવા......ગયઉ એ**—દવદંતી નળને ન જોતાં વિચાર કરે છે કે 'નળ મુખ ધોવા માટે સરોવરે ગયો હશે અથવા મારી મજાક કરવા વૃક્ષ પાછળ સંતાઈ ગયો હશે, અથવા કોઈ વનદેવી એનું અપહરણ કરી ગઈ હશે અથવા કંઈ હરવાફરવા કે રમવા ગયો હશે ?'

**દેખિ દસા......મિલી એ**—દવદંતીની દુઃખી અવસ્થા જોઈને તેના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવા આસપાસનાં પશુપંખીઓ પણ તેની પાસે આવી રોવા લાગે છે. કવિએ અહીં થોડીક પંક્તિમાં સુંદર શબ્દચિત્ર દોર્યું છે.

**હૃદયકમલિ......ખિણઇએ**—દવદંતીના હૃદયકમળમાં તો નળરૂપી હંસ વસે છે. એટલે કે ત્યક્તાવસ્થામાં પણ દવદંતીના ચિત્તમાં સતત નળનું જ ધ્યાન છે. એને પરિણામે અને એના મુખમાં નવકારમંત્રનું રટણ છે તેને કારણે વનમાં હિંસ્ર પશુપક્ષીઓ તરફથી, જાણે ચમત્કાર થતો હોય તેમ, કોઈ ઉપદ્રવ થતો નથી. હાથી એને સિંહણ માની એનાથી દૂર રહે છે. સિંહ એને અંબિકા ગણે છે. ભુજંગ એને જાંગુલી રૂપે જુએ છે. આ રીતે સર્વ હિંસ્ર જીવો એને મિત્રની જેમ ગણે છે.

## ઢાલ ૯

## ( કડી ૧૯૬ થી ૨૩૨ )

દવદંતી વનમાં હવે એકલી ભમે છે. એક સાર્થનો (ગાડાખેડુઓનો) એને સંગાથ થઈ જાય છે. રસ્તામાં ચોર આક્રમણ કરવા જાય છે, પરંતુ દવદંતીની બૂમોથી નાસી જાય છે. એથી સાર્થવાહ દવદંતીને દેવી માને છે. ત્યાં વર્ષાઋતુ શરૂ થાય છે. કાદવમાં ગાડાં ખૂંપી જતાં વિલંબ થાય છે. એક રાક્ષસ ખાવા આવે છે, પણ દવદંતીના સતીત્વથી પ્રભાવિત થાય છે. દવદંતી નલવિયોગમાં કેટલાક અભિગ્રહ ધારણ કરે છે તથા શાંતિનાથ ભગવાનની પ્રતિમા રચી પૂજા કરે છે. અતિવૃષ્ટિ થતાં પોતાના શીલ વડે દવદંતી પાંચસો તાપસોને બચાવી તેમને ધર્મોપદેશ આપે છે. એક પર્વત ઉપર પધારેલા યશોભદ્ર કેવલીને વંદન કરવા સૌ જાય છે. દવદંતી પણ ત્યાં જઈ એમને પોતાનાં દુ:ખ વિશે પૂછે છે.

ઉલ્લંઘિવા–ઓળંગવા; લંઘિવઉ-ઓળંગવું, પાર કરવું; સકટ સંઘાત–ગાડાંનો સંગાથ; સત્થ–સત્ય; કુલસુરી–કુલદેવી; પય–ચરણ; વિજન–નિર્જન; પ્રદેસિ- પ્રદેશે; રિતુ–ઋતુ; વરસિવા–વરસવા; ખૂતા–ખૂંચી ગયા; શકટ–ગાડાં; કાદમ–કર્દમ, કાદવ; વિચઇ–વચ્ચે; ફરસઇ–સ્પર્શે; થાસિ–થશે; ખાઇવા–ખાવા; કદઇ–કદી, કયારે; ભણિ–કહે; ધ્રમ–ધર્મ; અલક્ષ–અદૃશ્ય; અભિગ્રહ–નિયમ; જાય–જાયા, પત્ની; વિકૃતિનઉ-વિગઈનું, જૈનોના આ પારિભાષિક શબ્દ છે. મનમાં વિકૃતિ જન્માવે એવા સ્નિગ્ધ ખાદ્ય પદાર્થોને વિગઈ કહેવામાં આવે છે; ચાય–ત્યાગ; પુપ્ફ–પુષ્પ; પિહરણ–પહેરવાનાં (કિંમતી) વસ્ત્રો; પ્રતિષેધ–નિષેધ; તાંબૂલ–પાન; ખાઇવવું–ખાવું; ગિરિકંદર–પર્વતની ગુફા; વિચઇ–વચ્ચે; રચિ–રચે છે; શાંતિની–શાંતિનાથ ભગવાનની, સોળમા તીર્થંકરની; મૃદમયી–માટીની; કોણિ–ખૂણામાં; પારણાઇ સહજ પતિત ફલે-તપશ્ચર્યાને અંતે પારણું કરવામાં સહજ રીતે પોતાની મેળે ખરી પડેલાં ફળ વાપરે; સમરતી–સ્મરણ કરતી; નિરભીક–નિર્ભીક, નિર્ભય; નિજીક–નજીક; સાર્થપતી–સાર્થપતિ; કંત–કાંતા, પત્ની (પ્રાસ માટે 'કાંતા'નું કંત કર્યું લાગે છે); સોલમ–સોળમા; સુણિ–સાંભળીને; તીયાંતણા–સ્ત્રીના; જિન ધ્રમ–જિન ધર્મ; રાસિ–સમૂહ; આશ્રમતણા વાસી–આશ્રમવાસી; આકુલ વૃષ્ટિ કરી–સતત અતિવૃષ્ટિને કારણે આકુળ થયેલાં; કરિ–હાથ વડે; કુંડલ કરિ કરી–હાથ ધારા વડે કુંડલ કરીને; મત વરસઉ–ન વરસો; કથનઇ–કહેવાથી; વિસમિત–વિસ્મિત, આશ્ચર્યચકિત, સુરી–દેવી; પ્રતિબુધા–બોધ પામ્યા; તુંગ-ઊંચા; પંચસય–પાંચસો; પંચ દિનમાન–પાંચ દિવસ જેટલું; આઉનઉ–આયુષ્યનું; નિરીષ–નિરખીને; દીષ–

દીક્ષા; નમિવા-નમવા, વંદન કરવા; કેવલ-કેવળજ્ઞાન; ધ્રમદેસના-ધર્મનો ઉપદેશ; સેષ-શેષ, બાકીનાં; કરમનઉ-કર્મનાં; કેવલિય-કેવળજ્ઞાની; કિસા-કેવા; કરમ-કર્મ; જિણિ-જેના વડે.

**પંચ દિન......જિન દીષ રે**—કવિએ અહીં નળના ભાઈ કૂબરના પુત્રનો પ્રસંગ સંક્ષેપમાં વર્ણવ્યો છે.

દવદંતીના ધર્મોપદેશથી પાંચસો જેટલા તાપસો પ્રતિબોધ પામ્યા હતા અને ત્યાં તાપસપુર નામનું નગર વસાવ્યું હતું. એક વખત અડધી રાતે પર્વતના શિખર ઉપર સૂર્યના જેવો પ્રકાશ જોતાં દવદંતી અને તાપસો ત્યાં જાય છે ત્યારે જુએ છે કે સિંહકેસરી નામના એક મુનિને કેવળજ્ઞાન થયું છે. તેનો ઉત્સવ કરવા દેવો પોતાના વિમાનમાં ત્યાં આવી રહ્યા છે માટે ત્યાં બધે પ્રકાશ ફેલાયેલો છે. તેઓ સિંહકેસરી મુનિ પાસેથી જાણે છે કે તે નળના ભાઈ કૂબરના પુત્ર છે. તે લગ્ન પછી તરત પોતાની પત્ની બંધુમતી સાથે પાછા ફરી રહ્યા હતા ત્યાં રસ્તામાં યશોભદ્ર કેવળીને વંદન કરી તેમણે પોતાના આયુષ્ય વિશે પૂછ્યું. યશોભદ્રે કહ્યું કે માત્ર પાંચ દિવસનું જ આયુષ્ય બાકી છે. એ જાણી સિંહકેસરી ગભરાઈ ગયા. પરંતુ એને આશ્વાસન આપતાં યશોભદ્રે કહ્યું કે એમાં ગભરાવાની જરૂર નથી. એક દિવસના દીક્ષાપર્યાયવાળો પણ કેવળજ્ઞાન પામી મોક્ષગતિ મેળવે છે. એથી સિંહકેસરીએ ત્યાં જ એમની પાસે દીક્ષા લીધી. એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પાંચ દિવસનું આયુષ્ય પૂર્ણ કરી સિંહકેસરીએ મોક્ષગતિ પ્રાપ્ત કરી.

## ઢાલ ૧૦

### ( કડી ૨૩૩ થી ૨૩૯ )

દવદંતી પોતાને માથે આવું દુઃખ શા માટે આવી પડયું તે વિશે યશોભદ્ર કેવલીને પૂછે છે. કેવલી ભગવંત કહે છે કે પૂર્વજન્મમાં, વીરમતી અને મમ્મણના ભવમાં તેઓએ એક સાધુને બાર ઘડી સુધી જે કષ્ટ આપ્યું તેને પરિણામે આ જન્મમાં તેમને માથે દુઃખ આવી પડયું છે. આ વિયોગ બાર વર્ષનો છે. તેમાંથી સાત વર્ષ પસાર થઈ ગયાં. એમ કરતાં ધનદેવ સાર્થવાહ સાથે દવદંતી અચલપુરમાં પોતાની માસીને ત્યાં આવી પહોંચે છે. ત્યાં ગુપ્તપણે રહે છે; પિંગલ ચોરને બચાવે છે. દરમિયાન કુંડિનપુરથી હરિમિત્ર બ્રાહ્મણ આવી પહોંચે છે.

પૂર્વભવઇ-પૂર્વભવમાં; નરવઇ-નરપતિ, રાજા; પઇ-પતિ; બહુલા-ઘણા; અભિમુખ-સામેથી; અપસકુન-અપશુકન; દ્વાદસ-બાર; રૂધ્યઉ-અટકાવ્યા; મનિ-

મનથી, મનમાંથી; ખામ્યઉ–ક્ષમા માગી; ક્રમ–કર્મ; અણુભોગવીયઉ–ભોગવ્યા વગરનું; ક્રમઇ–એમ કરતાં ક્રમે ક્રમે; બંભણુ–બ્રાહ્મણુ; પ્રભણઇ–કહે; ગુહાનઇ દારિ–ગુફાના દ્વારે; સદ્દહિ–સાચું માન, શ્રદ્ધા રાખ; નિકટ જાતઉ–નજીકમાં જ જતાં; ઉચ્છુક–ઉત્સુક; થંભઇ–થંભે; સીલ પરભાવઇ–શીલના પ્રભાવથી; દેઉલ–દેવળ; પાલિ–પાળે; જાયા–પત્ની; નિય–પોતાના, નિજ; આણાવએ–અણાવે, તેડાવે; માહોમાંહી–અંદરઅંદર, પરસ્પર; ઊલખી ('ઊષલી' નહિ)–ઓળખી; અખઇ–કહે; સીષ લહી–સલાહ લઇને, રજા લઈને; સત્રસાલા–દાનશાળા; વડંગલ–દંગલ, તોફાન; વધભૂમિ–ફાંસી આપવાની જગ્યા; સાર્થેસ–સાર્થેશ, સાર્થપતિ; આખ્યાં–આંખમાંથી; આદેસઇ–આદેસ કરે; વસંત શ્રીસેષર–વસંત શ્રીશેખર; વછ–વત્સ; સુરસુખ–દેવલોકનું સુખ; મણુઅ–મનુષ્ય; આશ્રવ દ્વાર–કર્મબંધ બંધાવાનાં દ્વાર; આસીસ–આશિષ.

**તુમ્હ લહઉ......વારીયઇ**—મન, વચન અને કાયાના યોગથી કર્મ બંધાય છે. જ્યાં સુધી કર્મ બંધાય છે ત્યાં સુધી મુક્તિ નથી. જે દ્વારથી કર્મવર્ગણાનાં પુદ્ગલો આત્માને ચોંટે છે તેને આશ્રવદ્વાર કહેવામાં આવે છે. પાંચ ઇન્દ્રિયો એ રીતે આશ્રવનાં પાંચ દ્વાર કહેવાય છે. એ ઇન્દ્રિયો ઉપર સંયમ ધારણ કરવાથી આશ્રવનાં દ્વાર બંધ થાય છે.

## ઢાલ ૧૧.

## (કડી ૨૪૦ થી ૨૬૮)

હરિમિત્ર બ્રાહ્મણ ત્યાં આવી પહોંચે છે. તે કહે છે કે નળ રાજા રાજ્ય હારી ગયા અને દવદંતી સાથે વનમાં નીકળ્યા એ સમાચાર જાણી, દુઃખ અનુભવી ભીમ રાજાએ એમની તપાસ કરવા માટે મને મોકલ્યો છે. ગામેગામ ફરતો ફરતો હું આવ્યો છું, પરંતુ હજુ તેમની ભાળ લાગી નથી. આ સમાચાર સાંભળી રાણી ચન્દ્રયશા રુદન કરવા લાગી. એથી રાજકુટુંબમાં શોક છવાઈ ગયો. પછી હરિમિત્ર ભોજન માટે સત્રશાળામાં ગયો. ત્યાં દવદંતીને જોઈ. હરિમિત્રે તરત તેને ઓળખી. પછી એ શુભ સમાચાર એણે રાજાને આપ્યા. ચંદ્રયશાએ ભાણેજીને ન ઓળખવા માટે અફસોસ કર્યો. દવદંતીને સ્નાન વગેરે કરાવી સુંદર વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં. દરમિયાન પિંગલ ચોર કે જે વ્રત લઈ, દેહ છોડી દેવલોકમાં દેવ થયો હતો તે દેવે આવીને દવદંતીએ એના ઉપર કરેલા ઉપકાર બદલ સુવર્ણની વૃષ્ટિ કરી. ત્યાર પછી દવદંતીને ભીમ રાજાને ત્યાં લઈ જવામાં આવી. પુત્રીના મિલનથી રાજા-રાણી અને નગરજનોને આનંદ થયો. રાજાએ હરિમિત્રને દવદંતી મેળવી આપવાનું કાર્ય કરવા માટે પાંચસો ગામ બક્ષિસ તરીકે આપ્યાં.

અછઇ-છે; સ્વસા–બહેન; પુણિ–વળી; સુદ્ધિ–ખબર, ભાળ; સગલી–સઘળી; કાનન–વન; એહવઉ–એવો; વિણસાડ-વણસાડ, ખોટું કાર્ય; સુધિ-ભાળ; મૂકચઉ–મૂકચો, મોકલ્યો; ગામિ ગામિ–ગામે ગામે; ઇત્થ–જ્યાં, અહીં; સસોક–સશોક, શોકવાળો; સગલઉ–સઘળાં; બઇસી જીમિ–બેસીને જમ; વિસમિત–વિસ્મિત; ગુણખાણિ–ગુણોની ખાણ જેવી; વદ્ધાવઇ–વધામણી માટે; સત્રસાલા–દાનશાળા; મજ્ઝિ- મધ્યે; મૂઢમઇ–મૂઢમતિ; ધામિ–ઘરે; હિવઇ–હવે; વારિ–પાણી; ન્હાણ–સ્નાન; બઇઠી–બેઠી; રાજ-ભ્રંસ–રાજ્યભ્રષ્ટ; આદિઇ કરી–વગેરે વિશે; પ્રભણઇ–કહે; કૃસ–પાતળાં; જસુ–જેના; ગાત–ગાત્ર; સ્યઉ–શું; સરગ–સ્વર્ગ; રાષીયઉ–રાખ્યો, બચાવ્યો; ઘોર–મોટાં; ઉચરાવ્યઉ–ઉચ્ચરાવ્યાં, લેવડાવ્યાં; દવગ્ગિ–દવાગ્નિ; દાધઉ–બળી મર્યો; ઉપનઉ–ઉત્પન્ન થયો; સોહમ સગ્ગિ–સુધર્મ, દેવલોકમાં; પાઉ–પામો; સોવન–સુવર્ણ; વરિષા–વર્ષા; હરિષં–હર્ષથી; ધ્રમનઉ–ધર્મનો; જનક ઘરઇ–પિતાના ઘરે; સનમુખ–સન્મુખ; સંમેત–સહિત; નેત–નેત્ર, નેત્રમાંથી; ગલઇ–ગળે; સમહોચ્છવ–સમહોત્સવ; એતી–એટલી; સવચ્છલ–સવત્સલ; યતન–યત્ન, સંભાળ; કચ્છ–કૃત્સ્ન, સર્વ, સમગ્ર; આગમિ–આગમન પ્રસંગે; તૂટઉ–તુષ્ટ થતાં; અધ–અડધું.

## ઢાલ ૧૨

### ( કડી ૨૬૯ થી ૨૮૯ )

એક દિવસ દધિપર્ણ રાજાનો દૂત ભીમ રાજાને ત્યાં આવ્યો. એણે દધિ-પર્ણના કુબજ સારથિની વાત કરતાં કહ્યું કે એ કુબજને સૂર્યપાક રસોઇ બનાવતાં આવડે છે. વળી તે ગજવિદ્યા અને અશ્વવિદ્યા જાણે છે એમ કહેવાય છે. એ સાંભળીને દવદંતીને થયું કે તે ચોક્કસ નળ હોવો જોઈએ. ગુપ્તવાસ માટે શરીર કદરૂપું બનાવી દેવાયું હોય. એણે ભીમ રાજાને વાત કરી. કુબજની તપાસ અને પરીક્ષા માટે એક બ્રાહ્મણને મોકલવામાં આવ્યો. એણે પાછા આવીને બધી વાત કરી. એથી દવદંતીની ખાતરી વધી ગઈ. કુબજને બોલાવવા માટે ભીમ રાજાએ ઓછા દિવસનો આંતરો રહે એવા મિથ્યા સ્વયંવરનું નિમંત્રણ દધિપર્ણને મોકલવાનું નક્કી કર્યું, જેથી કુબજ જો અશ્વવિદ્યા જાણતો હોય તો જ દધિપર્ણ રાજા સમયસર આવી શકે.

ઇક–એક; પહૂત–પહોંચ્યો; સૂઆર–રસોઇયો; સાર–રહસ્ય; રીત; ગજદમન–હાથીને વશ કરવો; ઇવડઉ–એવડો; રસવતી–રસોઈ; આસઇ–આશાથી; વિષન્ન-

વિષાદવાળું; ઇસઉ–એવું; પીતલ–પિત્તળ; કલધૌત–સોનું (અથવા ચાંદી); સુવન્ન–સુવર્ણ; ધનુષ વાતઇ–એ પ્રકારના વાયુના રોગથી; કલપતરુ–કલ્પતરુ; એરંડ–એરંડાનું વૃક્ષ; વિધે–વિધાતા; ઇમ મિષ કરી–એ બહાને; સમરી–સ્મરીને; અધિકઉ–અધિક; સોગ–શોક; આવાસિ–આવાસે, રહેઠાણે; સતકાર–સત્કાર; માહરઇ–મારા; જિમાવિ–જમાડે; આભરણ–ઘરેણાં; ટંકા–રોકડ રકમ; સવે–બધાં; વિરતંત–વૃત્તાન્ત; એકંત બઇસી–એકાંતમાં બેસીને; કરિવઉ–કરવો; જામાતા–જમાઈ; કિણિહિ પ્રકારિ–કોઈ પણ પ્રકારે; ઇંગિતે–નિશાની, હાવભાવ; ઉલષી–ઓળખીશ; અનલની ધાર–અગ્નિ-શિખા દ્વારા પરીક્ષા કરીને; અથ–અથવા; મિથ્યા–ખોટો, બનાવટી; સયંવર–સ્વયંવર; ભૂષંડિ–ભૂખંડે, પ્રદેશે; દારા–પત્ની; દોહિલઉ–કઠિન; અસ-હૃદય વેદિ વિદ્યા–અશ્વના હૃદયને જાણવાની વિદ્યા; પરિષવઉ–પરીક્ષા કરવી; જાણાવસિ–જણાવશે; કેહિ દિન પરિમાણ–અમુક નક્કી કરેલા દિવસે.

## દુહા

### ( કડી ૨૯૦ થી ૨૯૨ )

ભીમ રાજા બનાવટી સ્વયંવરનો સંદેશો દધિપર્ણ રાજાને એવી રીતે પોતાના અંગત માણસ સાથે મોકલાવે છે કે જેથી અશ્વવિદ્યાના જાણકાર વગર સમયસર પહોંચી ન શકાય. એથી દધિપર્ણ રાજાનું મુખ નિસ્તેજ થઈ જાય છે, એ વખતે રાજાને કુબજ વિનંતી કરે છે કે 'શી બાબત છે તે કરુણા કરીને મને કહો.'

ચૈતતણી–ચૈત્રની; સિત–શ્વેત, શુકલ, સુદ; આસન્ન–નજીક; આવિષન્ન–નિશ્ચિંત થઈને, ઉત્સાહથી; આપ્ત પુરુષ–અંગત માણસ; વિચિ–વચ્ચે; દેષિ–દેખી; વિવર્ણ–નિસ્તેજ; વિચ્છાય–શોભારહિત; કરુણા કરિ–કરુણા કરીને; કહિવઉ–કહેવું, કહો; સવિ–સર્વ.

## ઢાલ ૧૩

### ( કડી ૨૯૩ થી ૩૧૧ )

કુબજ પોતાની અશ્વવિદ્યા વડે દધિપર્ણ રાજાને કુંડિનપુર લઈ જાય છે. રસ્તામાં દધિપર્ણનું વસ્ત્ર ઊડી જાય છે. પરંતુ તે લેવા માટે રથ થોભાવવા કુબજ ના પાડે છે કારણ કે એટલી વારમાં રથ પચીસ યોજન આગળ નીકળી ગયો છે. ત્યાર પછી પોતે પણ કંઈ જાણે છે એ બતાવવા દધિપર્ણ વૃક્ષનાં ફળ ગણી બતાવે છે. કુબજ અને દધિપર્ણ પરસ્પર પોતાની વિદ્યા આપે છે. આ બાજુ

દવદંતીને સ્વપ્ન આવે છે. નળનો મેળાપ થશે અને રાજ્ય પાછું મળશે એવો એનો અર્થ થાય છે એમ એના પિતા કહે છે.

ષટ યામાનઇ–છ રાત્રિમાં; અંતરઇ–અંતરે, ગાળે; ઊમાહ–ઉત્સાહ; દાર–દારા, પત્ની; પહુચાવિસુ–પહોંચાડીશું; પરભાતિ–પ્રભાતે; હયવર–ઉત્તમ ઘોડા; સ્થગિકાધર–પાનની પેટી ઝાલનાર; સુરદત્ત–દેવે આપેલું; બઇઠઉ–બેઠો; ખેડઇ–ખેડે, ચલાવે; એહવઉ–એવો; હિવ–હવે; વાતઇ–પવનથી; ઊલલ્યઉ–ઊડચો; ભૂતલિ–જમીન ઉપર; ચેલ–વસ્ત્ર; ધરઇ–ધરો, ઊભો રાખો; થોડીસી વેલ–જરાક વાર માટે; અક્ષ-વૃક્ષ–બહેડાનું વૃક્ષ; ફલયઉ–ફળ્યું, ફળ આવ્યાં છે એવું; પબ્હઇ–જોઈ; વિન્યાન–વિજ્ઞાન; દેષિવાની–દેખવાની; ખંતિ–ઇચ્છા; હિવણાં–હમણાં; દ્રુમનઇ–વૃક્ષને; ગિણવઉ–ગણવું; તેતા–તેટલાં; નિસિ–રાત્રે; સુપિનડઉ–સ્વપ્નમા; ફલભરનત–ફળના ભારથી નમેલું; સિહર–શિખર, ટોચ; ઉછાહિ–ઉત્સાહમાં; પહિલોકી–પૃથ્વી લોક; લહિસ્યઉ–પામશે; થાસ્યઇ–થશે.

**કુબજ ખેડઇ.....જાણિ રે**—કુબજે રથ એટલા વેગથી અને એવી સરળતાથી ચલાવ્યો કે જાણે કે સાગરમાં પવનથી પ્રેરિત વહાણ ન ચાલતું હોય.

**અક્ષવૃક્ષ......લવલેસ રે**—પોતાનું વસ્ત્ર પડી ગયું ત્યારે જ દધિપર્ણ રાજાને રથ કેટલી બધી ગતિએ જઈ રહ્યો છે તેની વધારે ખબર પડી. કુબજની આવી વિદ્યાથી પોતે પ્રભાવિત થયો, પરંતુ પોતાની પાસે પણ કંઈક વિદ્યા છે એ બતાવવાનું એને મન થયું. એ માટે કુબજને બહેડાનું એક વૃક્ષ બતાવીને કહ્યું કે એના પર કેટલાં ફળ છે તે પોતે કહી આપી શકે એમ છે. કુબજે એ વિદ્યાની સાબિતી તરત કરી બતાવવા માટે જ્યારે કહ્યું ત્યારે દધિપર્ણે વિલંબનો ભય સૂચવ્યો, કારણ કે એટલા માટે તો પોતાનું પડી ગયેલું વસ્ત્ર કુબજે ન લેવા દીધું. પરંતુ કુબજને દધિપર્ણની અક્ષવિદ્યામાં રસ હતો. એટલે એણે કહ્યું કે 'તમે મોડું થવાની જરા પણ ચિંતા ન કરશો, કારણ કે રથ ચલાવવાનું કામ મારા હાથમાં છે.'

## ઢાલ ૧૪

## ( કડી ૩૧૨ થી ૩૧૯ )

દધિપર્ણ રાજા કુબજ સાથે કુંડિનપુર આવી પહોંચે છે, ત્યારે કુબજ એ નળ છે કે નહિ તેનું પારખું કરવા માટે એની પાસે સૂર્યપાક રસોઈ કરાવવામાં આવે છે અને ત્યાર પછી નળ પોતાની આંગળી વડે દવદંતીના દેહને સ્પર્શ

કરતાં દવદંતીનો દેહ રોમાંચિત થાય છે. એથી દવદંતીને ખાતરી થાય છે કે કુબ્જ એ નળ જ છે. નળદવદંતીનું આ રીતે પુનર્મિલન થાય છે.

વાતાં–વાતચીત; પ્રભણઇ–કહે; નરેસરૂ–નરેશ્વર; રથિ આરુહિ–રથ ઉપર ચડીને; સારહિ–સારથિ; પાંહઇ–પાસે; આદેસઇ–આદેશ આપે છે; મનરલી–મન આનંદ પામે તેવું; મનગમતું; અહિનાણિ–અભિજ્ઞાનથી, એંધાણીએ; ખંજુ–લંગડો; સંસય–સંશય; પિહચાણીયઇ–ઓળખીએ; અંગુલી અગ્રઇ–આંગળીના ટેરવા વડે; ફરસઇ–સ્પર્શે; પુલકેભરી–રોમાંચિત; સહી–નક્કી, ચોક્કસ; જસ–જશ; મનુહારી–મનોહર; છુહાં–સ્પર્શે; દુષતઉ–દુખતો; સ્યઉ–શો; પાવિસ્યઇ–પામશે; ખિણઇ–ક્ષણે; ફોડિલઉ–ફોડલો; બિઉણુઉ–બમણું; ઉચ્છુકમના–ઉત્સુક મનથી.

**ભણઇ કુબ્જડઉ......છુહાં**—નળ ભીમ રાજાના સૂચન સાથે તરત સંમત થતો નથી અને કહે છે કે પોતે આજન્મ બ્રહ્મચારી છે તો સ્ત્રીનો સ્પર્શ કેવી રીતે કરે ? ભીમ રાજાના સૂચનનો અનર્થ ન થાય તેટલા માટે સાવચેત રહેવા નળ અહીં અસત્ય બોલી જુએ છે.

**દુષતઉ.....અંગના**—દવદંતીના દેહને સ્પર્શ કેવી રીતે કરવો ? અહીં સ્પર્શ તો કસોટી માટે પ્રતીકરૂપ છે. એટલે ઓછામાં ઓછો સ્પર્શ આંગળી વડે કરાય છે તેવી રીતે સ્પર્શ કરવામાં આવે છે. કવિએ અહીં ઉપમા આપી છે કે દુખતા ફોડલાને જેવી રીતે સ્પર્શ કરાય તેવી રીતે સ્પર્શ કરવામાં આવે છે. બીજા કેટલાક કવિઓએ ઉદાહરણ આપ્યું છે કે જેમ ચાંલ્લો કરવા માટે કંકુવાળી આંગળીનું ટેરવું કપાળમાં અડાડાય છે તેવી રીતે નળે દવદંતીનો સ્પર્શ કર્યો હતો.

## ઢાલ ૧૫
### ( કડી ૩૧૭ થી ૩૪૬ )

નળે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. એથી દવદંતીને ખૂબ આનંદ થયો. ભીમ રાજાએ સભામાં પોતાના સિંહાસન ઉપર નળને બેસાડ્યો. નળના પ્રગટ થવાથી દધિપર્ણ રાજા ભોંઠા પડ્યા. એમણે પોતાનાથી થયેલી અવહેલના માટે નળની ક્ષમા માગી. દરમિયાન દવદંતીના કહેવાથી તાપસપુરના ધણીને અને ઋતુપર્ણ રાજાને તેડાવવામાં આવ્યા. વળી કેસરદેવે આવીને સાત કરોડ સુવર્ણની વૃષ્ટિ કરી. ભીમ રાજાએ ઋતુપર્ણ વગેરે બીજા રાજાઓ સાથે મળીને નળનો રાજ્યાભિષેક કર્યો. નળે કોશલા આવી કૂબર પાસેથી પોતાનું રાજ્ય પાછું મેળવી

લીધું. પછી એણે કૂબરને યુવરાજપદે સ્થાપ્યો. નળે ઘણાં બધાં વર્ષ રાજ્યસુખ ભોગવ્યું. ત્યાર પછી એક દિવસ નિષધદેવે આવીને નળને સંયમ લેવા જણાવ્યું. નળે દીક્ષા લીધી. તે તપજપ કરવા લાગ્યો. પરંતુ એક દિવસ તે વ્રતમાં શિથિલ થવા લાગ્યો. નિષધદેવે દેવલોકમાંથી ફરીથી આવીને નળને વ્રતમાં સ્થિર કર્યો. ત્યાર પછી નળે અનશન કરી દેહ છોડ્યો અને દેવલોકમાં તે કુબેર નામનો દેવ થયો.

હિવ–હવે; સરૂપ–સ્વરૂપ; હરષ–હર્ષ; વિસેષિ–વિશેષ; થુણઇ–સ્તુતિ કરે; અંગીકરઉ–અંગીકાર કરો; ઇન્દ્ર સવર્ણ–ઇન્દ્રના વર્ણ જેવા તેજસ્વી; ખમિજ્યો–ક્ષમા કરજો; સોદર–સહોદર; પરઇ–જેમ; સીમ–મર્યાદા; સુમરિ–યાદ કરો; સુધરમઇ–સૌધર્મ દેવલોકમાં; મૂંગા–મગ; જાણિ–જાણે; ઘૃત–ઘી; છાયઉ–છાંયડો; આસ–આશા; નિરાસ–નિરાશ; યોવરાજ્યપર–યુવરાજનું પદ; નરરત્નાંરી– નરરત્નોની; અપગારી–અપકારી; ખેલણ–જુગાર; કુડાર–કુહાડી; સમહોચ્છવ–સમહોત્સવ; વાસઇ–સુવાસિત કરે; વિવિહ–વિવિધ; પરભાવના–પ્રભાવના, પ્રભાવની વૃદ્ધિ; પૂરઇ–પૂરે, પૂર્ણ કરે; નૃપસિરી–નૃપશ્રી, રાજ્યશ્રી; લગ્ગ–લાગ્યા; સમગ્ગ–સમગ્ર; સંપયા–સંપદા, સંપત્તિ; રિત–ઋતુ; દંતાવલ–હાથી; વરિસ–વર્ષ; સરીર–શરીર; સાજઉ–સાજું; રાજરિષી–રાજર્ષિ; સિથિલ–શિથિલ; દીષ–દીક્ષા; રિજુભાવ–ઋજુભાવ; વશંવદપણું–વશ થવાપણું; અણસણ–અનશન; પહૂ–પ્રભુ, સ્વામી; દહિ–બાળી; ક્રમદારુ–કર્મરૂપી વન; પામેસ્યઇ–પામશે; પારુ–પાર.

## ઢાલ ૧૬

### ( કડી ૩૪૭ થી ૩૫૩ )

રાસની આ અંતિમ ઢાલમાં કવિ રચનાસાલ અને રચનાસ્થળનો નિર્દેશ કરે છે, પોતાની ગુરુપરંપરા ગણાવે છે અને રાસની ફલશ્રુતિરૂપે શીલનો મહિમા દર્શાવે છે.

ઇણ વિધિ–આ પ્રમાણે; સોલહસઇ પઇસટ્ઠા–૧૬૬૫; વરષિ–વર્ષે; પવરિ–ઉત્તમ; સસધર વારઇ–સોમવારે; મૃગસિર–મૃગશીર્ષ નક્ષત્રે; સિધિ–સિદ્ધિ યોગ; નિરમલ–નિર્મલ; આચારિજ–આચાર્ય; ભૂરિ–પુષ્કળ; સયં–સ્વયં, પોતાના; હથિ–હાથે; ઉવઝાય–ઉપાધ્યાય; સીસઇ–શિષ્યના ( પાઠાંતર : સાસઇ–શાસનના ); મોહતિમિર–મોહરૂપી અંધકાર; ભવિયણ–ભવ્યજન; સાચઉ–સાચો; સીલધરમ–શીલધર્મ; હીરઉ–હીરો; જાચઉ–જાચો, યાચો; સિવયોગ–શિવયોગ, મોક્ષ; પરભવિ–પરભવમાં,

જન્માંતરમાં; પામઉ–પામો; ઇહ ભવિ–આ ભવમાં; સહુઅઇ-સહુ કોઈ; જસ–યશ; ભણિવઉ–ભણવો; સુણિવઉ–સુણવો; થુણતાં–સ્તુતિ કરતાં; થાયઉ–થાઓ.

**સીલ ધરમ… … અરોગ**—'નળદવદંતી-પ્રબંધ'ની રચનાનો કવિનો આશય દવદંતીના શીલનું વર્ણન કરી શીલનો મહિમા દર્શાવવાનો છે. શીલ તો હીરા જેવું મૂલ્યવાન છે. એની આરાધનાથી આ ભવમાં તો જીવ સુખ લહે છે અને યશ પામે છે, પરંતુ ક્રમે ક્રમે જન્માન્તરમાં શિવયોગ પામે છે, મોક્ષ ગતિ પ્રાપ્ત કરે છે, જે અક્ષય, અનંત અને અરોગ છે.

# ડૉ. રમણલાલ ચી. શાહનાં પુસ્તકો

**એકાંકીસંગ્રહ**

શ્યામ રંગ સમીપે

**જીવનચરિત્ર**

ગુલામોનો મુક્તિદાતા * હેમચન્દ્રાચાર્ય

**પ્રવાસ-શોધસફર**

એવરેસ્ટનું આરોહણ * ઉત્તર ધ્રુવની શોધસફર (હવે પછી)

**સાહિત્ય-વિવેચન**

ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન (અન્ય સાથે) * ૧૯૬૨નું ગ્રંથસ્થ વાઙ્મય * નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય * પડિલેહા * આપણાં ફાગુકાવ્યો * સમયસુંદર * નળદમયંતીની કથાનો વિકાસ

**સંશોધન-સંપાદન**

નલદવદંતી રાસ (સમયસુંદરકૃત) * જંબૂસ્વામી રાસ (યશોવિજયકૃત) કુવલયમાળા (ઉદ્દ્યોતનસૂરિકૃત) * મૃગાવતી ચરિત્ર ચોપાઈ (સમયસુંદરકૃત) * નલદવદંતી પ્રબંધ (ગુણવિનયકૃત)

**સંક્ષેપ**

સરસ્વતીચન્દ્ર – ભાગ ૧ (પાઠ્યસંક્ષેપ)

**ધર્મ-તત્ત્વજ્ઞાન**

જૈન ધર્મ (છઠ્ઠી આવૃત્તિ) * જૈન ધર્મ (હિંદી આવૃત્તિ) * જૈન ધર્મ (મરાઠી આવૃત્તિ) * બૌદ્ધ ધર્મ * Sharaman Bhagavan Mahavir and Jainism * Buddhism – An Introduction * નિહ્નવવાદ

**સંપાદનો (અન્ય સાથે)**

મનીષા * શ્રેષ્ઠ નિબંધિકાઓ * શબ્દલોક * ચિંતનયાત્રા * નીરાજના * અક્ષરા * અવગાહન * જીવનદર્પણ વગેરે

**પ્રકીર્ણ**

એન. સી. સી.